કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૦ (સંયુક્ત અંક) | ₹ ૫૦

# વિશ્વકર્મા વિશ્વ



## દીપોત્સવી
## વિશેષાંક-૨૦૨૦

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

# સ્મરણાંજલિ



**સ્વ. શ્રી લાલજીભાઈ નાનજીભાઈ ગજજર ( તલસાણીયા )**
**૧૪/૦૭/૧૯૪૨ – ૨૬/૦૯/૨૦૧૯**

આપની સ્મૃતિ માત્ર જીવન જ્ઞાન પ્રાપ્તિ છે,
કર્મની આપની શીખ સૌ માટે આશીર્વાદ છે.

આપની સિદ્ધિ, શબ્દો અને સાર એક જીવન નિર્દેશ છે,
આપના આશીર્વાદ સૌ માટે પ્રેરણા વિશેષ છે.
અમારા કર્મ સિદ્ધિ અને સ્નેહમાં આપ અમર છો.

**પ્રેમાળ સ્મૃતિમાં**

- વિજય અને અલ્પા તલસાણિયા
- પ્રધ્યુમન અને અપર્ણા તલસાણિયા
- જાગૃતિ અને રાગેશકુમાર વિશરોલીયા
- વિવેક, ધૈર્ય, મિરલ, નમ્રતા
- સ્વ. શ્રી રામજીભાઈ નાનજીભાઈ તલસાણીયા પરિવાર
- સ્વ. શ્રી હરજીવનભાઈ નાનજીભાઈ તલસાણીયા પરિવાર

EQUITY HYUNDAI MAKE IT HAPPEN   V'Jay   ELITE AUTOLINK


**• જે હસમુખરાય એન્ડ કાં • પંચશીલ એન્ટરપ્રાઈઝ**
**• ઈકિવટી મોટર્સ • ઈકિવટી મોટર્સ(રાજકોટ) પ્રા.લિ.**
**• ઈકિવટી એલ.એન.ટી. ઓટોહબ પ્રા.લિ.–મોરબી • ઈલાઈટ ઓટોલિંક**
**તથા તલસાણીયા પરિવાર**

**જય શ્રી કૃષ્ણ** **જય શ્રી કૃષ્ણ**

# મનુષ્ય ગૌરવદિન

## ૧૯ ઓક્ટોબર






આદ્યાત્મિક ગુરૂ, તત્વચિંતક, સમાજ સુધારક અને
સ્વાધ્યાય પરિવારના સંસ્થાપક

## પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી (દાદા)જી

ની જન્મજયંતી પર તેમને સાદર નમન.


॥ जलेषु जीवनम् ॥

KING®

PIPES & FITTINGS

www.yamunagears.com



HÖFLER HELIX

MAXIMUM FLEXIBILITY
WITH GEAR GRINDING

YAMUNA®

YAMUNA GEARS PVT. LTD.
Plot No. : 138/141, Survey No. : 43/1, B/h. Jackgon Co.,
150 Feet Ring Road, Vavdi, Rajkot - 360 004. INDIA.
**Phone :** +91 281 231 1599 **Email :** yamunagears@yahoo.com
**Cell :** +91 99798 49922 **Web :** www.yamunagears.com


THE BEST
SHOWROOM
એટલે જ્યાં મળે રેન્જ પુરી
Vijay
electronics
mega store
આ દિપાવલી પર આપને
મળે ખુશીઓનો ખજાનો
દિપાવલી અને નવવર્ષની
હાર્દિક શુભકામનાઓ
LG NanoCell AI ThinQ
LG OLED AI ThinQ
LG | SAMSUNG | Panasonic ideas for life | VU | aiwa | IFB | DAIKIN | MITSUBISHI ELECTRIC
મલ્ટી બ્રાન્ડ શો-રૂમ
વિજય
ઈલેક્ટ્રોનિક્સ મેગા સ્ટોર
ઈમ્પિરીયલ હાઈટ્સ,
૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ
સર્વેશ્વર ચોક,
ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ

सत्यमेव जयते

# વિજય રૂપાણી

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



Apro/kp/2020/10/26/rgk

તા. ૨૬-૧૦-૨૦૨૦

## સંદેશ

આજનો યુગ માહિતીનો યુગ છે. સમાચારપત્રો, સામયિકો તેમજ અનેક પ્રકારના માધ્યમો થકી માહિતીની આપ-લે સંભવ બની છે. નીત - નવા વિષયો અને માહિતીથી ભરપૂર પ્રસાર માધ્યમો લોકમાનસની જિજ્ઞાસાને સંતોષ આપનારાં બની રહે છે. સંચાર માધ્યમો જનતા અને સરકાર વચ્ચે અગત્યની કડીરૂપ ભૂમિકા ભજવે છે.

વિશ્વકર્મા વિશ્વ મેગેઝીન દ્વારા દીપોત્સવી વિશેષાંકનું પ્રકાશન આવકારદાયી છે. પ્રગટ થનારો અંક સર્વે વાચક વર્ગ માટે માહિતીપ્રદ બની સફળતા પ્રાપ્ત કરે એવી હાર્દિક શુભેચ્છા સહ સામયિક સાથે સંકળાયેલા તમામ સદસ્યોને દીપાવલી અને નૂતન વર્ષના અભિનંદન પાઠવું છું.

આપનો,

(વિજય રૂપાણી)

To,
**Shree Praveenbhai D. Gajjar,** *Editor,*
Vishwakarma Vishwa Magazine,
Ramy Publication, 20 – Hira Panna,
Yagnik Road, Rajkot – 360001.
Email: vishwakarmavishwa@yahoo.com
Mo. 9099949565



Olive®
Believe in the Best
www.oliveworld.co.in

As Desirable
AS YOUR
Imagination!















EVERSHINE APPLIANCES PVT. LTD. (CIN: U27108GJ2004PTC044421)
Plot No. 41, Ichhapore GIDC, Near GAIL, Sachin-Hazira Road, Bhatpore Village, Surat - 394510 (Guj.) INDIA
+91 261 2841532/2840008/2840057/2840058 | info@oliveworld.co.in | www.oliveworld.co.in

ALSO FOLLOW US ON

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269



Volume No.-8, Issue No. 9 & 10
(October-November Dipotsvi Special)
Date : 10-10-2020

Page : 100
Retail Price Rs.50/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે–તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...

# અનોખી દિવાળી... અનોખું નવું વર્ષ

આ વર્ષની દિવાળી અનોખી છે અને અનોખી છે. કોરોના કારણે સર્જાયેલ પરિસ્થિતિએ સૌને બેબાકાળા બનાવી દીધા છે. ફેબ્રુઆરીથી શરૂ થયેલ કોરોનાનો કહેર મંદ પડ્યો છે. પરંતુ કોરોનાના કારણે આજે માણસ ભયભીત બન્યો છે. કોરોનાના આઠ મહિના બાદ પણ હજુ પરિસ્થિતિ થાળે પડી નથી. ઉદ્યોગ-વેપાર-ધંધાની ગાડી પાટે ચડી નથી અને ક્યારે ગાડી સંપૂર્ણ પાટા પર ચડશે તે ચોક્કસ કોઈને ખબર નથી. કોરોનાની પરિસ્થિતિ ધીમે ધીમે થાળે પડતી જાય છે અને ધીમે ધીમે વેપાર, ઉદ્યોગ, ધંધા થાળે પડતા જાય છે. કોરોનાને કારણે આવેલ મંદીની અસર ચારે તરફ ફેલાઈ છે. કોરોના કારણે ઉત્સવોની રોનક પણ છીનવાઈ ગઈ છે. નવરાત્રિ-દશેરાની રોનક પણ ઝાંખી પડી. કોરોના કારણે ભયનું વાતાવરણ અને માર્કેટમાં મંદીને કારણે બજારોમાં પણ આનંદ-ઉત્સાહ વરતાતો નથી. દિવાળીના તહેવારો નજીક હોવા છતાં તેની રોનક બજારમાં દેખાતી નથી.

સામાન્ય રીતે દિવાળીના તહેવારોમાં દેખાતી રોશની-બજારમાં ખરીદીનો તરવરાટ વગેરે આ વર્ષે દેખાતો નથી ત્યારે અત્યારના આવા દિવસો પણ યાદગાર બની જશે.

નવા વર્ષે પ્રેમ અને હૂંફથી જે રીતે લોકો એકબીજાને ભેટતા અને નવા વર્ષની શુભકામના પાઠવતા તેવા દૃશ્યો પણ આ વર્ષે જોવા મળશે નહીં.

આ વર્ષે દિવાળીના દિવાના પ્રકાશમાં કોરોનાના ભયને ઓગાળી નાખીએ જરૂર પણ સાવચેતી રાખીએ પોતાના આત્મદિપને વધુ પ્રજવલિત બનાવી અને કોરોના સાથેના સાવચેતીના પગલાનું પાલન કરીને દીપોત્સવી પર્વ ઉજવીએ નવા વર્ષથી કોરોનાની મહામારીનો ભય દુર થાય અને આપણા માટે સામાન્ય પરિસ્થિતિનું સર્જન થાય તેવી પ્રભુ પ્રાર્થન સાથે આ અનોખી દિવાળી અને અનોખા નવા વર્ષની સૌને હૃદયભીની શુભેચ્છા...

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**


# કાર્ટુન કોર્નર

- ભરતભાઈ વડગામા (જામનગર)












# અનુક્રમણિકા

વિશ્વકર્મા વિશ્વ
દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૦

| | | | |
|---|---|---|---|
| ૧. | અભૂતપૂર્વ નવું વર્ષ | મોહન મોર | ૧૦ |
| ૨. | ચાલો, સ્વંયને પ્રેમ કરવાનો દિવસ ઉજવીએ, દરરોજ | ગીતા માણેક | ૧૨ |
| ૩. | દિવાનાં અજવાળે | પ્રો. વીરેન્દ્ર ભટ્ટ | ૧૪ |
| ૪. | નવા વર્ષના નવ સંકલ્પ | ડી. જે. બાવળેચા | ૨૦ |
| ૫. | પ્રકાશ પર્વ દીપોત્સવ | જગદીશ મિસ્ત્રી ‘ખલિફ’ | ૨૨ |
| ૬. | જેનો પરિચય એની પ્રતીતિ થઇ | નીતિન વડગામા | ૨૪ |
| ૭. | સમુદ્ર, આકાશ અને સરહદની અમારી અનોખી સફર | લલિત ખંભાયતા | ૨૬ |
| ૮. | સ્પંદનો | અનિલ અંબાસણા | ૩૩ |
| ૯. | નવા વર્ષના આપણા આર્થિક પડકારો | ડો. તુષાર હાથી | ૩૫ |
| ૧૦. | હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મ્યુઝિકલ ચેર ગેમ! | આશુ પટેલ | ૩૮ |
| ૧૧. | ધરમશી કાંગશિયો | જોરાવરસિંહ જાદવ | ૪૪ |
| ૧૨. | આઇ એમ ઓનલાઇન..., એમ આઇ ફાઇન...!! | ડો. વિષ્ણુ પ્રજાપતિ | ૪૬ |
| ૧૩. | પંચરંગી ક્રાંતિદ્રષ્ટા વિશ્વમૂર્તિને વંદન વારંવાર | સંકલન : કિર્તીબેન ચાંદ્રાણી | ૫૨ |
| ૧૪. | સ્વાધ્યાય દ્વારા પંચરંગી ક્રાંતિનું સર્જન કરનાર યુગપુરૂષ પાંડુરંગ શાસ્ત્રીજી | સંકલન : પ્રવીણ ગજ્જર | ૫૫ |
| ૧૫. | મનુષ્ય ગૌરવ | મોહન મોર | ૫૯ |
| ૧૬. | ડોકટરોનું સામાજીક દાયિત્વ | ડો.જયંતિ ભાડેશીયા | ૬૩ |
| ૧૭. | માનવ હોવું એટલે | નટવર આહલપરા | ૬૫ |
| ૧૮. | બાકસના કલેકશનનો અનોખો શોખ ધરાવતા રાજકોટના જયેન્દ્રભાઇ વાલંભિયા | જયંતીભાઇ નગેવાડિયા | ૬૮ |
| ૧૯. | નવી શિક્ષણનીતિ–૨૦૨૦ શા માટે ? | ડો. પૂર્ણિમા ભાડેશિયા | ૭૦ |
| ૨૦. | કાવ્યો (મનિષા સાંકડેચા, હેતલ ગજ્જર, હીના સિનરોજા, અંકિત બોરાણીયા, જયોતિ ગજ્જર, શીતલ ભાડેશિયા) | | ૭૬ |
| ૨૦. | રામચંદ્ર કહ ગયે સીયાસે | પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી | ૭૮ |
| ૨૧. | પ્લેટફોર્મ નંબર–૯ | મીરા ખારેચા(મોરબી) | ૮૧ |
| ૨૩. | જવાબદારી | જ્યોતિ ગજ્જર, વડોદરા | ૮૭ |
| ૨૪. | સવારની ભૂલેલી | ભાવિન કથેચા | ૮૯ |
| ૨૫. | જલેબી ને બદલે પેંડા | હસમુખ બોરાણીયા | ૯૧ |
| ૨૬. | વાહ...મોજ વાહ | અનિલભાઈ ખારેચા | ૯૨ |
| ૨૮. | દિવાળી સ્પેશ્યલ વાનગીઓ | શુભદા ભટ્ટી | ૯૪ |

ટાઇટલ ફોટો : **અમોલ પરમાર (ભાવનગર)** | માર્કેટીંગ : **રમેશભાઇ વાઘસણા** | ટાઇપ સેટીંગ : **મિહિર સોલંકી**

# અભૂતપૂર્વ નવું વર્ષ

● મોહન મોર



દીવાળી એટલે જાણે કે બધું નવું. નવું વર્ષ એટલે નવી તાજગી, નવો રોમાંચ, નવો વર્તાવ અને નવો અભિગમ આમેય જુની વાતો, વ્યવહારો અને વર્તનોથી તંગ થયેલો મનુષ્ય માટે આ તહેવાર એક વિશ્રામ સ્થાન બની જાય છે.

થાય એટલો પ્રયત્ન કર્યા પછી, **यत्नेकृते यदि न सिध्यति कोडत्र दोषः ।** પૂર્ણ પ્રયત્ન કર્યા પછી પણ જે ન થઈ શકે, તો એનો રંજ રાખ્યા વગર વિશ્રામ કરીને આગળ વધવું તેનું નામ દીવાળી.

શકિતની ઉપાસના કર્યા પછી

**या देवी सर्वभूतेषु शक्तिरुपेण संस्थिता ।**
**नमः तस्यै नमः तस्यै नमः तस्यैः नमो नमः ॥**

દૈવી શકિતનો વિજય થાય તેના માટે વિજયોત્સવ એટલે દીવાળી અને નવું વર્ષ. Well begin is half done, એ ઉકિત પ્રમાણે નવા વર્ષનો શુભારંભ જેટલો ભવ્ય તેટલો બાકીનો ભવ્ય રહે.

આમ તો – **दिने दिने नवं नवं** રોજ રોજ કંઈક નવું જ હોય તો આનંદ આવે. રસોઈમાં પણ કંઈક બદલાવ હોય તો આનંદ, વાત પણ કંઈ નવી હોય તો આનંદ. બધું જ નવું નવું ઝંખતા માનવ ને ભગવાને આ વખતે દીવાળી પણ નવી કોરોનાથી કંડારેલી આપી. દર વખતે હાથ મિલાવવાના, આ વખતે નહીં, દર ખવખતે ભેટી પડવાનું આ વખતે નહીં, દર વખતે સમૂહમાં સેલિબ્રેશન, આ વખતે નહીં એટલે આવ્યું તો બધું નવું નવું !

**દીવાળી એટલે જાણે કે બધું નવું. નવું વર્ષ એટલે નવી તાજગી, નવો રોમાંચ, નવો વર્તાવ અને નવો અભિગમ આમેય જુની વાતો, વ્યવહારો અને વર્તનોથી તંગ થયેલો મનુષ્ય માટે આ તહેવાર એક વિશ્વાસ સ્થાન બની જાય છે.**



શિક્ષણ ઓનલાઇન – નવું. ધાર્મિક ઉત્સવો, કથા વાર્તા બધું ઘરે બેઠાં, એ પણ નવું. આપણે જે દર વખતે નવું નવું વિચારીએ તે પણ કુદરતને માન્ય એના કરતા કંઇક નવું વિચારવા મજબુર કર્યા છે.



A Man proposes and God despases માણસ ધારે કંઇ ને થાય છે કંઇક નવું, આ વખતે જાણે નવી દુનિયાનો સંચાર થતો હોય એવું લાગે છે.

ભગવાન પણ આપણા જુનવાણી વિચારોથી થાકી ગયો હશે. નિરાશા ભરેલી નબળી વાણી અને વૃદ્ધોની નિરાશામાંથી ટપકતું નૈરાશ્ય જોઇને ભગવાનને પણ કંઇક નવો સંચાર કરવાનું મન થયું હશે. હજુ એની એ જ ધારણાઓ, અંધશ્રદ્ધાઓ, કાર્યશૈલીઓ અને ઇશ્વરના સાચા સ્વરૂપનાં બદલે આભાસી સ્વરૂપ પ્રગટાવી લોકપ્રવાહને દિશાવિહીન બનાવનારાથી પ્રભુ થાકી ગયો હશે.

જે દેશમાં સીતા–ગીતા નારીનું પુજન થાય છે તેજ દેશમાં આજ નારી સુરક્ષિત નથી એટલું જ નહીં નાનકડી ગભરૂ બાળાઓ પણ સુરક્ષિત નથી. આપણા કૃષ્ણ અને રાધાના પ્રેમને વગોવ્યો છે. લાંછન લગાડ્યું છે. આટલા વર્ષો પછી પણ ભકિતનો કૃષ્ણભકિતો તાત્વિક અને સાત્વિક અર્થ આપણે સમજી શક્યા નથી. કથાકારોએ ગીતસંગીતથી કેવળ ઇમોશ્નલ વાતો કરીને સીતાને દુઃખ પડ્યું તેનાથી લોકોને રડાવીને ભાવાત્મક શોષણ કર્યું છે. સીતાને જંગલમાં રામ સાથે રહેવા મળ્યું એ જેટલું તેનો સૌભાગ્યની અને સદ્ભાગ્યની પરમ ઘડીઓ હતી. ભલે રામે સીતાને તરછોડી પરંતુ– વાલ્મીકી ઋષિ અને આશ્રમ–તપોવનનું સાંનિધ્ય મળ્યું અને લવકુશનો જે રીતે ઉછેર થયો ને દુર્લભ છે. પરંતુ આપણે આપણા ધર્મને તત્વજ્ઞાનને ચાર દિવાલમાં બાંધી દીધો છે. જરૂર આપણા વિજયાદશમી – એ રાવણ પર રામનો વિજય, આસુરી વૃત્તિ પર દૈવી વૃત્તિનો વિજય ગણીએ છીએ અને એનાજ સન્માનમાં દીવાળી અને નવું વર્ષ ઉજવીએ છીએ. રાવણના પૂતળા બાળીએ છીએ. પણ આપણા હૃદયમાં રાવણીય વિકારોનાં પૂતળા બાળતા નથી, રાવણ કરતાં વધારે પાતકી આપણે છીએ કારણ કે રાવણ જેવો હતો તેવું કહેતો હતો. પરંતુ આપણે ધર્મનો અંચળો ઓઢીને, ધાર્મિકતાનો દંભ કરીને, માથા પર લાંબુ ટપકુ તાણીને ધર્મની જાહેરાત કરવા નીકળેલા ક્યારેય સંસ્કૃતિનું કે આ દેશનું ભલું નહીં કરી શકીએ.

આ ઉપરની બધી જ વાતો જ્યાં સુધી આપણે સળગાવીને રાખ ન કરી દઇએ ત્યાં સુધી આપણું નવું વર્ષ શરૂ થતું જ નથી. જુનુ ને જુનુ ચાલ્યા કરે છે. તેથી જો વર્ષ ખરા અર્થમાં ઉજવવું હોય તો –

Let the noble thoughts come to us from all the sides. **आनो भद्रा क्रतवो जन्तु सर्वतः** આ ઉપનિષદ્‌ની ગર્જનાને ઉપાડવી પડે.

અમે જે પણ કંઇ સારી, સત્ય સનાતન અને જીવંત વાત કે વિચાર છે એને દુનિયાની સમગ્ર દિશામાંથી અમે સ્વીકારવા તૈયાર છીએ.

**तमसो मा ज्योतिगमय** અમને અંધારામાંથી તેજમાં પ્રકાશમાં લઇ જાઓ તે ખરી દિવાળી છે.

**असतो मा सत्गमय** અસત્યમાંથી સત્ય તરફ લઇ જાય તે ખરી દિવાળી છે.

**मृत्यो र्मां अमृतं गमय** મૃત્યુમાંથી અમૃત તરફ લઇ જાઓ તે ખરી દિવાળી છે.

દીવાળી, નવું વર્ષ, ધનતેરસ, દેવ દિવાળી બધા જ ઉત્સવો આપણા જીવનમાં લાભદાયી શુભદાયી બને એવી પ્રભુને પ્રાર્થના અને નવા વર્ષના સાલ મુબારક.


# વિશ્વકર્મા વિશ્વ
## લવાજમ ભરવા માટે...

### મોરબી
**રાજુભાઇ કથેચા :** C/o. રાજુ વીડિયો, રુદ્ર પ્લાઝા કોમ્પ્લેક્ષ, શોપ નં. ૧૭, પહેલા માળે, શનાળા રોડ, મોરબી. મો. ૯૮૭૯૦૧૫૬૬૮

### અમદાવાદ
**જયમીન ગજ્જર(બ્યુરો ચીફ)** - મો. ૯૬૬૨૦ ૮૯૪૫૧

### રાજકોટ
**રમેશભાઇ વાઘસણા** - મો. ૯૮૨૪૮ ૭૪૫૩૨

### મુંબઇ
**પ્રવીણ બોરાણીયા** - મો. ૯૮૨૦૯ ૫૩૦૧૦

### જામનગર
**હીનાબેન અઘેડા** - મો. ૭૪૦૫૬૫૧૭૦૮

### બરોડા
**બિપીનભાઇ ધ્રાંગધરિયા** - મો. ૯૮૯૮૪ ૫૯૪૯૨
**ચેતનભાઇ સુથાર** - મો. ૯૫૭૪૩ ૮૪૫૯૩

### કચ્છ-ભુજ
**ઉમેશભાઇ ગજ્જર(બ્યુરો ચીફ)** - મો. ૯૧૦૪૬ ૩૩૯૮૭

**ઓનલાઇન લવાજમ ભરવા માટે...**
**Visit : www.vishwakarmavishwa.com**

# ચાલો, સ્વંયને પ્રેમ કરવાનો દિવસ ઉજવીએ, દરરોજ



• ગીતા માણેક



**આપણે બીજાઓ પ્રત્યે તો પ્રેમ વ્યક્ત કરીએ છીએ પણ શું ક્યારેય આપણે આપણી જાતને પ્રેમ કરીએ છીએ?**



દિવાળીમાં આપણે એકબીજાને શુભેચ્છાઓ આપીએ છીએ. તહેવારોમાં એકબીજા પ્રત્યેની લાગણીઓ વ્યક્ત કરીએ છીએ. આજકાલ તો જાતભાતના દિવસો ઉજવવામાં આવી રહ્યા છે જેમ કે મધર્સ ડે, ફાધર્સ ડે, બ્રધર્સ ડે, સિસ્ટર્સ ડે, ચિલડ્રન્સ ડે, ફ્રેન્ડઝ ડે વગેરે વગેરે. આ મોટાભાગના દિવસો ઉજવવા પાછળ એ બહાને લોકોને કાર્ડ, ગિફ્ટસ વગેરે ખરીદતાં કરવા એવું કેટલીક કંપનીઓનું કાવતરૂં છે એવું આપણને કહેવામાં આવે છે. સતત દુઃખી થવાના કારણો શોધતા, ફરિયાદ કરતા રહેતા અને બધી બાબતમાં કંઈકને કંઈક ખોડ શોધી કાઢતા લોકો બબડાટ કરતા રહે છે કે આ બધું વાહિયાત છે તો બીજી બાજુ દરેક ઉત્સવને માણવા માગતો વર્ગ છે એ કહે છે કે એમાં ખોટું શું છે કે આવા જાતભાતના ડેઝના નામે લોકો ખુશ થાય, ઉજવણીઓ કરે એમાં કોઈના બાપનું શું જાય છે? વેલ, તુલસીદાસ કહી જ ગયા છે કે 'તુલસી ઈસ સંસાર મેં ભાતભાત કે લોગ' એટલે દરેકને પોતાનો મત મુબારક, પણ અહીં અમને આ વિવાદમાં પડવામાં કોઈ રસ નથી.

જો કે આજે તો વાત કરવી છે દરરોજ એક નવો જ ડે, નવો જ ઉત્સવ ઉજવવાની. આ બધા ડેની ઉજવણીમાં મહિમા તો પ્રેમનો જ છે. વેલેન્ટાઈન્સ ડેના દિવસે આપણે જેમને પ્રેમ કરતા હોઈએ પછી એ બોયફ્રેંડ કે ગર્લફ્રેંડ એટલે કે વિજાતીય પ્રેમી હોય એવું જરૂરી નથી, પરંતુ આપણા જીવનના પ્રિય પાત્ર તરફ આપણા પ્રેમની અભિવ્યક્તિ કરીએ કે પછી મધર્સ ડેના નામે કે વુમન્સ ડેના આપણા જીવનમાં સ્થાન ધરાવતી સ્ત્રીઓ પ્રત્યે આપણી લાગણીની અભિવ્યક્તિ કરતા હોઈએ છીએ. આપણે બીજાઓ પ્રત્યે તો પ્રેમ વ્યક્ત કરીએ છીએ પણ શું ક્યારેય આપણે આપણી જાતને પ્રેમ કરીએ છીએ?

મારા પરિચયમાં એક એવી સ્ત્રી છે જે વરસો સુધી ફક્ત સવારે એક વાર માથું ઓળાવતી વખતે જ અરીસામાં જોતી હતી. કારણ? કારણ કે તેને પોતાના ચહેરામાં અને શરીરના બાહ્ય

દેખાવમાં ખામીઓ જ દેખાતી હતી. તેને પોતાનો જ ચહેરો અરીસામાં જોવો નહોતો ગમતો કારણ કે તે માનતી હતી અથવા તો નાનપણથી તેને ઠસાવી દેવામાં આવ્યું હતું કે તે સુંદર નથી. જ્યારે હકીકતમાં કે મિસ વર્લ્ડ કે મિસ યુનિવર્સ જેવી નહીં પણ દેખાવમાં સરસ છે.

આપણને નાનપણથી શીખવવામાં આવે છે કે તમારી માને, પિતાને, સંબંધીઓને, મિત્રોને, પાડોસીઓને અને આખા વિશ્વને પ્રેમ કરો. વિશ્વબંધુત્વની મોટી–મોટી વાતો શીખવવામાં આવે છે પણ કોઈ ક્યારેય શીખવતું નથી કે સૌથી પહેલાં તો તમે તમારી જાતને પ્રેમ કરો. જો તમે તમારી જાતને પ્રેમ નહીં કરતા હો તો તમે ક્યારેય કોઈને પ્રેમ નહીં કરી શકો.

સામાન્યપણે આવું કહીએ તો તરત જ સામેથી ઉત્તર આવે કે આ શું વાહિયાત વાત કરો છો? દરેક માણસ પોતાને તો પ્રેમ કરતો જ હોયને! એ વ્યક્તિને જો આપણે પૂછીએ કે ભાઈ અથવા ફોર ધેટ મેટર બહેન, તમને હાઈ–બ્લડપ્રેશર, શુગર કે એવી કોઈ બીમારી છે? જો આ પ્રશ્નનો જવાબ હા હોય તો એનો સીધો અર્થ એ છે કે તમે તમારી જાતને પ્રેમ નથી કરતા. જો આપણે આપણી જાતને પ્રેમ કરતા હોઈએ તો આપણે આપણા શરીર પ્રત્યે આટલા બેદરકાર કઈ રીતે હોત? શરીરની મોટાભાગની બીમારીઓનું કારણ આપણું મન છે. આ બીમારીઓ એ વાતની સાબિતી છે કે આપણે ન તો આપણા મનને પ્રેમ કરીએ છીએ, ન આપણા શરીરને. આપણી જાતને પ્રેમ કરવાનો સૌથી મોટો લાભ એ છે કે એમાં પ્રેમભંગ થવાની કોઈ સંભાવના રહેતી નથી.

**જ્યારે આપણે આપણી જાતને પ્રેમ કરવા માંડીએ છીએ ત્યારે આપણે બીજાઓ પ્રત્યે પણ વધુ સહિષ્ણુ થઈ જઈએ છીએ.**

સૌથી મહત્ત્વની વાત તો એ છે કે જે વ્યક્તિ પોતાને પ્રેમ નથી કરી શકતી તે ક્યારેય બીજાને પ્રેમ ન કરી શકે. આપણા મનમાં એક વાત કોણ જાણે કેમ પણ ઠસાવી દેવામાં આવી છે કે પ્રેમ કરવા માટે તે વ્યક્તિ સુંદર અથવા બુદ્ધિશાળી કે કોઈક ચોક્કસ ગુણ ધરાવતી હોવી જોઈએ. જો એવું જ હોત તો જેને સૌથી પવિત્ર પ્રેમ ગણવામાં આવે છે એ માનો સંતાન માટેનો પ્રેમ કેવી રીતે સંભવી શકત, કારણ કે બાળકમાં ન તો કોઈ એવા ગુણ હોય છે કે ન તો તે એ પ્રેમના વળતરમાં પ્રેમ સિવાય કશું ય આપી શકવાને કાબેલ હોય છે. ગમે તેટલું ગંદુ, ગોબરૂં, કાળું કે કદરૂપું બાળક બીજા કોઈનું હોય કે ન હોય પણ તેની માના પ્રેમનું પાત્ર તો હોય જ છે.

જ્યારે આપણે આપણી જાતને પ્રેમ કરવા માંડીએ છીએ ત્યારે આપણે બીજાઓ પ્રત્યે પણ વધુ સહિષ્ણુ થઈ જઈએ છીએ. જેમ આપણા તમામ ગુણદોષ સહિત આપણે પોતાને ચાહવા માંડીએ છીએ એમ–એમ આપણી આસપાસના લોકોના દોષ પ્રત્યે પણ આપણી સહિષ્ણુતા વધતી જાય છે.

આપણા સમાજમાં આપણને સતત બીજાઓનું ધ્યાન રાખવાનું, બીજાઓની કાળજી લેવાનું શીખવવામાં આવે છે, પણ હકીકત તો એ છે કે જો આપણે પોતે જ અસંતુષ્ટ હોઈશું, ઉદાસ અને દુઃખી હોઈશું તો બીજાને પણ એ જ આપીશુંને! જે આપણી પાસે હોય એ જ આપણે બીજાઓ સાથે વહેંચી શકીએને! અલબત્ત, અહીં આપણા પોતાના અહંકારને પંપાળવાની વાત નથી કે ન તો બીજાઓને ઉતારી પાડવાની વાત છે. આપણે જેવા છીએ એવા જ આપણી જાતને જો આપણે ચાહી શકીએ તો જ કદાચ આપણે આપણા આતંરિક વિકાસ તરફ આગળ વધી શકીએ.

ઘણા લોકો સતત પોતાની જાતને જ ઉતારી પાડતા હોય છે. મારી રસોઈ સારી નથી થતી કે પછી મારા ડ્રેસની પસંદગી તમારા જેવી ન હોય એવી પોતે જ મનોમન બીજાઓ સાથે તુલના કરીને હીનતા અનુભવતા લોકો આપણી આસપાસથી મળી આવે છે. જો આપણે જ આપણું પોતાનું સન્માન ન કરતા હોઈએ, આપણે જ આપણને પ્રેમ ન કરતા હોઈએ તો બીજાઓ આપણને પ્રેમ કરે કે આપણો આદર કરે એવી અપેક્ષા કઈ રીતે રાખી શકાય?

આપણું આધુનિક જીવન એટલું અટપટું થઈ ગયું છે જ્યાં સતત આપણે કેટલા સફળ, કેટલા પૈસાદાર, કેટલા પ્રતિષ્ઠિત છીએ આપણી કઈ બ્રાન્ડની કાર વાપરીએ છીએ કે ક્યા વિસ્તારમાં ફ્લેટ ધરાવીએ છીએ અથવા સ્માર્ટફોન વાપરીએ છીએ કે પછી ક્યાં હોલીડે મનાવવા જઈએ છીએ એના પરથી સતત આપણને મૂલવવામાં આવતા હોય છે. બીજાઓ આપણને આ બધા માપદંડથી જજ કરે છે અને ધીમે–ધીમે આપણે પણ આપણી જાતને એ રીતે જ જોવા માંડીએ છીએ અને આપણને સતત થાય છે કે મારી પાસે આ નથી કે હું અમુક પદ પર નથી એટલે હું નકામો કે નકામી છું. અમુક ચોક્કસ લક્ષ્ય જે આપણે આપણા માટે નક્કી કરી નાખ્યા હોય છે એ આપણે પ્રાપ્ત ન કરી શકીએ તો આપણે આપણો પોતાનો જ તિરસ્કાર અને ઘૃણા કરવા માંડીએ છીએ.

આ ગાંડી દોટમાં આપણે બીજા કોઈની નહીં પણ ખુદ પોતાની જ અવગણના કરીએ છીએ. સવારથી રાત સુધી આપણે દોડતા રહીએ છીએ અને ઘડીકવાર પણ આપણને આપણી જાત સાથે બેસવાની, સમય વિતાવવાની ફુરસદ હોતી નથી. પોતાની જાતને પ્રેમ ત્યારે જ થઈ શકશે જ્યારે આપણો પોતાની સાથે જ પરિચય થશે. આ પરિચય કેળવવા માટે આપણે આપણી જાત સાથે જ થોડો સમય વિતાવવો પડશે. એક વાર આ આવડી જશે તો આપણને સમજાશે કે આપણી પોતાના જેવો આપણો બીજો કોઈ દોસ્ત છે જ નહીં.

પોતાને પ્રેમ કરવા માટે કોઈ અલગ દિવસ ઉજવવાની જરૂર નથી, એ દિવસ તો રોજ જ હોવો જોઈએ. એકવાર જાતને પ્રેમ કરતા આવડી જાય તો જગત સાથે પ્રેમ તો સહજ જ થઈ જવાનો.

# દિવાનાં અજવાળે

● પ્રો. વીરેન્દ્ર ભટ્ટ, કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ



‘બહારના જગતને જોવા, જાણવા અને માણવા સુર્યપ્રકાશ છે, તેની ગેરહાજરીમાં દીવો તેનું કામ સંભાળે છે.દીવા પાસે ભલે સૂર્ય જેટલી અને જેવી અમાપતા, અગાધતા કે અનંતતા નથી પણ આપણો વ્યવહાર ચાલે તેટલો પ્રકાશ આપવાની ક્ષમતા છે. આપણા માટે તેટલુ જ જરૂરી છે.



દર સેકંડે ૬૦ કરોડ ટન બળતણ વાપરનાર સૂર્ય સમગ્ર સૌરમંડળનું કેન્દ્ર છે. તેનીફરતે કલાકની ૧ લાખ કી.મી.ની ઝડપે પ્રદક્ષિણા કરતી પૃથ્વી સૂર્યથી ૧૫ કરોડ કી.મી. દુર છે. સૂર્યનો પ્રકાશ અને ઉષ્ણતા પૃથ્વીના વાતાવરણને ભેદી પૃથ્વીની સપાટી પર પહોંચે છે. ૧૩મી સદીમાં રોજર બેકને મેઘધનુષની રંગને સૂર્ય પ્રકાશની કમાલ તરીકે નિરૂપ્યા. ન્યુટને સૌપ્રથમ સ્પેક્ટ્રમ શબ્દ આપી પ્રીઝમના પ્રયોગથી સૂર્ય પ્રકાશના સાત રંગોનો જાદુ સમજાવવા પ્રયત્ન કર્યો.

ભૌતિકવિજ્ઞાનથી પણ શુક્ષ્મ્તર રીતે જગત/બ્રહ્માંડને ‘જોનાર’’ ‘અનુભવનાર’ – ભારતીય ઋષીઓ આધુનિક વિજ્ઞાન કરતા ખુબગહનતાથી સૂર્યને સંવેદે છે. આ અલૌકિકતાને વેદમંત્રોમાં વ્યક્ત કરવામાંઆવ્યા છે.

સ્થૂલ દ્રષ્ટીએ સૂર્ય પ્રકાશની ૩૮૦– ૭૪૦ નેનોમીટરની તરંગલંબાઈ ધરાવતા થોડા ભાગને જ માનવ આંખ અનુભવી શકે છે. દિવસે દેખાતું જગત આ નાનકડા સ્પેક્ટ્રમથી જ આપણે જોઈ શકીએ છીએ. રાત્રે સૂર્યપ્રકાશની ગેરહાજરીમાં આંખની જોવાની ક્રિયા માટે પ્રકાશ આપવાનું કાર્ય દીવો કરે છે.

રાત્રે કોઈ અંધારિયા રૂમમાં જઈએ તો ક્યાંક અથડાઈ જઈએ, કોઈક વસ્તુ પડેતો તૂટી–ભાંગી જાય, જે વસ્તુ જોઈતી હોય તે ન મળે, પરંતુ જેવો પ્રકાશ પડે તો બધું દેખાય. તે પ્રકાશ જુના કાળમાં દીવો પ્રગટાવી કરવામાં આવતો, આજે ઈલેક્ટ્રિક શક્તિથી તે મળે છે. સવાલ તે ક્યાં સ્ત્રોતમાંથી મળે છે તે નથી પરંતુ પ્રકાશ મળે તે જરૂરી છે. દિવાળીના પર્વ




**Dharmendra Khambhayata**
**M : +91 97253 83842**

**Jay Khambhayata**
**M : +91 9898383842**

# Vijay Engineering

# Kishore Engineering Works

**Manufacture Of all Alluminium And Brass Gravity & Pressure Die Casting Founders Die Maker And Engineers**

Plot No. 3703 / G - G.I.D.C., Ph-IV, B/h. New Nirma Chemicals,
Beside Sabar Pumps, Vatva, Ahmedabad - 382 445. Phone : 079 - 40083842
E-mail : jay@vijaydiecast.com | Website : www.vijaydiecast.com

# VISHVAKARMA MOULD WORKS

Manufacturer & Exporter of Blow & Injection Moulds






## MOULD YOUR WORLD WITH US!

Vishwakarma Mold Works is India's leading plastic mold manufacturing firm. At Vishvakarma Mould Works We manufacture single cavity, multi cavity, auto de-flashing blow molds ranging from 50ml to 1000 liters. And Two-Plate, Three-Plate, unscrewing, Cold-Runner, Hot-Runner Injection Molds for many industries, including automotive lubes, pharmaceuticals, household, FMCG, chemical, cosmetics, nutrition , water storage.

For the last 3 decades,
Vishwakarma Mold Works has maintained the trust of many government companies in India due to the perception of on-time delivery, quality standards, various mold making techniques.

## PRODUCT RANGE

### BLOW MOULDS

- SINGLE CAVITY
- SINGLE CAVITY AUTO DE-FLASHING
- MULTI CAVITY
- MULTI CAVITY AUTO DE-FLASHAING

### INJECTION MOULDS

- SIDE RUNNER
- SUBMARINE RUNNER
- PIN-POINT RUNNER
- TWO-PLATE RUNNER
- THREE-PLATE RUNNER
- COLD RUNNER
- HOT RUNNER

INDUSTRIES WE SERVE

Automotive Lube
Pharmaceutical
Water Storage
Household
Agriculture
Cosmetics
Nutrition
Chemical
FMCG

30+
YEARS OF
EXPERIANCE

OUR SERVICES

Mould Manufacturing
Product Designing
Blow & Injection Moulding

TALK TO US

+91 22 40123392
+91 98202 83392

info@vishvakarmamouldworks.com | www.vishvakarmamouldworks.com




**Sanchaniya Metal Industries**

MFG. : All type of Shop & Mall Display Fixtures & Sheet Metal Laser Job Cutting

Plot no. 197, Radha Madhav ECO industrial park, village Degam, dharmpur Road, Vapi-396195, Gujarat.
M.9426110213 | LL 0260 2434258 | E Mail : sanchaniyametal@yahoo.com | www.sanchaniyametal.com

**Amitraj Display System**


MFG. : All type of Shop & Mall Display Fixture

Plot no 196, Radha Madhav ECO industrial park, village Degam, dharmpur Road, Vapi-396195
Gujarat. M.9377002031
E Mail : amitrajdisplaysystem@gmail.com

**V K Metal Wood Craft**

MFG. : All type of Shop & Mall Display Fixture & Metal Wood Work

Plot No. 2505,3RD Phase, Near Bank Of Baroda , Ukani Chemical Compound, GIDC Vapi 396195.
M.9727642172 | E Mail : vkmetalwood@gmail.com
www.vkmetalwoodcraft.com


Packing Solution
Heat Treated plant With ISPM-15 Certificate
HITENBHAI BHADESHIA
97129 23890
MUKESHBHAI BHADESHIA
98250 23890
PS
Packing Solution
All Kind of Plywood & Wooden Merchant & Mfg. of Plywood & Wooden Box & Pellets
Bhagwati Bright Bars Compound,
Surv. No. 237/238 Paikey Plot No. 1/6, Shitala Mata Mandir
Kishan Gate Main Road, At. Po. Shapar (Veraval)
Tal. Kotda Sangani. Dist. Ralkot
E-mail : admin@packingsol.com
website : http://www.packingsol.com

નિમિતે દીવા પ્રજ્વલિત કરવા પાછળ ભૌતિક અને સુક્ષ્મ એમ બે અર્થો છુપાયેલા છે

તું તારા દિલનો દીવો થાને રે..........

કહેનાર કવિને અંતરમાંવ્યાપેલાઅંધકારનેલીધે જોઈતી જરૂરી ચીજ–વસ્તુ મળતી નથી તે મેળવવા માટે દીવો પ્રગટાવી મેળવવાની ઝશિભસ સૂચવે છે.

'બહારના જગતને જોવા, જાણવા અને માણવા સુર્યપ્રકાશ છે, તેની ગેરહાજરીમાં દીવો તેનું કામ સંભાળે છે.દીવા પાસે ભલે સૂર્ય જેટલી અને જેવી અમાપતા, અગાધતા કે અનંતતા નથી પણ આપણો વ્યવહાર ચાલે તેટલો પ્રકાશ આપવાની ક્ષમતા છે. આપણા માટે તેટલુ જ જરૂરી છે.

રવીન્દ્રનાથ ટાગોરની સુંદર રચના છે ''Who will take up my work?'' સાંજે આથમતા સૂર્યએ પ્રશ્ન કર્યો કે મારી ગેરહાજરીમાં આ જગતના લોકોને પ્રકાશ આપવાનું કામ કોણ કરશે?

મહાન સામ્રાજ્યના અધિપતિઓ, શ્રીમંતો, મહાબલીઓ, પ્રખર વિશ્વદજનો વગેરે મૌન થઇ ગયા. આતે કામ કોણ કરી શકે? ત્યારે સાવ છેવાડે બેઠેલ માટીનું નાનકડું કોડિયું હળવેકથી પણ મક્કમ અવાજે બોલ્યું ''I will, my Loard, as best as I can'' – મારાથી શક્ય હશે એટલો પ્રકાશ આપવાનું કામ હું કરીશ''.

**દીવાના પ્રકાશને ઝળહળતો રાખવા તેમાં દીવેલ ઉમેરતા રહેવું પડે. તેજસ્વિતા, ભાવપૂર્ણતા, અસ્મિતા અને કૃતજ્ઞતા આ દીવેલ ઓછું ન થઇ જાય તેની ખેવના કરવી પડે.**

સવાલ Magnitude નો નથી, Atitudeનો છે. જગતના અંધારા ઉલેચવાની ચિંતા કરનારે પોતાના અંતરના અંધારા દુર કરવાથી શરૂઆત કરવી પડે. આમ જયારે ન થાય ત્યારે જગતમાં અંધાધુંધી ફેલાય.રાજસત્તાકે ધર્મસત્તા અંધારામાં ફાંફા મારે. વ્યક્તિ અને સમાજ ગતિ હોય પણ દિશા ન હોય.

દીવો Collaboration અને Co-oprationનું પ્રતિક છે. એક રૂપક સુંદર છે. રાત્રીના પ્રકાશ આપતા દીપકના કોડીયાએ દાવો કર્યો,કે આ પ્રકાશ મારા લીધે છે. સૂર્યનું નાનું અમથું કામ હું કરું છું. જો હું ન હોઉં તો જગત અંધકારમાં અથડાતું હોત. ત્યારે દિવેટ (વાટ)બોલે છે.જવાદે, તૂ તો બેસી રહે છે.પ્રકાશ આપવાનું કાર્યતો હું કરૂ છું. હું સતત બળ્યા કરું છું. થોડી વારમાં પ્રકાશ બુઝવા લાગ્યો. કોડિયું અને દિવેટ બંને મથામણ કરવા લાગ્યા. આ શું થવા માંડ્યું? દીવેલ ઓછું થવા લાગ્યું એટલે પ્રકાશ ઘટવા લાગ્યો. કોડિયું અને વાટને સત્ય સમજાયું. વાસ્તમાં ન દેખાતું દીવેલ જ બળીને પ્રકાશ આપે છે.

આપણી બીજાને આંજી દે તેવી ઝાકમઝોળ આપણા પ્રયત્નથી હોય તેવું લાગે. તેની પાછળ કોઈ અદ્રશ્ય શક્તિ પ્રેરણા અને બળ આપે છે તે દેખાતું નથી. આ નથી દેખાતું તેને દેખાતું કરવાનું કામ દીવા વડે થાય છે. દીવો આપણને જે આજુબાજુ છે તે બતાવે છે, જે આવે છે તેને બતાવે છે, જાય છે તેને બતાવે છે, જીવનમાં આવનારી અનેક ઘટનાઓને જોવાની દ્રષ્ટિ અંદરના દીવાના પ્રકાશથી થાય છે.

મહાભારતમાં ધ્રુતરાષ્ટ્ર અંધ છે. ભૌતિક આંખોથી અંધ હોવા ઉપરાંત તે જ્ઞાનરૂપી આંખોથી વિહીન છે. મોહ અને અજ્ઞાનને લીધે પોતાની સામે તમામ જીવનની ઘટનાને જેવી છે તેવી જોવાની શક્તિ ગુમાવી બેઠેલ છે.જે બની રહ્યું છે તેને અવલોકન, મૂલ્યાંકન અને સંકલન કરવાની ત્રેવડ ગુમાવી બેઠેલ ધ્રુતરાષ્ટ્ર જિંદગીભર યાતનાઓનો ભાર વાહન કરે છે. માનવ મનની ૧૦૦ જેટલી નકારાત્મકતાઓ/નબળાઈઓ કૌરવો છે. તેનું યોગ્ય જતન અને સાર સંભાળ ન થવાથી નિરંકુશ બને છે. 'મારે શું?'' અને 'મારૂં શું?''– આ વિચારથી જ જીવનમાં દોડધામ કરી ગમે તે રીતે વસ્તુ, વિચાર અને વ્યક્તિઓને પ્રાપ્ત કરવાની મનોવૃત્તિ અનેક સંઘર્ષો સર્જે છે.

સૃષ્ટિનું સર્જન તો સુખની અનુભૂતિ માટે કરવામાં આવ્યું છે પણ આ આંતરિક જગતના અંધાપાને કારણે સુખ મળતું નથી. ખુબ ખાંખાખોળા કરીએ, મથીએ, અથડાઈએ પણ નાનો દીવો પ્રગટાવી લઈએ તો? જે છે તે દેખાય. જેવું છે તેવું દેખાય. આમ થાયતો આંર્તજગત અને બાહ્યજગતમાં વ્યવહાર અને વર્તન સુખદાયી નીવડે.

દીવાના પ્રકાશને ઝળહળતો રાખવા તેમાં દીવેલ ઉમેરતા રહેવું પડે. તેજસ્વિતા, ભાવપૂર્ણતા, અસ્મિતા અને કૃતજ્ઞતા આ દીવેલ ઓછું ન થઇ જાય તેની ખેવના કરવી પડે. જીવનમાં હરપળે બનતી ઘટનાઓ આ દીવેલ ખૂટતું હોય તો તેની જાણ કરતી હોય છે. પ્રત્યેક આવતી ઘટના પ્રત્યે બેદરકાર અને અજ્ઞાનતા કેળવવા કરતા તેને વિવેકરૂપી દીવાના પ્રકાશમાં તટસ્થ રીતે જોવાની Skill જેમની પાસે ન હોય તેમને માટે દરેક ઘટના દુઃખદ નીવડે છે.સૌરાષ્ટ્રના એક અધ્યાત્મિક સંત રામદુલારે બાપુ કહેતા કે ''દરેક ઘટના સાધના છે'' દરેક ઘટનાને સાધનાની દષ્ટીએ મૂલવવા માટે પ્રથમ તેને જોવી પડે.આ જોવાનું કામ અંદરના દીવાથી થાય.

દિવાળીના પર્વ નિમિતે અંદરના દીવાને દીવેલ પૂરી અવલોકન વધારીએ. વણદેખી રહી ગયેલ ઘટનાઓ, સંબંધો, પ્રવૃતિઓની નિરાંતે સમીક્ષા કરીએ, તેમાંથી જે સત્ય દેખાય તેને સ્વીકારી ફરી વિધાયક વિચાર, સંબંધ, પ્રવૃતિને બળ આપીએ એટલે દિવાળીનો ઉત્સવમાં ભૈયો.......... ભૈયો..........

# નવા વર્ષના નવ સંકલ્પ

**• ડી. જે. બાવળેચા**



**તો ચાલો નવું વર્ષ કેવુંહશે ? કોઇને ખબર નથી. નવલું વર્ષ હશે કે જુનુ પુરાણું ? નવા વર્ષમાં જીવવા માટે દીપ પ્રગટાવી દ્દઢ સંકલ્પ કરીયે.**



30 ડિસેમ્બર ૨૦૧૯નાં દિવસે વિદાય લેતાં વર્ષે આખી દુનિયાને ધ્રુજાવવાની શરૂઆત કરી. ૨020નાં વર્ષનો આનંદ જાણે કે કોરોનાએ મારી નાખ્યો. હરવા ફરવાની સ્વતંત્રા ગઇ... ઘરમાં નજર કેદ, બારીથી સૂરજને આથમતો જોવાનો. ઘરની બહાર નીકળશે તો મ્યાંઉ (કોરોના) મારી નાંખશે, સાજું રહેવું છે કોઇના ઘરે જશો નહીં. કોઇને ઘરમાં આવવા દેશો નહીઁ. બહાર નીકળશો તો હવા લેવાની શકિત નહીં રહે. કોરોનાગ્રસ્તને અડશો નહીં. કોરોનાગ્રસ્ત જયાં અડયા હોય ત્યાં અડશો તો અગ્નિદાહ દેવા કોઇ નહીં આવે. દુનિયામાંથી અંદાજે આઠ લાખ કોરોનાથી મર્યા અને કરોડો કોરનાથી પીડાયા. લગભગ નવ મહિના કોરોના... કોરોના કોઇ કોરું ન રહયું. યજ્ઞ–માત્રા મંદિર નાટયગૃહો કચેરી કાર્યાલય બંધ. કોઇ સાથે હાથ મિલાવવાનાં નહીં. દિવસમાં આટલા કામ કરવાનાં ઘરમાં રહયાનું હાથ જોડવાના, હાથ ધોવાના વારંવાર, નહાવાનું એકથી વધુ વાર એ કામ ન કરો તો કોઇ નહીં નાખે કોઇના નામનું રાસ–ગરબા નાટક બધું બંધ ! આ વીતી ગયેલા નવ માસનું સરવૈયું.

તો ચાલો નવું વર્ષ કેવુંહશે ? કોઇને ખબર નથી. નવલું વર્ષ હશે કે જુનુ પુરાણું ? નવા વર્ષમાં જીવવા માટે દીપ પ્રગટાવી દ્દઢ સંકલ્પ કરીયે.


(૧) આગામી વર્ષમાં સૌથી પહેલો નિર્ણય કરીયે. અમે એવી રીતે જીવશું ખાશું પીશું એવો ખોરાક લેશું જેના કારણે અમે માંદા ન પડીયે. અમને ઉધરસ, શરદી કે તાવ જેવી વ્યાધી લાગું ન પડે !

(૨) કામ વિના ઘરની બહાર નીકળશું નહીં. ભીડમાં જશું નહીં. કોઈની સાથે વાત કર્તા પહેલા માસ્ક પહેરશું હાથ મોજા પહેરશું હાથ ધોશું નહાશું.

**માણસો સંગથી મરે છે તેના કરતાં રોગની બીકથી વધુ મરે છે. સિંહ-વાઘથી જ તેના જંતુ મચ્છર માખીથી વધારે મરે છે એટલે તેનાથી બચવા પ્રયાસ કરશું.**

(૩) જ્યાં માનવીઓની હાજરી વધારે હોય ત્યાં સભા, સરઘસ, મનોરંજન સ્થળોએ સામાજીક પ્રસંગોમાં અનિવાર્ય તો જ જશું. જરૂરી પ્રસંગોમાં જરૂરીયાતથી વધારે સમય શેકાશું નહીં. યજ્ઞ–યાત્રા કરશું નહીં પુનમ ભરવા જશું નહીં.

(૪) કોરોના દર્દીથી સાવધ રહીશું સાવધાન રહી સલામત બનશું તેના તરફ નફરત નહીં કરીયે.



(૫) લોકડાઉનના નિયમોનું આરોગ્ય માટે કરશું. માંદા પડીને દવા પીવી એના કરતા માંદા ન પડવા માટે ઘરગથ્થું ઔસધોનાં ઉપયોગ કરશું.

તજ–લવીંગ–તીખાથી બનાવેલ આ પીશું, હળદરવાળું દુધ પીશું, કપૂરનાં વારંવાર શ્રવસા લેશું. નાશ લેશું. અજમાના ફૂલ ઈજમેરના ફૂલ કપૂરને ભેગા કરી બનાવેલ અમૃત બિંદુને નાકની આસપાસ ચોપડીશું. સૂંઠનો ઉપયોગ ભોજનમાં કરીશું જેની માએ સવાશેર સૂંઠ ખાધી હોય તે શકિતવાર હોય જ. માંદા ન પડવા સૂંઠનો ઉપયોગ ભોજનમાં કરીશું.

(૬) બાળકોના આરોગ્ય માટે વિશેષ ધ્યાન આપશું. શાળા–મહાશાળા એમ રોગોથી મુકત રાખવા પ્રયાસ કરીશું. સ્વચ્છતા સમાજનાં આરોગ્યની સોનાની માટે ઘર–મંદિર કાર્યાલય મનોંરજન સ્થળ સ્વચ્છ રાખશું.

(૭) યોગ ધ્યાન વ્યાયામ વગેરેથી સ્વસ્થ રહીશું. માંદા પડશું નહીં અને કોઇ માંદુ પડે તો તેની સારવારમાં બેદરકાર બનશું નહીં. સેવા કર્તા તબીબો તેના સહાયકોને.

(૮) શાળા કોલેજ શું ભણાવશેખબર નથી પણ બાળકોને સમજાવીશું કે સાજા રહેવું હોય તો પૌષ્ટિક ખોરાક લો, ભૂખ લાગે તેનાથી ઓછું ખાશું. વધુ ખાવાના બદલે વધુ પચાવવા પ્રયત્ન કરીશું.

(૯) કબજીયાત તમામ રોગોની માતા છે એટલે પેટર્ન નિરોગી રાખવા પ્રમાણિક કરશું.

માણસો સંગથી મરે છે તેના કરતાં રોગની બીકથી વધુ મરે છે. સિંહ–વાઘથી જ તેના જંતુ મચ્છર માખીથી વધારે મરે છે એટલે તેનાથી બચવા પ્રયાસ કરશું.

કોરોનાથી કરશું નહીં ગભરાશું નહીં, અફવા ફેલાવશું નહીં. સાજા રહેવું પોતા માટે, પરિવાર માટે, સમાજ માટે અનિવાર્ય છે તે સમજશું અને સમજાવી આવનારા નવા વર્ષના પ્રત્યેક દિવસે સાવચેત રહીશું સલામત રહીશું.



Designing | Printing | Advertising

સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને મેગેઝીનમાં
કોમર્શિયલ, શુભેચ્છા, કલાસીફાઈડ કે અન્ય કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર, પેમ્પલેટ,
આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads | Pravin Gajjar
+91-90999 49565

320, Heera Panna Complex Dr. Yagnik Road, Rajkot - 360 001 Ph. 0281-2461858
web : www.vishwakarmavishwa.com - e-mail : vishwakarmavishwa@yahoo.com


# પ્રકાશ પર્વ દીપોત્સવ

વિશ્વકર્મા વિશ્વ
દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૦

**દીપાવલીનાં પર્વમાં લક્ષ્મીનાં ત્રણેય સ્વરૂપોનાં પૂજન નું મહાત્મ્ય અચૂક છે. ધનલક્ષ્મી, વૈભવલક્ષ્મી અને ગૃહ લક્ષ્મી!! જેમ ડગલે ને પગલે આપણે ધન-વૈભવનું યત્નપૂર્વક રક્ષણ જીવનકાળ પર્યંત કરીએ છીએ એ જ પ્રકારે ગૃહલક્ષ્મી અર્થાંત નારી જાતી કે જે સમાજનો મહત્વપૂર્ણ અર્ધ ભાગ છે (જેનાથી સર્જન, સમૃદ્ધિ અને સાહસ સ્થાપન થાય છે) તેનું સન્માન અને રક્ષણ કરવું આપણું પરમ નૈતિક અને આવશ્યક કર્તવ્ય છે.**

• જગદીશ મિસ્ત્રી 'ખલિફ'






માનવ જીવન ની જટિલતા અને વિષમતાઓ માનવીને ભિતર થી હચમચાવી મૂકે છે મનુષ્ય સામાજિક પ્રાણી છે, એને સમુદાય માં રહેવું ગમે છે. તે પોતાની પ્રસન્નતા અને આનંદ ઘર પરિવાર અને સગા સંબંધીઓ સાથે વહેંચીને દ્વિગુણિત કરવા ઈચ્છે છેએની આ ઈચ્છા પૂર્ણ થાય છે ત્યારે.એ ઊમંગભર્યા પળ–વિપળ નો સમુહ. એક પર્વ તહેવારબની જાય છે!! દરેક ધર્મ, પંથ, સમુદાય માં પેઢી દર પેઢી પરંપરા, માન્યતાઓ અનુસાર એક પ્રથા બની જાય છે.. તે મુજબ લોકો આત્મિક ખુશી માં ઉત્સાહ ઊમંગો ઉમેરી ને તહેવાર નું સ્વરૂપ આપે છે!!

આમ તો આખા વર્ષ દરમિયાન અનેક નાના મોટા તહેવારો આવતા હોય છે.અને લોક સમુદાય એને ઉજવતો પણ હોય છે પરંતુ અમુક તહેવારો નું ખાસ.. વિશેષ મહત્ત્વ હોય છેજેમાં અનેક વિશિષ્ટતાઓ હોય છે !! જેમ કેઃ હોળી, દિવાળી, વિજયા દશમી, રક્ષાબંધન, નવરાત્રી વગેરે તેથી જ ભારત વર્ષ તહેવારો નો દેશ કહેવાય છે !!

ક્ષત્રિયોના દશેરા (વિજયા દશમી) ..આ દિવસે ભગવાન શ્રી રામે આતતાયી નિશાચર દશકંધરનો વધ કરી, સમાજ ને તેના પાપી કર્મોથી મૂક્તિ અપાવી હતી.. આ જ પરિપેક્ષ્યમાં ક્ષત્રિયો શસ્ત્રપૂજન નું આયોજન કરે છે..

વૈશ્યો ની દીપાવલી..( પ્રથમ ગણેશજીની આરાધના અને માં લક્ષ્મી નું પૂજન કરે છે..માં

લક્ષ્મી જ્યાં ધન ધાન્ય ભંડારની દેવી છે ત્યાં જ ભગવાન ગણેશ રિધ્ધિ–સિધ્ધિ પ્રદાયક અને જ્ઞાન, બુધ્ધિ અને વિવેક નાં દેવ છે !!....કારણ ધન–ધાન્ય નાં ઉપયોગ કરવામાં સંતુલન, જ્ઞાન–વિવેક તથા પ્રજ્ઞા નાં સામંજસ્ય ની વિશેષ આવશ્યકતા હોય છે.. તેથી જ ધંધા રોજગાર તથા વેપાર કરનાર દીપાવલી નાં દિવસે મા શ્રીલક્ષ્મી અને શ્રીગણેશજીની પૂજા અર્ચના .. આરાધના કરી સંપન્નતાની કામના કરતાં હોય છે !! સંદર્ભતઃ દીપાવલી ને પ્રકાશ પર્વ, દિપમાલિકા આદી સંબોધન કરે છે.. આ તહેવાર અંધકાર પર પ્રકાશનાં વિજય નો દ્યોતક છે..બુરાઈ પર ભલાઈ નાં વિજય નો પ્રતિક છેઆ સાથે જ પ્રદિપ્ત દીપક, કુળવૃધ્ધી નો પણ પ્રતિક છે..

ભાવ એ છે કે સમાજ ને પરાશક્તિ થી સંબદ્ધ કરીને સૃષ્ટિ–સ્વરૂપા દેવીની આરાધના આપણાં વિદ્વાનો અને વેદશાસ્ત્રોએ નિર્ધારિત કરી છે. કારણ પશુઓ પર આશ્રિત જીવન પશુસંરક્ષણ વિના સ્વકલ્યાણ ની કામના ન કરી શકે!! દીવાળી માં 'લક્ષ્મી–ગણેશ' નાં પૂજનમાં ધાન રાંધી તેને સાકર સાથે ભેળવીને બનાવેલાં રમકડાં દ્વારા અભિષેક નું વિધાન નિશ્ચિત છે આ સમય દરમિયાન ધાનની પ્રથમ ઊપજ, ઘરે આવતી હોય છે, તેથી પ્રથમ ભોગના સ્વરૂપ માં દેવી દેવતાઓ ને અર્પણ કરવામાં આવે છે.



વર્ષાઋતુ પૂર્ણ થઈ હોય છે.. વરસાદ ને કારણે ખરાબ થયેલ, ઘર–દિવાલોનું રંગરોગાન કરી નવવધૂ સમાન સજાવવામાં આવે છે એની આભા–પ્રતિભા કંઈક ઓર જ હોય છે!! નિર્દિષ્ટ દિવસે .. એટલે કે આસો માસની અમાસે ઘરના મુખ્ય દંપતિ પંચાંગગત અભિજિત મુહૂર્તમાં ભગવાન ગણેશજી અને માતા લક્ષ્મી ની પૂજા અર્ચના સપરિવાર સંપન્ન કરે છેજેમાં 'લક્ષ્મી–સરસ્વતી–ગણેશજીની મુદ્રા (સિક્કો) અથવા ચાંદીની મૂર્તિ ને લાલ વસ્ત્ર નાં આસન પર બિરાજમાન કરી ષોડશોપચાર પૂજન કરી પાંચ દિપક પ્રજ્વલિત કરવામાં આવે છેઆ સાથે જ ઘરનાં મોભ, ઊંબરા માં ને આંગણામાં દીવાઓ સુંદર રીતે સજાવવામાં આવે છે.. આંગણામાં સુંદર, મનમોહક અને કલાત્મક નયનરમ્ય અલ્પના કરી તેની મધ્યમાં અને આસપાસ ગોઠવવામાં આવે છે!! હા એની છટા ખરેખર અપ્રતિમ અને આકર્ષક હોય છે!!...અને ત્યાર બાદ બાળકો, સાથે ઘરનાં સૌ સદ્સ્યો ફટાકડાની આતશબાજી કરી દીપાવલી ને વધાવી પોતાની પ્રસન્નતા ખુશી વ્યક્ત કરે છે !!!!!.

હકીકતમાં કોઈ પણ તહેવાર નાં આયોજન નાં નેપથ્યમાં ભાવ એજ હોય છે...કે–––વિતેલા સમયમાં ઉત્પન્ન થયેલા નિરાશાનાં.. ગ્લાનીનાં ભાવઆક્રાંતક તથ્યો ભૂલી ને પોતાના આનંદ ને ઘર પરિવાર સાથે મળીને ઉમંગ, ઉત્સાહ ની ક્ષિતિજો વિસ્તારી શકે.જેથી આવનારા સમય ની વિટંબણાઓ આને કસોટી ઓ નો હિંમત પૂર્વક સામનો કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી શકે!! દિપાવલી નાં ઝળહળતાં નાના નાના દીપકો આપણને નવા વિચારો, નવી જીવનશૈલી અપનાવવાની પ્રેરણા આપે છે. નવા ઉમંગો,નવા તરંગો,નવા સાહસો ની સાથે સાથે તમસ રૂપી બુરાઈ સાથે લડવાનું જોમ પ્રદાન કરે છે!! સમગ્ર ભુવનસમગ્ર સંસારને આલોકિત કરતાં ભુવન ભાસ્કરસૂર્યદેવ, પ્રાચીથી પ્રચિતી ની યાત્રા પૂર્ણ કરી અસ્તાચળ માં વિરામ લે છે ત્યારેઆ નાનાં નાનાં દીપકો અંધકાર સાથે અંતિમ શ્વાસ સુધી..લડવા કમર કસી લે છે!! દીપાવલીનો તહેવાર સંપન્નતા તથા સંમૃધ્ધીને સન્માનનું પ્રતિક છે!!

દીપાવલીનાં પર્વમાં લક્ષ્મીનાં ત્રણેય સ્વરૂપોનાં પૂજન નું મહાત્મ્ય અચૂક છે. ધનલક્ષ્મી, વૈભવલક્ષ્મી અને ગૃહ લક્ષ્મી!! જેમ ડગલે ને પગલે આપણે ધન–વૈભવ નું યત્નપૂર્વક રક્ષણ જીવનકાળ પર્યંત કરીએ છીએ એ જ પ્રકારે ગૃહલક્ષ્મી અર્થાંત નારી જાતી કે જે સમાજ નો મહત્વપૂર્ણ અર્ધ ભાગ છે (જેનાથી સર્જન, સમૃદ્ધિ અને સાહસ સ્થાપન થાય છે) તેનું સન્માન અને રક્ષણ કરવું આપણું પરમ નૈતિક અને આવશ્યક કર્તવ્ય છે. આપણાં આદિ શાસ્ત્રો માં પણ કહ્યું છે ને કે 'યત્ર નાર્યસ્તુ પુજયતે રમન્તે તત્ર દેવતા'(અર્થાંત.. જ્યાં નારી પૂજાય છે.. તેનું સન્માન કરવામાં આવે છે ..ત્યાં દેવો વાસ કરે છે.)

છેલ્લાં ઘણાં સમયથી સમાજ ની કુંઠિતવિકૃત માનસિકતા ને કારણે નારી અસ્મિતા અને એમનાં અસ્તિત્વ પર સંકટોના વાદળો ઘેરાયાં છેનારી પ્રત્યેનાં એકતરફી આકર્ષણ નાં વિકૃત દુષણને જળમૂળ થી સમાપ્ત કરવાની તાતી જરૂર છે

સમગ્રતઃ પ્રકાશ પર્વ દીપોત્સવ નો એ જ સંદેશ છેકે ––આપણે પૂર્ણ મનોયોગ થી ધનસંપત્તિ તથા નારી અને તેનાં યોગ્ય સન્માન નાં રક્ષણ માટે સંકલ્પ લઈએ અને એ પુરુષાર્થ ને સાકાર કરીએ..પાપ નાં અંધકાર માં સદવૃત્તિ રૂપી સાત્વિક દિપક થી પોતાની ભિતર પ્રકાશ કરીએ ત્યારે જ એક દિપક થી અનેક દીપકો પ્રકાશિત થઈ જશે. ત્યારે જ થશે મારી, તમારી જ નહીં સમગ્ર માનવ જાત ની શુભદા દીપાવલી !!!!!

બસ આ જ ઉદગારો સાથેઃ .

પ્રગટાવો પ્રત્યેક દિપક હૃદય થી..ન ધરા પર રહે અંધકાર કોઈ, રહે સહકાર પરસ્પર અંતર થી.. માનવી સંપી ને રહે સહુ કોઈ ! કુટિયા, કે મહેલોની ઊંચી.પ્રાચિરે રહે પ્રજ્વલિત દિપમાલિકા, નારી મહિમા હર હ્રદિયે વસેહા..એ જ કહેવાશે કૃતાર્થ દિપાવલી !!

# જેનો પરિચય એની પ્રતીતિ થઇ

• નીતિન વડગામા

વિશ્વકર્મા વિશ્વ
દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૦

હા, છેલ્લા છએક માસના સમયગાળામાં વ્યકિતજીવનમાં અને સમાજજીવનમાં ઘણુંબધું બદલાયું, સામાજિક જીવનના બદલાવની ચિકિત્સા સમાજશાસ્ત્રીઓ કરશે. આપણે વૈયક્તિક જીવનની સ્થિતિ-ગતિનો વિચાર કરીએ તો સ્વાભાવિક સવાલ થાય કે આપણામાં કેવું આંતર-બાહ્ય પરિવર્તન આવ્યું ?



મકાનોમાં લોકો પુરાઇ ગયા છે,
કે માણસને માણસનો ડર હોય જાણે.

– આદિલ મન્સૂરીનો પ્રસ્તુત શે'ર આધુનિક ગુજરાતી ગઝલના સંદર્ભમં ઘણીવાર બોલવાનું બન્યું છે પરંતુ એક માણસ બીજા માણસને મળવાનું માંડી વાળે અને મરવાની બીકે ઘરમાં જ પુરાઇ રહે એની પ્રતીતિ તો કોરોનાકાળના લોકડાઉનના દિવસો દરમિયાન જ થઇ. માણસ સામાજિક પ્રાણી છે, એવું વાંચવા–લખવા કે બોલવા–સાંભળવાનુ તો અવારનવાર થયેલું પરંતુ 'જે પોષતું તે મારતું' એ ન્યાયે સમાજ પણ ક્યારેક શ્વાસ રૂંધી શકે છે, એ સત્ય તો છેલ્લા છએક મહિનામાં જ સમજાયું. હળદર–મીઠું અને દેશી ઓસડિયાં સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે અત્યંત ઉપકારણ છે, એ વડીલોના મુખે સાંભળેલું ખરું પરંતુ એ અકસીર ઇલાજનું મહત્વ તો હમણાં જ અનુભવે જ પરખાયું. 'કોઇ કોઇનું નથી રે, કોઇ કોઇનું નથી રે.' એવા શબ્દો કીર્તનમાં સાંભળ્યા હતા પરંતુ એ શબ્દોનું હાર્દ તો હોમકવોરન્ટાઇન થયેલા લોકોની હાલત જોઇને જ હાથ લાગ્યું, મૃત્યુ અવશ્યભાવી છે અને મૃત્યુ પાસે માણસ લાચાર છે, એવું ઠાવકું તત્ત્વજ્ઞાન પુસ્તકનાં પાનાં પર વાંચેલું ને આધ્યાત્મિક પ્રવચનોમાં સાંભળેલું પરંતુ કોરોનાની મહામારીમાં એ મોઢામોઢ થયું ! મતલબ કે આજ સુધી જેનો પરિચય હતો એની પ્રતીતિ થઇ.

હા, છેલ્લા છએક માસના સમયગાળામાં વ્યકિતજીવનમાં અને સમાજજીવનમાં ઘણુંબધું બદલાયું, સામાજિક જીવનના બદલાવની ચિકિત્સા સમાજશાસ્ત્રીઓ કરશે. આપણે વૈયક્તિક જીવનની સ્થિતિ–ગતિનો વિચાર કરીએ તો સ્વાભાવિક સવાલ થાય કે આપણામાં કેવું આંતર–બાહ્ય પરિવર્તન આવ્યું ? આપણે શું મેળવ્યું ને શું ગુમાવ્યું ? આપણે શું કર્યું અને શું સંઘર્યું ? આપણા કપરા દિવસો કેમ વીત્યા અને સમયની પાઠશાળામાંથી આપણે શું શીખ્યા ?

હું મારી વાત કરું તો વ્યાવસાયિક વ્યસ્તતાની વચ્ચે ઘરબાયેલા પારિવારિક જીવનના ધબકારા આ દિવસોમાં સારી રીતે સાંભળી શકાયા; લાંબા સમયથી રહી જવા પામેલાં કેટલાંક વિદ્યાકીય કામ પૂરાં કરી શકાયાંઃ રામકથાના સંપાદનની આખરી પાઠ આગળ ધપાવી શકયા; પુરાણાં પત્રો



અને તસવીરોને ટેકે, વીતેલા વખતમાં પડેલા પગલાં ઉકેલી શકયાં. એ બધું તો ખરું જ પરંતુ સમયના એ અવકાશમાં થોડી આંતરયાત્રા થઇ શકી એ મોટી ઉપલબ્ધિ; સાથોસાથ સમાંતરે થતી રહેલી વિચારયાત્રા અને શબ્દયાત્રા પણ એવી જ પ્રસન્નકર પ્રાપ્તિ. તાળાબંધીને કારણે વાહનો અને યંત્રોએ વિરામ લેવો પડયો અને પરિણામે પૃથ્વી પ્રદૂષણમુત થઇ. તો આ બાજુ બાહ્યજગતની માફક આંતરજગતની પણ ઉહાપોહ ઓછો થયો અને તેથી ભીતરી વિશ્વમાં વિહરવાનો મોકો મળ્યો. સંવાદ તો પહેલાં પણ થતો હતો ને આ દિવસોમાં પણ થતો રહયો. માત્ર સંવાદનું સ્વરૂપ બદલાયું. જગત સાથે થતો સંવાદ હવેજાત સાથે થવા લાગ્યો.

કેટલાય લોકો માટે તાળાબંધી બહુ મોટી કેદ પુરવાર થઇ. ઘણા લોકોએ ઘરમાં રહીને અકળામણ પણ અનુભવી. પરંતુ મને તો ઘરમાં રહયા–રહયા પણ અંદર ઉડવા માટે આકાશ સાંપડયું હોય એવું જ અનુભવાયું ! મારા માટે તાળાબંધી બંધન ન બની, બલ્કે એ નિમિત્તે પ્રવૃત્તિઓના પહોળા પથારા સંકેલવાનું અને પરિઘમાંથી કેન્દ્ર તરફ ગતિ કરવાનું બન્યું. મારા માટે સમય પસાર કરવાની કોઇ સમસ્યા નહોતી; મને તો સમયની લંબાયેલી ત્રિજયાએ વાચન–લેખનની ગમતી પ્રવૃત્તિ માટે અનુકૂળતા કરી આપી હતી. અને એટલે કેટલાક લોકો માટે સજારૂપ થયેલો આ સમય મારા માટે મજારૂપ જ બની રહયો. અલબત્ત, વકરતી જતી મહામારીના વિચારે કયારેક વિક્ષુબ્ધ થઇ જવાતું હતું. પરંતુ તુલસીદાસજીના શબ્દોને ખપમાં લઇને કહું તો સાહિત્ય અને શ્રદ્ધા – રામભરોસો આ અસમયના મારા સાચા સખા બની રહયા. મોરારિબાપુની રામકથાએ સંપડાવેલો રામભરોસો વિક્ષિપ્ત થતા મનને શાંત કરતો રહયો, તો સાહિત્યનું વાચન–મનન અને સર્જન પણ બહુ મોટું અવલંબન બનતું રહયું. સાંપ્રતકાલીન સ્થિતિને શબ્દબદ્ધ કરવા માટે અંદરથી ધકકો પણ વાગતો રહયો અને પરિણામસ્વરૂપ સામાજિક વાસ્તવને વાચા આપણી કેટલીક ગઝલો પણ નીપજતી રહી. કોરોનાકાળની કરપીણ ભાવસ્થિતિને આલેખતા પાંચેક શે'ર સાથે જ મારી વાત પૂરી કરું –

શ્હેર સૂના છે, ગામ સૂનાં છે.
આજ રસ્તા તમામ સૂના છે.
ઘંટ, ઝાલર, નગારું પૂછે છે,
કેમ ઇશ્વરનાં ધામ સૂનાં છે ?

—————————————

અગોચર એક અણસારો હજી સમજાય તો સારું,
જરા આ વીજ–ચમકારો હજી સમજાય તો સારું.
ઉપર બાઝી ગયેલી રાખ અંતે છેતરીજાશે
ધખે છે સ્હેજ અંગારો હજી સમજાય તો સારું

—————————————

સૌ સાબદા થઇ શ્વાસ સતત માપતા થયા,
ખુદના ધબકતા શ્વાસમાં જોખમ જણાય છે.

# નાળિયેરના કપ, વિશ્વકર્માની મૂર્તિ બનાવતા બાબુભાઈ મિસ્ત્રીની કળા–કારિગરી







સામાન્ય રીતે નાળિયેર વધેર્યા પછી તેની કાચલી ફેંકી દેવામાં આવતી હોય છે. પણ તેનો કેવો ઉપયોગ થઈ શકે એ અહીં તસવીરમાં જોઈ શકાય છે. નાળિયેરમાંથી ચા પીવાના, આઇસક્રીમ ખાવાના કે બીજો કોઈ ઉપયોગ કરવાના કપ બની શકે છે. મૂળ મોટી ખોડિયારના અને હાલ અમદાવાદ વસતા બાબુભાઈ બચુભાઈ મિસ્ત્રી (ખંભાયતા) આવી કારિગરીમાં નિપુણ છે. માત્ર કપ શા માટે તેઓ લાકડાના મીઠું–મરચું રાખવાના કળાત્મક કપ, હંસ આકારના મીઠું–જીરું રાખવાના કપ, એક જ લાકડામાંથી કોઈ પ્રકારના સાંધા કર્યા વગરની વિશ્વકર્માની મૂર્તિ વગેરે બનાવે છે. આ કળાત્મક આવડત એ વિશ્વકર્માની કૃપા જ કહી શકાય.

# સમુદ્ર, આકાશ અને સરહદની અમારી અનોખી સફર

• લલિત ખંભાયતા

સંરક્ષણ મંત્રાલય દર વર્ષે 'ડિફેન્સ કોરસપોન્ડન્ટ કોર્સ (DCC)' નામનો એક, એક મહિનાનો અભ્યાસક્રમ યોજે છે. નામ પ્રમાણે આ અભ્યાસક્રમ પત્રકારો (કોરસપોન્ડન્સ) માટે છે. દેશભરમાંથી ૩૫ વર્ષથી નીચેની વયના ત્રિસેક જેટલા પત્રકારો દર વર્ષે પસંદ કરી તેને સેનાની ત્રણેય પાંખ અને ચોથું સંરક્ષણ મંત્રાલય એ ચારેય વિભાગનો અતિ નજીકથી પરિચય કરાવે છે. તેનો અંગત અનુભવ...

૨૫મી ઓગસ્ટ, ૨૦૧૯
મુંબઈની તાજ એમ્બેસેડર.

અમે પહોંચ્યા ત્યાં સાંજ પડી ચૂકી હતી. બહાર મુંબઈનો વરસાદ ચાલુ હતો. અમે હાંફળાં–ફાંફળા નક્કી થયેલા ખંડમાં પહોંચ્યા. અમારા જેવા દેશભરમાંથી આવેલા પત્રકારો ત્યાં એકઠા થયા હતા. અમે કુલ ૩૨ યુવક–યુવતીઓ હતા અને અમારી સામે ઉભા હતા લેફ્ટનન્ટ કર્નલ હર્ષવર્ધન પાંડે. લેફ્ટનન્ટ કર્નલ પાંડે અમારા કોર્સ ઓફિસર હતા.



**સમુદ્રમાં બે જહાજોને નજીક લાવી, સરખી સ્પીડે હંકારી, વચ્ચે દોરડુ બાંધી સામાનની આપ-લે કરવાની રીતનું ડેમોન્સ્ટ્રેશન.**

ભારતનું સંરક્ષણ મંત્રાલય દર વર્ષે ડિફેન્સ કોરસપોન્ડન્ટ કોર્સ નામના એક મહિના લાંબા અભ્યાસક્રમનું આયોજન કરે છે. ડીસીસીના ટૂંકા નામે ઓળખાતા કોર્સમાં પસંદ થવાનું મારા જેવા સંરક્ષણ પ્રેમી પત્રકાર–લેખકોનું સપનું હોય એની કોઈ નવાઈ ન હતી. ૨૦૧૯માં એ સપનું પુરું થવા જઈ રહ્યું હતું. ગુજરાતમાંથી ચાર પત્રકારો પસંદ થયા જેમાં એક હું પણ હતો. એટલે જ ૨૬મી ઓગસ્ટથી શરૂ થતા કોર્સ માટે ૨૫મી ઓગસ્ટે મુંબઈ પહોંચી ગયો હતો.

આ કોર્સનો મુળ ઉદ્દેશ સંરક્ષણ વિશે લખનારા પત્રકારો સંરક્ષણના વિવિધ પાસાંને સારી રીતે જાણી શકે અને તેથી ભવિષ્યમાં સારી રીતે લખી શકે એવો છે. પત્રકારત્વના વિવિધ વિષયમાં સંરક્ષણ થોડો અલગ વિષય છે કેમ કે તેમાં માહિતી હોય તો પણ દર વખતે લખવાની નથી હોતી. સરકારના બીજા બધા વિભાગ એવું ઈચ્છતા હોય કે પત્રકારો તેમની સિદ્ધિ વિશે લખે.. જ્યારે સંરક્ષણ મંત્રાલય એવુ ઈચ્છે કે ભાઈ તમે અમારી સિદ્ધિ વિશે ન લખતા. મૂળ વાત એટલી કે ક્યારે લખવું, કેટલું લખવું, શું લખવું, શું ન લખવું.. વગેરે જેવી અનેક સમજણ મળી રહે એટલા માટે આ કોર્સ અતી ઉપયોગી છે. આખા કોર્સનો અનુભવ અકલ્પનિય અને શબ્દોમાં વર્ણવી ન શકાય એવો રહ્યો. વળી આ કોર્સ પછી પણ અમારે તેની ઘણી સંવેદનશિલ વિગતો


**આ કોર્સનો મુળ ઉદ્દેશ સંરક્ષણ વિશે લખનારા પત્રકારો સંરક્ષણના વિવિધ પાસાંને સારી રીતે જાણી શકે અને તેથી ભવિષ્યમાં સારી રીતે લખી શકે એવો છે.**

N·S·D·C
National Skill Development Corporation
Transforming the skill landscape

Skill India
कौशल भारत - कुशल भारत

dream zone
...school of creative studies

ડ્રીમઝોન એ N.S.D.C - નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન - ભારત સરકાર માન્ય કેડ સેન્ટર ટ્રેઈનીંગ સર્વિસીસ ની સંસ્થા છે જેની ૨૬ દેશો માં ૧૦૦૦ થી પણ વધુ શાખાઓ આવેલી છે.
૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ તથા પ્રોફેસનલ્સ છેલ્લા ૩૧ વર્ષ માં અભ્યાસ કરી ચુક્યા છે



## એડમિશન ઓપન : વર્ષ 2020



DreamZone offeres Master Diploma Program on Fashion Design & Interior Design

### માસ્ટર ડીપ્લોમાં ઇન ઇન્ટીરીયર આર્કીટેક્ચર ડીઝાઈન

- બેઝીક ડીઝાઈન
  - એન્જીનીઅરીગ ડ્રોઈંગ
  - ડીઝાઈન પ્રિન્સીપલ
  - ઓર્ગેનાઈઝેશન
  - ડાઈમેન્શન
  - પ્રોજેક્શન
  - ઈક્વિપમેન્ટ
- બિલ્ડીંગ મટીરીયલ
- ડીઝાઈન એલિમેન્ટ
- હ્યુમન ડાઈમેન્શન
- પ્લમ્બિંગ
- લેન્ડસ્કેપિંગ
- ડીઝાઈન પ્રોસેસ
- સ્પેસ પ્લાનિંગ
- લાઈટીંગ
- ઈલેક્ટ્રીકલ
- એસ્ટીમેશન
- ફર્નીચર ડીઝાઈન
- પ્રોફેસનલ પ્રેક્ટીસ & પ્રોજેક્ટ મેનેજમેન્ટ
- ઇન્ટીરીયર ડીઝાઈન સોફ્ટવેર
  - ઓટોકેડ
  - 3ds મેક્સ
  - V.Ray
  - ફોટોશોપ

### માસ્ટર ડીપ્લોમાં ઇન ફેશન ડીઝાઈન

- ફેશન ડીઝાઈન કોન્સેપ્ટ
  - ઈતિહાસ
  - મેન્યુઅલ ડ્રોઈંગ
  - ટેકસટાઇલ સાયન્સ
  - ડાઈમેન્શન
  - કલ્ચર અને ટ્રેડીશન
  - ઈક્વિપમેન્ટ
- ફેશન ડીઝાઈન
  - એમ્બ્રોઇડરી
  - પેટર્ન મેકિંગ
  - ડ્રેપીંગ
  - બ્લોક - સ્ક્રીન પ્રિન્ટીંગ
  - પેચ વર્ક
  - ટાઈ & ડાઈ (બાંધણી)
  - સ્ટીચીંગ (સીવણ)
  - બાટીક પ્રિન્ટ
- ફેશન મેનેજમેન્ટ
  - વિસ્યુઅલ મેનેજમેન્ટ
  - રિટેલ મેનેજમેન્ટ
  - એક્ષ્પોર્ટ ઈમ્પોર્ટ પોલીસી
  - ફેશન શો
  - કોસ્ટિંગ
  - ફોરકાસ્ટિંગ
- ફેશન ડીઝાઈન સોફ્ટવેર
  - ફેશન કેડ
  - ફોટોશોપ
  - 3D ફેશન કેડ
  - કોરલ ડ્રો

માસ્ટર ડીપ્લોમાં કોર્ષ સાથે આધુનિક કોર્ષ મટીરીયલ તેમજ સ્ટેશનરી આપવામાં આવશે

ધોરણ ૧૦, ૧૨ પાસ, કોમર્સ, સાયન્સ, આર્ટસ કોલેજ સ્ટુડન્ટ, એન્જીનીયરીંગ સ્ટુડન્ટ તેમજ ગૃહિણીઓ માસ્ટર ડીપ્લોમાં કોર્ષ માં એડમિશન લઇ શકશે.

**1 થી 6 મહિના સુધીના સર્ટીફીકેટ કોર્ષ પણ ઉપલબ્ધ**
ગ્રાફિક્સ ડીઝાઈન / ફોટોગ્રાફી / જ્વેલરી ડીઝાઈન / સિવિલ, ઇન્ટીરીયર, આર્કીટેક્ચર ડીઝાઈન સોફ્ટવેર / સ્ટ્રક્ચર ડીઝાઈન & એનાલિસિસ સોફ્ટવેર / મશીન ડીઝાઈન ડાઈ મોલ્ડ ડીઝાઈન સોફ્ટવેર / CNC - VMC પ્રોગ્રામિંગ

**3D પ્રિન્ટીંગ જોબવર્ક કરી આપશું તેમજ 3D પ્રિન્ટીંગ કોર્ષ પણ ઉપલબ્ધ**

dream zone
...school of creative studies
રાજકોટ

For More Details Please Visit
"Orchid", 2nd Floor, Mangala Main Road, Nr. Virani Chowk, Rajkot
Call : 63595 11222 / 97122 99919

CADD CENTRE
Skills Driven. Job Led
ગોંડલ રોડ

www.dreamzone.co.in
DreamZoneRajkot

# Arvee Mechatech

Industrial Automation | Mechatronics | CNC Automation | Robotics

## Advantages of Eyewear Industries Automation

Lower operating costs
Improved worker safety
Reduced factory lead times
Ability to be more competitive
Increased production output
Consistent and improved part production and quality
Smaller environmental footprint
Better planning
Reduce need for outsourcing
Optimal utilization of floor space
Increase productivity and efficiency
Increase system versatility

*Best Wishes From*

Mr. Ramesh Vadgama
(B.Sc. Physics)

Mr. Akash Vadgama
(Mechatronics System Developer)

INDUSTRY 4.0 COMPATIBLE

## ACETATE FRAME MAKING PLANT


access your eyewear plant from anywhere

All types of Acetate Frame can be produced
Turnkey projects
On field DESIGNING, PRODUCTION PLANNING AND QUALITY CONTROL TRAINING
Production capacity : 20 to 30000 frame per month
One year warranty
Integrated with internationals standard components
Made in INDIA.

40+ YEARS OF EXPERIENCE IN EYE-WEAR INDUSTRIES
ADVANCE KNOWLEDGE IN THE FIELD OF MECHATRONICS SYSTEM DEVELOPMENT
QUALITY PRODUCTS WITH ATTRACTIVE PRICE
LONG LIVE OF MACHINERY
WORLD WIDE DISPATCH WITH SHIPPING INSURANCE
ACCEPT ALMOST ALL TYPES OF CURRENCY

FOR MORE DETAILS PLEASE CONTACT US
INTERNATIONAL SALES AND TECHNICAL
export.arvee@hotmail.com
+917874939392








ARVEE MECHATECH

JAMNAGAR ROAD, MADHAPAR INDUSTRIEAL AREA,
OPP. GANDHI SOCIETY, MADHAPAR,
RAJKOT - 360006 GUJARAT.
INDIA.

arvee.mechatech@hotmail.com

We dedicated to
Inventor of Lathe Machine




Leonardo da Vinci

# Still improving
# Still growing

ANIL®

## Since 1952
## Over 21,000 Customers....



## ANIL ENGINEERING WORKS

Sub Plot No. 15-A. G-Road, G.I.D.C. Aji Industrial Estate,
Rajkot - 360003. Phone: 0281-2387257, 2387646
E-mail: anilworks@satyam.net.in Website : www.anillathes.in

Copyright Reg. No. A-63597/03

Central®





સેન્ટ્રલ®

COPY RIGHT
Reg. No. A-63597/03
Reg. Trademark No. 1009900

CENTRAL IS REGISTERED TRADE MARK OF CENTRAL ENGINEERING CORPORATION




DESIGNERS, ENGINEERS & MANUFACTURERS OF TURNKEY PROJECTS

**Pradeep R. Gajjar**

## Central Engineering Exports
## Central Engineering Corporation

Bhaktinagar Station Road, Rajkot-360 002. (INDIA) | Mobile : +91-98258 09929, 72260 09929, 77779 39560
E-mail : centralpr@gmail.com | web site : www.centralrajkot.com

ક્યારેય જાહેર કરવાની નથી. એવી વિગતો જાહેર કર્યાં વગર કોર્સમાં થયેલા રસપ્રદ અનુભવો...

‘‘કોર્સ ચાર ભાગમાં વહેંચાયેલો હતો, નૌકાદળ, હવાઈદળ, ભૂમિદળ અને સંરક્ષણ મંત્રાલય. મુંબઈથી ૨૫મી ઓગસ્ટે અમારી સફર શરૂ થઈ. અહીં ૩૧મી સુધી અમે નૌકાદળના વિવિધ વિષયો સમજ્યા. આખા અભ્યાસક્રમાં થિયરી અને પ્રેક્ટિકલ એવા બે ભાગ હતા. એટલે કે ક્લાસરૂમમાં માહિતી અપાતી હતી, જરૂર પડ્યે સમજાવટ માટે બહાર પણ ફેરવાતા હતા. જેમ કે દરિયામાં ભારતના યુદ્ધ જહાજો કઈ રીતે કામ કરે એ સમજાવ્યા પછી આખો દિવસ મિસાઈલસજ્જ ફ્રિગેટ ‘આઈએનએસ બ્રહ્મપુત્ર’ પર દરિયાઈ સફર અને વિવિધ ડેમોન્સ્ટ્રેશન કરતાં કરતાં પસાર કર્યો. એ રીતે સબમરિન વિશે સમજાવટ પછી સબમરિનની મુલાકાત પણ લીધી. સબરમિનનો બોઈલર રૂમ ૪૫થી ૫૦ ડીગ્રી તાપમાને સળગતો હોય. ત્યાં પણ અમે પહોંચ્યા.. કેમ કે ત્યાં પણ સબમરિનરો તો કામ કરે જ છે. સબમરિનની જીંદગી સાવ સાંકડી હોય છે, એટલે ત્યાં વધુ પડતા જાડા કે ઊંચા કર્મચારીઓ માટે કામ કરવું મુશ્કેલ થાય. અનેક ચકરડા, ચાંપો–મિટર, પાઈપ–વાયરિંગ.. સબમરિન અંદરથી અકલ્પનિય હોય છે. સાથે સાથે સમુદ્રી સફર પર રવાના થતી સબમરિનમાં ૪૫ દિવસ સુધી રહેવું પણ અતિ મુશ્કેલ છે, તેનો અહેસાસ સબમરિનના સાંકડા પ્રવેશમાંથી અંદર ગયા પછી જ થઈ શક્યો.



**બુલેટપ્રૂફ જેકેટ અને વજનદાર હેલ્મેટ પહેર્યા પછી અમે પોતાને જ ઓળખી શકતા ન હતા.**


‘‘સમુદ્રમાં બે જહાજો પાસપાસે આવે, એકબીજા પાસેથી સામાન કે માણસોની હેરાફેરી કઈ રીતે કરે, સમુદ્રમાં શંકાસ્પદ જહાજની તલાશી કેમ લેવાય, જહાજને સબમરિનની હાજરીનો પત્તો કેમ લાગે, જહાજ સમુદ્રના બારામાંથી કઈ રીતે બહાર નીકળે, કઈ રીતે પરત આવે, યુદ્ધ જહાજની જિંદગી કેવી હોય, સ્પેશિયલ કમાન્ડો કઈ રીતે કામ કરે.. વગેરે માહિતી પ્રેક્ટિકલ રીતે મળી. સમુદ્રમાં સફર કરતા જહાજની સ્પીડ ૪૫ કે ૬૫ કિલોમીટર લખેલી વાંચીએ ત્યારે આપણને એ ગતી બહુ ધીમી લાગે. પણ સમુદ્રમાં એ ઝડપ ભારે આક્રમક હોય છે. એટલી બધી કે જહાજે જ્યારે સમુદ્રમાં ટર્ન લેવાની શરૂઆત કરી ત્યારે અમને કોઈને ડેક પર રેલિંગ પાસે ઉભા રહેવા દેવાયા ન હતા.

‘‘મુંબઈનું નૌકાદળ ૧૭૩૫માં સ્થપાયેલું છે. એ ઐતિહાસિક છે, કેમ કે બ્રિટિશરોએ અનેક યુદ્ધો અહીં બનેલા જહાજો પર ઉભા રહીને લડ્યા હતા. તાલુકા મથક જેટલા માણસોને સમાવતું નેવલ ડોક યાર્ડ કઈ રીતે કામ કરે એ જોવા મળ્યું. રોજ અહીં પંદરેક હજાર કર્મચારીઓ અંદર આવે, સાંજ પડ્યે બહાર નીકળે અને તમામનું લશ્કરી ધોરણે ચેકિંગ થાય. અમે રોજ બસમાં બેસીને ડોકયાર્ડમાં જતા હતા. એક દિવસ અમારા પૈકી એક પત્રકાર આઈકાર્ડ હોટેલમાં ભૂલી ગઈ ત્યારે અમારા બધાનો પ્રવેશ અટકી પડ્યો હતો.

‘‘નૌકાદળને આપણે ઓળખી શકતા નથી, કેમ કે એ દેખાતું નથી. ટૂંકમાં આપણી નજર પુરી થાય ત્યાંથી તેનું કામ શરૂ થાય છે. નૌકાદળનું કામ એવુ છે જે કંઈક અંશે જમીન પર વસતા લોકો માટે અદશ્ય છે પણ એટલું નક્કી છે કે જેનો સમુદ્ર સુરક્ષિત એ દેશની જ ભૂમિ સલામત.

‘‘અભ્યાસક્રમ દરમિયાન વિવિધ વિષયના વ્યાખ્યાનો હતા. જેમ કે.. સમુદ્રી ચાંચીયા સામે લડત, દક્ષિણ આફ્રિકાના કાંઠાથી લઈને છેક ઓસ્ટ્રેલિયા સુધી ભારતીય નૌકાદળ એકમાત્ર એવી ફોર્સ છે, જે હિન્દ મહાસાગરનું અને તેમાંથી વર્ષે પસાર થતા સવા લાખ જેટલા આખા જગતના વ્યાપારી જહાજોનું સંરક્ષણ કરે છે. કઈ રીતે કરે છે?, દરિયાઈ ભૂગોળનો અભ્યાસ, નકશા તૈયાર કરવા, આપણી સરહદ બહાર થતી પ્રવૃત્તિ પર નજર રાખવી, સબમરિન વોરફેર, મેરિટાઈમ ઈતિહાસ, આખા દેશના કાંઠે થતી તમામ પ્રવૃત્તિ પર નજર અને તેનું એક સ્થળે સંકલન, કોસ્ટ ગાર્ડ, નૌકાદળની કામગીરી ક્યાં અલગ પડે, ક્યાં ભેગી થાય?, કુદરતી–કૃત્રિમ આફત વખતે નૌકાદળની મદદ, નૌકાદળના જહાજો વિવિધ દેશોની મુલાકાત લે તેની પાછળની કૂટનિતિ અને આવા તો બીજા ઘણા વિષય જાણ્યા–સમજ્યા.

‘‘નૌકાદળ પછીની સફર ચંદીગઢ–અંબાલાની હતી. એરફોર્સનું ટ્રાન્સપોર્ટ બેઝ ચંદીગઢમાં છે. ફાઈટર વિમાનો વિશે આપણને વધુ માહિતી હોય, પરંતુ ટ્રાન્સપોર્ટ વિમાનો એટલા જ મહત્ત્વના છે. સિઆચેન જેવી ૨૦ હજાર ફીટની ઊંચાઈ પર આવેલી પોસ્ટ પર ટ્રાન્સપોર્ટ વિમાનો–હેલિકોપ્ટર જ રોજ રોજ સામાન પહોંચાડે છે. અત્યારે ભારતના તમામ ટ્રાન્સપોર્ટ વિમાનો દિવસ–રાત ઉડાન ભરી રહ્યા છે અને લદ્ધાખ સરહદે ૪૫ ટન



દિલ્હીમાં ભારતનું પ્રથમ રાષ્ટ્રીય શહિદ સ્મારક (નેશનલ વોર મેમોરિયલ) બન્યું છે. દરેક ભારતવાસીએ તેની મુલાકાત લેવી જોઈએ.



ચંદીગઢ એરફોર સ્ટેશન પર અમેરિકી બનાવટના ચિનૂક ટ્રાન્સપોર્ટ હેલિકોપ્ટર સાથે.



સંરક્ષણ મંત્રી સાથે મજાની વાતો..

વજનની ટેન્ક સહિતનો સામાન પહોંચાડી રહ્યા છે. એ વિમાનોનો અંદર અને બહારથી પરિચય મળ્યો.

‘‘અંબાલા એરફોર્સ સ્ટેશનને આજકાલ દેશવાસીઓ ઓળખવા લાગ્યા છે. કેમ કે ભારતને મળેલા ફાઈટર વિમાનો રફાલ ત્યાં ગોઠવાયા છે. ચંદીગઢથી ૫૦ કિલોમીટર દૂર અંબાલામાં એરફોર્સના ફાઈટર વિમાનોનું અતિ મહત્ત્વનું મથક આવેલું છે. અહીં જેગુઆર અને મિગ–૨૧ બાયસન જેવા વિમાનોની સ્કવોડ્રનો પણ રખાઈ છે. એ સિવાય એવુ ઘણુ બધું છે, જેની આપણને કલ્પના પણ હોતી નથી.

‘‘એરફોર્સનું કામ વધારે પડતું મશીનો સાથેનું છે. દરેક મશીનોમાં સેંકડો–હજારો અને ક્યારેક લાખો વાયરિંગ–ઈલેક્ટ્રોનિક્સ પાર્ટસ, મિકેનીકલ કનેક્શનો હોય છે. એમાંથી એકાદમાં ગરબડ સરજાય તો અકસ્માત થાય. અકસ્માત થાય ત્યારે આપણને સવાલ થતો હોય કે કેમ થતાં હશે.. તેના જવાબો ત્યાં મળ્યા. બીજા ઘણા બધા જવાબો પણ મળ્યા.

‘‘એરફોર્સ પછી પહોંચ્યો કાફલો જમ્મુ. કલમ ૩૭૦ પછી જમ્મુ જવાનું થયું એટલે મનમાં ઘણી શંકા–સવાલો હતા. કલમ ૩૭૦ હટાવ્યાને હજુ થોડા દિવસો જ થયા હતા. અમે બસમાં જઈ રહ્યાં હતા. ક્યારે કાશ્મીરમાં પ્રવેશ્યા અને ક્યારે જમ્મુના પાદરમાં પહોંચી ગયા તેની ખાસ ખબર ન પડી. જમ્મુમાં બેશક સુરક્ષાકર્મીઓનો જમાવડો છે, પરંતુ સ્થિતિ સામાન્ય હતી. સામાન્ય છે એટલે અમને રોજ સાંજે કોર્સમાંથી પર આવ્યા પછી (જો સમય વધે તો) ગામમાં આમ–તેમ રખડવાની છૂટ હતી.

‘‘જમ્મુ પાસે નગરોટા નામના ગામે આર્મીની ૧૬મી કોરનું હેડક્વાટર છે. આ કોર હેઠળ જ આપણને સમાચારોમાં નિયમિત વાંચવા–જોવા મળે છે એ રજૌરી, પૂંચ, અખનુર, નૌશેરાની લાઈન ઓફ કન્ટ્રોલ આવે છે. અઠવાડિયાના રોકાણ દરમિયાન લાઈન ઓફ કન્ટ્રોલની મુલાકાત લીધી, સિઝ ફાયર વાયોલેશન કોને કહેવાય એ સમજ્યા અને તેનો ન થવા જેવો (પણ યાદગાર) અનુભવ પણ થયો. ઓછામાં ઓછા ત્રણ સ્થળોએ અમને પાકિસ્તાની ફાયરિંગનો અનુભવ થયો. એટલે અમને કેટલાક સ્થળોએ તો ડોકા ઊંચા કરવાની મનાઈ ફરમાવાઈ હતી. કેમ કે એકાદ કિલોમીટર દૂર જ પાકિસ્તાની ચોકીઓ હતી. અમને એ ચોકીઓ દેખાતી હતી અને એમને અમે પણ..

‘‘ચારેક કિલોગ્રામ વજનનું બૂલેટ પ્રૂફ જેકેટ, એક–સવા કિલોગ્રામનો બૂલેટપ્રૂફ ટોપો પહેરીને સંવેદનશિલ વિસ્તારોમાં ફર્યા, પેટ્રોલિંગ કર્યું, રાતે પણ પેટ્રોલિંગ કર્યું અને સૈનિકો કેવી કઠણ જિંદગી ગુજારે છે, તેનો જાતઅનુભવ લીધો. એ ખરેખર અઘરું કામ છે.

‘‘જમ્મુ–કાશ્મીરમાં ભારતીય સૈન્યદળ ડબલ રોલ ભજવે છે. એક સરહદનું સંરક્ષણ, બીજો રોલ સિવિલ એડમિનિસ્ટ્રેશન જેવો છે. અનેક સરહદી વિસ્તારો એવા છે, જ્યાં સ્કૂલ–દવાખાના વગેરે પ્રાથમિક સુવિધા પહોંચી શકતી નથી. પરંતુ આર્મી એ કામ બખૂબી કરે છે. આર્મીની અફલાતૂન સ્કૂલો ચાલે છે, જેમાં દૂર દરાજના બાળકો ભણવા આવે છે. એમના માટે હોસ્ટેલ વગેરે સગવડ છે અને પછી એ બાળકો દેશભરમાં નામ પણ કાઢે છે. એ રીતે જરૂર પડ્યે મેડિકલ સુવિધા માટે આર્મી પળવારમાં હેલિકોપ્ટર ઉતારીને એર એમ્બ્યુલન્સ જેવી સેવા પુરી પાડે છે. જો આર્મી ન હોય તો સરહદી વિસ્તારમાં કોઈ સરકાર આ સુવિધાઓ પહોંચાડી ન શકે કેમ કે ૭૦ વર્ષમાં તો પહોંચી શકી નથી.

‘‘છેલ્લો ભાગ દિલ્હીમાં સાઉથ બ્લોક કહેવાતા રજવાડી બિલ્ડીંગમાં કામ કરતાં સંરક્ષણ મંત્રાલયની સમજણનો હતો. મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ કઈ રીતે કામ કરે.. કેટલા વિભાગ.. ક્યો નિર્ણય કોણ લે.. વગેરેની સમજણ આપી. રાજનાથ સિંહને સમય હતો એટલે અમને મળ્યાં પણ ખરાં.


‘‘કોર્સનો મૂળ ઉદ્દેશ લશ્કરની ત્રણેય પાંખો વિશેની સમજણ વિકસાવવાનો હતો. એ ઉદ્દેશ મારા કિસ્સામાં તો ૧૦૦ ટકા પૂર્ણ થયો છે. સમજણ તો વિકસી પરંતુ આર્મ્ડ ફોર્સિસ વિશે વિચારવાની દિશા પણ સદંતર બદલાઈ ગઈ છે.

‘‘આખો કોર્સ પૂર્ણ કર્યા પછી ત્રણ વાત સમજાઈ છે. ૧. આપણે બધા ત્રણેય સેના દ્વારા વેલ પ્રોટેક્ટેડ એટલે કે બરાબર સુરક્ષિત છીએ. ૨. કોઈ કોર્પોરેટ કંપની કે કોઈ સરકારી વિભાગમાં લશ્કરની ત્રણેય પાંખ જેટલું શિસ્ત, પ્રોફેશનાલિજમ, નમ્રતા, પ્રતિબદ્ધતા અને પોતાના કામમાં નિપૂણતા.. જોવા મળે એવું અશક્ય છે. ૩.ત્રણેય પાંખો પાસે અસાધારણ અને આપણે કલ્પના ન કરી શકીએ એવી ટેકનોલોજી છે, જે સરહદો સુરક્ષિત રાખવામાં મદદ કરે છે.

વિશ્વકર્મા વિશ્વ
દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૦

# સ્પંદનો

**• અનિલ અંબાસણા**



સ્પંદન(Stroke)એ વ્યક્તિના અસ્તિત્વના હોવાપણાની લોકોએ વિકસાવેલી વ્યક્તિની એક આગવી ઓળખ છે. સ્પંદન વ્યક્તિની સામાજિક સ્વીકૃતિનો એકમ છે. એક સામાજિક પ્રાણી તરીકે સમાજમાં વ્યક્તિની ઓળખનું અસ્તિત્વ હોય છે. એ અસ્તિત્વની ઓળખનો સમાજના સભ્યો દ્વારા સ્વીકાર થવો ખૂબ જરૂરી છે. જો સમાજમાં વ્યક્તિના અસ્તિત્વની ઓળખની સ્વીકૃતિ જ ન હોય તો તે ખૂબ જ ગંભીર બાબત કહેવાય. વ્યક્તિના હોવાપણા કે હાજરીની નોંધ જ લેવાતી ન હોય ત્યારે જીવન જીવવું દુષ્કર બની જાય. આ સંજોગમાં વ્યક્તિ સમુહમાં હોવા છતાં એકલતા અનુભવે છે. તેના જીવવાનો, હોવાનો કશો અર્થ રહેતો નથી એવું તે અનુભવવા લાગે છે. પોતે અયોગ્ય છે, પોતે બરાબર નથી (I am not OK)ની જીવન અવસ્થામાં સરકી પડે છે. વ્યક્તિ શારીરિક અને માનસિક રીતે અસ્વસ્થ થવા માંડે છે. તેમાંથી બચવા માટે તે અજાણતા જ આક્રમક બને છે, પાગલ બને છે, વાતચીતનો વ્યવહાર બંધ કરી દે છે, સુનમુન થઇ જાય છે, એકલા રહેવાનું પસંદ કરે છે કે ક્યારેક ઘર છોડી ચાલી જાય છે અને વિકટ/ અસહ્ય પરિસ્થિતિમાં આત્મહત્યા, આપઘાત કે આત્મવિલોપન પણ કરી બેસે છે.

જેમ અસ્તિત્વ ટકાવી રાખવા માટે વ્યક્તિને પ્રાથમિક જૈવિક જરૂરીયાતો હવા, પાણી, ખોરાક અને યોગ્ય તાપમાનની જરૂર પડે છે, તેવું જ સ્પંદનનોની બાબતમાં પણ હોય છે. સ્પંદનો આપી શકાય છે, સ્પંદનો મેળવી શકાય છે. સ્પંદનો શાબ્દિક, અશાબ્દિક કે બન્નેના મિશ્રણ સ્વરૂપે હોય શકે. સ્પંદનોના ઉદાહરણો જોઈએ તો ...

- નજર મળતા હાથ ઉંચો કરવો • કેમ છો, પૂછવું,
- મજામાં, આનંદમાં, ઈશ્વરની દયા છે, પ્રભુ કૃપા છે, એમ પ્રત્યુતર વાળવો,
- હસ્તધૂનન કરવું,આલિંગન આપવું, • મહાદેવ, જયશ્રી કૃષ્ણ, રામ રામ કહેવું,
- પીઠ થાબળવી • તાળી પાડવી, સ્મિત આપવું, • આભાર માનવો
- ઋણ સ્વીકાર કરવો, • ક્ષમાયાચના કરવી • ક્ષમાપના કરવી,
- દિલગીરી અભિવ્યક્ત કરવી, ... વગેરે

આવા સ્પંદનોની આપલે કરવાથી વ્યક્તિને સારું લાગે છે, હળવાશ અનુભવે છે, જીવવું ગમે છે. હું બરાબર છું, હું સ્વસ્થ છું જેવી લાગણી અનુભવે છે.આવા સ્પંદનો આંતરવૈયક્તિક (ઈંક્ષર્યિં ડ્યતિજ્ઞક્ષફ)સંબંધો બાંધવામાં અને જાળવવામાં ઘણા ઉપયોગી સાબિત થાય છે. પ્રત્યેક વ્યક્તિને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે સ્પંદનોની જરૂર પડે છે; પછી વ્યક્તિ ગમે તે ભૂમિકામાં, ગમે તે હોદા, સ્થાન કે કક્ષા પર કેમ ન હોય. વ્યક્તિ માત્ર સ્પંદનોની ભૂખી હોય છે. સ્પંદનો દ્વારા જ વ્યક્તિનું મનોબળ મજબૂત બનતું હોય છે.

આગળ ઉદાહરણ સ્વરૂપે દર્શાવેલા સ્પંદનો હકારાત્મક પ્રકારના સ્પંદનો છે. એજ રીતે જે સ્પંદનો વ્યક્તિમાં હતાશા, નિરાશા, વૈફલ્ય, તિરસ્કાર, ધૃણા, દુઃખ, દર્દ, અપમાન, લઘુતા કે હીનતા જેવી લાગણીઓ પેદા કરે છે. આવા સ્પંદનોને નકારાત્મક સ્પંદનો કહે છે. આવા સ્પંદનો વાતચીતના વ્યવહારના સંબંધનો અંત લાવે છે. આ સ્પંદનો હું બરાબર નથી (ઈ ફળ ક્ષજ્ઞધિઉં), હું કશા કામનો કે ઉપયોગનો નથી જેવી વૈફલ્યની ભાવના ઉત્પન કરે છે.

જો કોઈ વ્યક્તિને કશું કાર્ય કર્યા પછી સ્પંદન આપવામાં આવે તો તે શરતી સ્પંદન કહેવાય. કારણ કે આ સ્પંદન કરેલા કાર્યની ગુણવતા, કાર્યના પરિણામ, કાર્યની સફળતા, સંતોષ પર નિર્ભર છે, આધારિત છે. જેમ કે ...

- સરસ, આ વખતે તમે ખૂબ જ સમયસર કાર્ય પૂરું કર્યું.
- અભિનંદન, આ વખતનું તારું પરિણામ આગલી પરીક્ષા કરતાં ઘણું સારું આવ્યું છે.
- શું વાત છે, બે પાના અને તે પણ ભૂલ વગર ટાઇપ કરતા જરાય વાર ન લાગી !
- ઈ–મેઈલ ન કર્યા સિવાયનું બાકીનું બધું જ કામ બરાબર થયું છે.

**જો સમાજમાં વ્યક્તિના અસ્તિત્વની ઓળખની સ્વીકૃતિ જ ન હોય તો તે ખૂબ જ ગંભીર બાબત કહેવાય. વ્યક્તિના હોવાપણા કે હાજરીની નોંધ જ લેવાતી ન હોય ત્યારે જીવન જીવવું દુષ્કર બની જાય.**

● ઉત્સાહથી સાહેબને ગુડ મોર્નિંગ કહ્યું; પણ સામેથી પ્રતિચાર ન મળ્યો. (હમણાં હમણાં તમને ઓફિસે પહોંચવામાં થોડું મોડું થયા કરે છે).

કોઈ જાતની શરત વગર અપાતા સ્પંદનો ખૂબ જ અસરકારક હોય છે.તે હકારાત્મક કે નકારાત્મક હોય શકે.બિનશરતી હકારાત્મક સ્પંદનો આપવા અને લેવા લોકોને ગમે છે. જ્યારે બિનશરતી નકારાત્મક સ્પંદનો અતિ અવળી અસર ઉત્પન કરે છે. શક્ય હોય ત્યાં સુધી બિનશરતી નકારાત્મક સ્પંદનો આપવા નહિ. બિનશરતી હકારાત્મક અને નકારાત્મક સ્પંદનોઆવા હોય શકે ...

બિનશરતી હકારાત્મકસ્પંદનો

● દોસ્ત, ખબર નહિ કેમ પણ તારી સાથે વાતચીત કરવી ગમે છે.

● એમની વાત જ જવા દો, એમને સંભાળવા એક લાહવો છે.

● બસ, તમે મને ગમો છો.

● આવ, આવ દોસ્ત કહીને ભેટી પડવું.

● સાંજે ઘેર આવતા અને પાછળ મોગરાની વેણી સંતાડતા પત્નીને કહે, પ્રિયે બોલ તારા માટે શું લાવ્યો હોઈશ?

● એમની સાથે કલાકોના કલાકો બેસવું ગમે.

બિનશરતી નકારાત્મક સ્પંદનો

● ચાલ, નીકળઅહીંથી.

● મારે તારી સાથે બીલકુલ વાત કરવી નથી.

● ફરી તારું મોઢું મને બતાવીશ નહિ.

● ખૂબ મોડેથી વર્ગમાં આવતા વિદ્યાર્થીને કટાક્ષયુક્ત રીતે અધ્યાપક કહે; પધારો, આવતા પીરીયડ માટે ખૂબ વહેલા છો.

● હવે પછી મને મળવા આવતા નહિ.

● આપની વાત પૂરી થઈ? આપ જઈ શકો છો.

● એક કામ કરો, મારી જગ્યાએ તમે આવતા રહો.

● શું કરવું, એ તમે મને શીખવશો?

● તમને ઠીક લાગે તે કરો, હું તો આઉટ ડેટેડ છું.

નિર્જીવ પદાર્થો સિવાય બધાને સ્પંદનોની જરૂર પડે છે. પ્રાણીઓ અને પંખીઓનેતાલીમ આપતી વખતે હકારાત્મક સ્પંદનોનો ભરપુર માત્રામાં ઉપયોગ કરવામાં આવે છે. પ્રાણીઅને પંખીશીખવાનું દરેક સોપાન સફળતાપૂર્વક પાર કરે ત્યારે ટ્રેનર તેના શરીરને સ્પર્શે છે, પંપાળે છે, થાબડે છે અને શાબ્દિક રીતે બિરદાવે છે. ત્યારબાદ ખાવાનું દે છે.માણસ સામાજિક પ્રાણી છે. માણસને પણ સ્પંદનોની જરૂર પડે.

પ્રારંભમાં અને નાના હોઈએ ત્યારે વધારે હકારાત્મક સ્પંદનોની જરૂર પડે.ખાસ કરીને સ્પર્શ તેમજ પ્રોત્સાહક શાબ્દિક સ્પંદનોની. જેમ જેમ મોટા થતા જઈએ, વધારે અનુભવો મળતા જાય, કાર્યમાં ફાવટ આવતી જાય, યોગ્ય વર્તનો ટેવોનું, આદતોનું સ્વરૂપ ધારણ કરવા લાગે અને પછી પરિપક્વ થતા જઈએ તેમ સ્પર્શ સ્પંદનોની જરૂરીયાત ઘટતી જાય છે. કદર સ્વરૂપે લિખિત અને ભેટ સ્વરૂપે મળતા સ્પંદનોનો પ્રભાવ વ્યક્તિ પર સારો અને લાંબા સમય સુધી અને ક્યારેક તો જીવનપર્યંત રહે છે.આવા સ્પંદનો સદવર્તનનો માટેનો મુખ્ય સ્રોત બની રહે છે.

અન–ઈચ્છિત, અયોગ્ય વર્તન વ્યવહારના નિયંત્રણ કે સુધાર માટે શરતી નકારાત્મક સ્પંદનો આપી શકાય. હળવા શરતી નકારાત્મક સ્પંદનો વ્યક્તિ પર ઓછી વિપરીત અસર કરે છે.પરંતુ વ્યક્તિ નકારાત્મક સ્પંદન મળવા પાછળના કારણોથી માહિતગાર થાય છે,સજાગ થાય છે. ભૂતકાળના શરતી નકારાત્મક સ્પંદનની અસર એક પ્રકારની બીક પેદા કરે છે. જે વ્યક્તિને ખોટા, અયોગ્ય, અન–ઈચ્છિત વર્તન વ્યવહાર કરતા રોકે છે.જેમ કે ...

● જો સમયસર કામ થઇ શકે તેમ ન હોય તો તમારો કોન્ટ્રેક ચાલુ રાખવો કે કેમ તે વિચારવું પડે.

● લેશન ન કરો તો વાંધો નહિ, આજે સર્કસમાં જવાનું નથી.

● શાળાએ મોડા આવો એ તમારા જેવા સારા વિદ્યાર્થી માટે યોગ્ય ન કહેવાય.

● પપ્પા, તમે મને ખૂબજ ગમો છો, પણ જ્યારે માવો ખાવ છો ત્યારે બિલકુલ ગમતા નથી.

● જે મમ્મીનું કહ્યું ન માને, તેની સાથે હું બોલતો નથી.

● જયારે તું ખીચડી ખાતી નથી, ત્યારે મને તું જરાય ગમતી નથી.

● ના દાદુ હું ગુડ ગર્લ છું, હવે એવું નહિ કરું બસ.

● કેમ સંભળાતું નથી? એકવાર ના પાડીને, પછી મૂકી દેવાનું.

● જો હવે રાડ પાડી છેને, તો એક થપ્પડ મારી દઈશ.

આ ઉદાહરણો શરતી નકારાત્મક સ્પંદનોના છે. તે વ્યક્તિને લેવા, સંભાળવા ગમતા નથી. અણગમો પેદા થાય છે. નારાજગી પેદા કરે છે. અને સામા પક્ષે સોરી, હવે નહિ કરું, જેવા પ્રતિચારોની અપેક્ષા રહે છે.

તીવ્ર આક્રમક નકારાત્મક સ્પંદનો જેવા કે ગુસ્સો કરવો, ધમકી આપવી, મોટે મોટેથી બુમબરાડા પાડવા, રાડો પાડી ઉંચેથી બોલવું, હાથમાં રહેલી કે નજીકની વસ્તુનો ઘા કરવો, હાથ પગ પછાડવા, મારામારી કરવી, હાથ ઉપાડવો, અપશબ્દો બોલવા, તોછડાઈ કરવી, બોલવાનું બંધ કરી દેવું, બધી વાતનો ઉલટો જ અર્થ કાઢવો, ભૂતકાળ ઉખેડવો, મહેણા–ટોણા મારવા, વગેરે વ્યક્તિ પર ખૂબ જ વિપરીત અસર કરે છે. આ અસર ઓછી કરવી કે દુર કરવી કેટલીક વાર લગભગ અશક્ય બની જાય છે. અવાર નવાર આવા આક્રમક નકારાત્મક સ્પંદનોથી વ્યક્તિ કાંતો ટેવાય જાય છે છે અને મીંઢાં, રીઢા બની જાય અથવા સ્વ–આદર(જ્યહર ઊતચિંચળ) ગુમાવી દે. હું બરાબર નથી (ઈં ફળ ક્ષજ્ઞ ધિઊં)ની લાચારીની લાગણીનો ભોગ બની બેસે છે.

ટૂંકમાં, માણસ માત્રને સ્પંદન, હકારાત્મક સ્પંદનની ભૂખ હોય છે. તે હવા, પાણી અને ખોરાક જેટલી જ પ્રાથમિક જરૂરિયાત ધરાવે છે. નકારાત્મક સ્પંદન બને ત્યાં સુધી ન આપવા. અને આપવા જ પડે તો શરતી નકારાત્મક આપવા. કારણ સાથે આપવા.

પારિવારિક કે વ્યવસાયિક સંબંધોમાં હકારાત્મક સ્પંદનો કોને કોને, ક્યારે ક્યારે આપી શકાય તેની નમુના રૂપ યાદી આપી છે.

● વહેલું સુવું, વહેલું ઉઠવું,

● પહેરવેશ, દેખાવમાં સુઘડતા દેખાય,

● દ્રઢતા, આત્મવિશ્વાસ, સ્વ–આદર

● કાર્યની પરત્વેની પ્રતિબધ્ધતાઃ કાર્યનો પ્રારંભ કરવાની, કાર્યને ચાલુ રાખવાની, કાર્યમાં એકાગ્રતા જાળવવાની અને કાર્યને પુર્ણતા સુધી લઇ જવાની,

● બૌધિક, માનસિક ક્ષમતા ● સર્જનશીલતા,

● વિચારોની મૌલિકતા ● હકારાત્મક વલણ,

● જુથમાં સામેલગીરી, જુથમાં કાર્ય કરવાની પહેલ,

● ફરજ પાલન ● નિષ્ઠા, પ્રામાણિકતા,

● જવાબદારીનો સ્વીકાર ● નિયમિતતા, શિસ્તના આગ્રહી,

● કાર્યમાં ચોક્કસાઈ, ઉત્સાહ

● સ્વતંત્ર રીતે નિર્ણય લેવાની ક્ષમતા,

● નેતૃત્વ ક્ષમતા, લોકો પાસેથી કામ લેવાની કુનેહ

● આજ્ઞાંકિતતા,

● વિશ્વાસુ, ભરોસાપાત્રતા, વફાદારી,

● નમ્રતા, વિવેક,

● સફળતાની વહેંચણી, નિષ્ફળતાની જવાબદારી,

ચારીત્ર, મુલ્યોની જાળવણી,

તો રાહ કોની જુઓ છો? આજથી જ, અત્યારથી જ સંબંધોમાં શરતી કે બિન શરતી હકારાત્મક સ્પંદનો આપવાનું શરૂ કરો.

# નવા વર્ષના આપણા આર્થિક પડકારો

• ડો. તુષાર હાથી





આપણા દેશમાંકૂલ આવકનું પ્રમાણ વધે છે ત્યારે પણ આખા દેશના બધા જ કુટુંબોની આવક વધતી નથી એટલે કે આવકની વધતી જતી અસમાનતા મોટી ચિંતા ઉપજાવે છે.

વિક્રમ સંવંત ૨૦૭૬ નું નવું વર્ષ ૧૫મી નવેમ્બર રવિવારથી શરૂ થાય છે અને અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે ૨૦૨૧નું નવું વર્ષ ૧લી જાન્યુઆરીએ શુક્રવારથી શરુ થાય છે. આપણે સહુ માનવતા અને સંસ્કારથી સહુનું નવું વર્ષ સારું જાય તેવી ભાવના વ્યક્ત કરતા હોઈએ છીએ પરંતુ આપણને સહુને ખબર છે કે કેવળ ઈચ્છાથી બધું જ ધાર્યું કે સારું થતું નથી. આપણેજ્યારેનવા વર્ષમાં જઈ રહ્યા છીએ ત્યારે આપણી સામે એટલેકે આપણા દેશ સામે ઘણા પડકારો આવીને ઉભા છે.

સહુપ્રથમ તો હજી આપણે અવઢવમાં છીએ કે શું આપણે કોરોનાની મહામારીમાંથી વહેલી તકે મુક્ત થઈ શકશું ખરા? અનેમુક્ત થયા પછી પણ આપણા જીવન વ્યવહારો સરળ બની રહેશે ખરા? આજની તારીખે આપણને જે ચિત્ર જોવા મળે છે તે વાસ્તવમાં બહુ સારું નથી સમગ્ર દેશમાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ગરીબીનું પ્રમાણ સહજ રીતે વધતું ગયું છે. વર્તમાન પત્રોમાં આપણે વાંચીએ અને ટીવી ચેનલ ઉપર જોઈએ ત્યારે આપણે ખુબ ખુશ થઈએ અને આપણને એમ પણ લાગે કે મેરા ભારત મહાન પણ બીજી જ ઘડીએ વાસ્તવિકતાનો વિચાર કરીએ ત્યારે કંપારી છૂટી જાય. આપણા દેશમાંકૂલ આવકનું પ્રમાણ વધે છે ત્યારે પણ આખા દેશના બધા જ કુટુંબોની આવક વધતી નથી એટલે કે આવકની વધતી જતી અસમાનતા મોટી ચિંતા ઉપજાવે છે. આપણે ગુજરાતી તરીકે ગૌરવ લઈએ કે મુકેશભાઈ અંબાણી અને ગૌતમભાઈ અદાણી જેવા મહારથીઓ દેશના પ્રથમ પાંચ ધનપતિઓમાં છે, મુકેશભાઈ દુનિયાના પ્રથમ ૧૦ માં છે પણ આપણા જ દેશમાં સામાન્ય મુકેશભાઈ અને ગૌતમભાઈની સ્થિતિ ઘણી નબળી છે. આપણા દેશના પહેલા ૫ ધનપતિઓની સંપત્તિઓનો સરવાળો દેશની કૂલ આવકને પણ ટપી જાય છે પણ તેથી દરેક ભારતીયના ઘરમાં ઘીનો દીવો થતો નથી આ કડવી વાસ્તવિકતા છે. આ

અસમાનતા હવે વધવાની સંભાવના છે કારણ કે જેમની પાસે સાધનસંપત્તિ છે તે તેમની સાધનસંપત્તિના ઉપયોગથી વધારેને વધારે સંપત્તિ એકત્રિત કરશે અને તેથી ઊલટું જેમની પાસે ઓછા સાધન સંપત્તિ છે તેવા નબળા લોકો ધીમેધીમે વધારે ગરીબ બનતા જશે.

એ હકીકત છે કે છેલ્લા ૧૦ વર્ષમાં આપણા દેશમાં અનાજનું ઉત્પાદન મબલક થયું છે હકીકતમાં અનાજના કોઠારો છલોછલ છે આ ઈશ્વરની કૃપા છે અને આપણા ખેડૂતોની મહેનત છે. જો આપણા આ કોઠારો છલોછલ ન હોત તો લોકડાઉન દરમ્યાન અને આજે પણ ગરીબ કુટુંબોના ઘરમાં ખુબ સસ્તા ભાવે અને આટલા મોટા પ્રમાણમાં અનાજનું વિતરણ થઈ શક્યું ન હોત પણઆમ હોવા છતાં બીજી કડવી વાસ્તવિકતા એ છે કે આપણો દેશકૂલ૧૨૦ દેશોમાં ભૂખમરામાં ૧૦૨ નંબરે છે એટલે કે અનાજનું વિપુલ ઉત્પાદન હોવા છતાં આપણા દેશનાનબળા અને અશક્ત કુટુંબોને આપણે જરૂર પુરતું પણ અનાજ પહોંચાડી શક્યા નથી તે આપણા આયોજનની નિષ્ફળતા છે, આપણા વહીવટી તંત્રની મર્યાદા છે.

**આપણે નવા વર્ષે જે સમજદારી ઉભી કરવાની છે તેમાં આપણે રાજકીય અંધશ્રદ્ધામાંથી પણ મુક્ત થવાનું છે.**

આપણા દેશમાં જે ઔદ્યોગિક સંપત્તિ જોવા મળે છે તેની લગભગ ૪૦% સંપત્તિ તામિલનાડુ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં જ છે. જો નાના ઉદ્યોગો, સૂક્ષ્મઉદ્યોગો બધાનું ચિત્ર તપાસીએ તો ભારતના ટોચના ૧૦ રાજ્યોમાં ૮૦% સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો આવેલા છે સ્વાભાવિક રીતે જ જે પ્રાંતોમાં આવા ઉદ્યોગો છે તે જ પ્રાંતોમાં કામદારોને રોજીરોટી વધારે મળે છે. લોકડાઉનના કારણે ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ, દિલ્હી જેવા પ્રદેશોમાંથી કારખાના બંધ હોવાના કારણે મજૂરો કુટુંબ, કબીલા સાથે ચાલતા–ચાલતા અને પછીથી ટ્રેનમાં માદરે વતન પહોંચ્યા ત્યારે આપણને ખબર પડી કે ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા, ઝારખંડ, મધ્યપ્રદેશ છતીસગઢ કે રાજસ્થાનમાંથી કૂલ મળીને ૭ થી ૮ કરોડ મજૂરો જ્યાં કારખાનાઓ વધારે છે તેવા પ્રાંતોમાં કામ કરવા જાય છે. આ મજૂરોને સરકારે મનરેગા યોજના હેઠળ તેઓ વતનમાં છે તે દરમ્યાન કામ મળી રહે એટલા માટે કૂલ ૧ લાખ કરોડ રૂપિયા પણ ફાળવ્યા પરંતુ આપણે એ ન ભૂલીએ કે ગ્રામ્ય વિસ્તારમાં મનરેગા યોજના હેઠળ કામ કરતા મજુરોને રોજનું સરેરાશ ૨૦૨ થી ૨૨૦ રૂપિયાની વચ્ચે વેતન ચૂકવાય છે જે સરકારે નક્કી કરેલા લઘુતમ વેતન કરતા પણ ઓછું છે અને કારખાનામાં છૂટક મજૂરીએ કામ કરતા મજૂરોને મળતા રોજના વેતન કરતા પણ ઓછું છે આ આપણા માટેનો મોટો પડકાર છે.

આપણા દેશમાં હજુ પણ ૨૨% કુટુંબો એવા છે કેજેના ઘરમાં બારેમાસ પીવાનું ચોખ્ખું પાણી નિયમિત રીતે મળી શકતું નથી. સરકારે ૨૦૨૨ ની ૧૫ ઓગસ્ટ સુધીમાં ભારતમાં વસતા બધા જ બેઘરકુટુંબોને નાનું પણ પોતીકું ઘર મળી રહે તેવી યોજના કરી છે એ મળ્યા પછી પણ ઘરની સુવિધાનો પ્રશ્ન તો ઉભો જ રહેશે.

લોકડાઉન પછી આપણી બધી જ શિક્ષણ સંસ્થાઓ બંધ છે વિશ્વ બેન્કે અભ્યાસ કરીને એમ કીધું છે કે આ સમયગાળા દરમ્યાન શાળા, કોલેજો બંધ રહેવાના કારણે ભારતને લગભગ ૪૦૦ અબજ ડોલરની નુકસાની છે. આપણે આપણા બાળકોને ઓનલાઈન શિક્ષણમાં વ્યસ્ત કર્યા છે પણ આપણે એ ન ભૂલીએ કે ગુજરાતમાં જ ડાંગ, ડેડીયાપાડા, છોટાઉદેપુર, વિજયનગર કંપા, દાંતા કે અમીરગઢ જેવા વિસ્તારમાં ભણતા આદિવાસી બાળકો ઓનલાઈન શિક્ષણનો લાભ લેવા માટે ઝાડ ઉપર ચઢે છે ત્યારે નેટવર્ક મળે છે. આપણે બાળકોના વખાણ કરીએ કે તેઓની આ ભણવાની નિષ્ઠા કહેવાય પણ આપણી એ શરમ છે કે આપણા જ બાળકોને ઘરે બેસીને ભણી શકે એવું નેટવર્ક પણ હજી આપણે આપી શક્યા નથી.

પડકારો ઘણા મોટા છે આપણે આત્મનિર્ભર બનવું છે એટલે કે સરકાર કહે છે તેમ આપણે અત્યારે જે વસ્તુની આયાત કરીએ છીએ તે ધીમેધીમે ઓછી કરીને ઘરઆંગણે તેનું ઉત્પાદન કરવું છે તો આ માટેનો કાચો માલ પણ જોઈશે, આ માટે મૂડીરોકાણ પણ કરવું પડશે, આ માટે જરૂરી કૌશલ્ય ધરાવતું માનવધન પણ જોઈશે આ બધું જ અસંભવ નથી પરંતુ કપરું જરૂર છે કારણ કે આપણે પોતે સંગઠિત પણ નથી અને આપણે એટલો પુરુષાર્થ કરવાને ટેવાયેલા પણ નથી. આપણે વહેંચણી માટેનો પણ યોગ્ય રસ્તો વિચાર કરવો પડશે.

નવા વર્ષે આપણે ઈશ્વરને પ્રાર્થના ચોક્કસ કરીએ અને હંમેશા પ્રાર્થના કરીએ આપણે દેવ દર્શને પણ ચોક્કસ જઈએ, આપણે પૂજાપાઠ પણ કરીએ પણ આપણે એ ન ભૂલીએ કે આપણી આસપાસમાં વસતા માણસો એટલે કે માણસ માત્ર એ જીવતું જાગતું મંદિર છે. ઈશ્વરની પૂજા કરવાની ના નથી પણ માણસ ભૂખ્યો રહે,માણસ બેઘર રહે, માણસ બેરોજગાર રહે અને આપણા મંદિરો ઉપર સોનાના કાળશ ચઢતા રહે તો તે આપણી નાસમજદારી છે. આપણી પાસે જે છે તેનો એક ભાગ ઈશ્વના ચરણે જરૂર ધરીએ પણ કેવળ ઈશ્વરને જ આપીએ અને માણસની ઉપેક્ષા કરીએ તો સરકાર ગમે તે આવશે અર્થતંત્ર સુધારશે નહીં.

આપણે નવા વર્ષે જે સમજદારી ઉભી કરવાની છે તેમાં આપણે રાજકીય અંધશ્રદ્ધામાંથી પણ મુક્ત થવાનું છે. આપણને ખબર છે કે આપણે જેમને ચૂંટીને મોકલીએ છીએ તે પ્રતિનિધિઓ

આપણને કે સમાજને એકંદરે વફાદાર રહેતા નથી અને આ અનુભવ હંમેશને માટે થતોરહ્યો છે એટલે આર્થિક સ્થિરતા માટે પણ આપણે નાગરિક બનીએ. જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય,પંથ વગેરે જોવાને બદલે નાગરિક તરીકે જે સારો છે, જે જવાબદાર છે,જે પ્રમાણિક છે તેને ચૂંટીને મોકલીએ અને એ ન ભૂલીએ કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ એ આપણા સેવકો છે જ નહીં માટે આપણે તેમને સેવક સમજીને તેમના ઉપર આધારિત ન રહીએ જો આર્થિક સ્થિતિ સુધારવી હોય તો આવનારા દિવસોમાં આપણે આટલું ચોક્કસ કરીએ

૧.બિન જરૂરી ખર્ચ બંધ કરીએ અથવા ઓછો કરીએ,

૨. આપણો ખર્ચ આપણી સ્થિરતા માટે કરીએ દેખાદેખીથી ન કરીએ,

૩. જ્યાં કામ કરીએ છીએ ત્યાં પ્રમાણિકતાથી, પૂરી મહેનતથી કામ કરીને પૂરેપૂરું વળતર મેળવવાના હકદાર બનીએ,

૪.આપણે નાના કે મોટા માલિક છીએ તો આપણા નફામાંથી થોડોક ભાગ ઓછો કરીને આપણી સાથે રહેલા કામદારોની વચ્ચે વળતરમાં તે વહેંચીએ,

૫. આપણી કરકસરઆપણને જ ઉપયોગી બનશે.વધુ મહેનત કરીએ અને કોઈપણ કામ મહેનતવાળું હોય તે ચોક્કસ કરીએ.

૬.જેને જરૂર છે તેવા જ કુટુંબો જરૂર પુરતી જ સબસીડીનો ઉપયોગ કરે અને આપણે એક નાગરિક તરીકે ખેતીમાં,ઉદ્યોગમાં, કારખાનામાં જ્યાં છીએ ત્યાં પુરતી જવાબદારીથી, ખંતથી એટલી મહેનત કરીએ કે આપણા દેશને આત્મનિર્ભર કરવામાં આપણી પણ ટચલી આંગળી જોડાયેલી હોય.

ગુજરાતી ભાષાના કવિ નાથાભાઈએ યોગ્ય જ ગાયું છે કે, ખેતર ખેડીને કરો સીમ સોહામણી બાંધો રે નદીયું ના નીર માગે છે મુલક આજ મહેનત મજિયારી હૈયા ના માગે ખમીર.


# વિશ્વકર્મા વિશ્વ

## ઘર બેઠા લવાજમ ભરો,
## ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.




Paytm G Pay


**મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર**
**Paytm અથવા G Pay કરો**

**અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...**

**www.vishwakarmavishwa.com પર તેમજ વિશ્વકર્મા વિશ્વની મોબાઈલ એપ ડાઉનલોડ કરીને પણ આપ લવાજમ ભરી શકો છો...**

# હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મ્યુઝિકલ ચેર ગેમ!

• આશુ પટેલ



'મુન્નાભાઈ એમ.બી.બી.એસ.' પહેલાં શાહરૂખને ઓફર થઈ હતીઃ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' સૈફ અલી ખાનને ઓફર થઈ હતી! : 'બાઝીગર' આમિર ખાનને ઓફર થઈ હતી !


થોડા સમય અગાઉ એક રેડિયો પ્રોગ્રામથી જાણવા મળ્યું કે 'મુન્નાભાઈ એમ.બીબી.એસ.' ફિલ્મ પહેલાં શાહરૂખ ખાનને ઓફર થઈ હતી, પણ તે ફિલ્મ કરવા તૈયાર ના થયો એટલે પછી સંજય દત્તને ફિલ્મની ઓફર થઈ જે તેણે સ્વીકારી લીધી. એ વાત પરથી આ લેખનો વિષય સૂઝ્યો. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની એવી ઘણી ફિલ્મો છે જે પહેલાં અન્ય કોઈ હીરો કે હિરોઈનને ઓફર થઈ હોય, પણ તેમણે એ ફિલ્મ ઠુકરાવી હોય એટલે બીજા કોઈને એ ફિલ્મ મળી હોય અને પછી એ ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હોય.

શાહરુખ ખાને 'મુન્નાભાઈ એમ.બી.બી.એસ.' ફિલ્મ ઠુકરાવી હતી અને સંજય દત્તને મળી ગઈ, પણ બીજા અનેક હીરોએ ઠુકરાવેલી ફિલ્મ શાહરુખને મળી હોય અને ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હોય એવા અનેક કિસ્સાઓ છે.

જે ફિલ્મને કારણે શાહરૂખ ખાન હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં છવાઈ ગયો 'બાઝીગર' ફિલ્મ પહેલાં આમિર ખાનને ઓફર થઈ હતી, પણ તેણે એ ફિલ્મ સ્વીકારી નહોતી. પછી એ ફિલ્મની ઓફર સલમાન ખાનને થઈ. સલમાને પણ એ ફિલ્મ ઠુકરાવી. ત્યારબાદ અનિલ કપૂરનો ફિલ્મ માટે સંપર્ક કરાયો, પણ તેણેય એ ફિલ્મ કરવાની ના પાડી. એટલે છેવટે શાહરુખને એ ફિલ્મ મળી!

આવું 'ડર' ફિલ્મના કિસ્સામાં પણ બન્યું હતું. 'ડર' ફિલ્મ પણ પહેલાં સલમાન ખાનને અને પછી આમિર ખાનને ઓફર થઈ હતી, પણ તે બંનેએ ફિલ્મ સાઈન કરવાનો નનૈયો ભણ્યો. પછી પણ એ ફિલ્મમાં વધુ એક ટ્વિસ્ટ આવ્યો હતો. 'ડર' ફિલ્મમાં શાહરુખ ખાને જે રોલ કર્યો હતો એ રોલ સની દેઓલને ઓફર થયો હતો, પણ સની દેઓલે નેગેટિવ રોલ કરવાની ના પાડી હતી એટલે શાહરૂખને એ રોલ ઓફર થયો હતો.

શાહરૂખને 'દીવાના' ફિલ્મ ખૂબ ફળી હતી. એ ફિલ્મમાં શાહરૂખે જે રોલ કર્યો હતો એ માટે અરમાન કોહલીને ઓફર થઈ હતી, પણ તેણે ફિલ્મ સ્વીકારી નહીં એટલે શાહરુખને ફિલ્મ ઓફર થઈ હતી.


Pankajbhai Bhesania - 98206 01094
Even The Stars Pale
Before Our Dazzling Diamonds....
VINAYAK DIAMOND
Govt. of India Recognised Export House
Diamond Manufacturers, Importers & Exporters
214, Shreeji Diamond Industrial Estate, S.N. Dube Road, Dahisar(East), Mumbai.




## સર્વે કામદાર ભાઈઓને
## દિપાવલીની
## હાર્દિક શુભકામનાઓ...







**મા. શ્રી પ્રવીણકુમાર બોરાણિયા**
(મુંબઈ અધ્યક્ષ)

**માનનીય શ્રી અભિજીત રાણે**
(સંસ્થાપક - મહાસચિવ)


**સૌ. ભાનુબેન કવા**
(મુંબઈ ઉપાધ્યક્ષ)

# ધડક કામગાર યુનિયન
# ધડક સુથાર કારપેન્ટર યુનિયન

ધડક કામગાર ભવ, ભંડાર કાર્યાલય, શંકરમન સ્ટુડિયો પાસે,
આર્યે કોલોની યુનિટ નં. ૨, ગોરેગાંવ (ઈ), મુંબઈ - ૪૦૦૦૬૫

'કરણ અર્જુન' ફિલ્મના કિસ્સામાં પણ એવું બન્યું હતું. એ ફિલ્મ પહેલાં અજય દેવગણને ઓફર થઈ ગઈ હતી, પણ તેણે એ ફિલ્મ કરવાની ના પાડી હતી એટલે શાહરૂખને વધુ એક સુપરહિટ સાબિત ફિલ્મ મળી ગઈ હતી.


જોકે શાહરૂખે ઘણી એવી ફિલ્મો ઠુકરાવી હતી કે જે સુપરહિટ થઈ હોય. આશુતોષ ગોવારિકર 'લગાન'ની સ્ક્રિપ્ટ લઈને પહેલાં શાહરુખ પાસે ગયા હતા, પણ શાહરૂખને સ્ક્રિપ્ટમાં રસ પડ્યો નહોતો એટલે ગોવારિકર પ્રોજેક્ટ લઈને આમિર ખાન પાસે ગયા. આમિરે ફિલ્મ સ્વીકારી એટલું નહીં ફિલ્મ પ્રોડ્યુસર પણ કરી. 'રંગ દે બસંતી' ફિલ્મ માટે પણ ડિરેક્ટરે પહેલી પસંદગી શાહરુખ પર ઉતારી હતી, પણ શાહરૂખે એ ફિલ્મ સ્વીકારી નહીં અને એ ફિલ્મ પણ આમિર ખાનને ઓફર થઈ અને તેણે રોલ સ્વીકારી લીધો.



સલમાન ખાને ઠુકરાવેલી ફિલ્મ જે શાહરૂખને મળી હોય એમાં 'ચક દે ઇફન્ડિયા'નો પણ સમાવેશ થાય છે. યસ, ફિલ્મ પહેલાં સલમાનને ઓફર થઈ હતી. કોઈએ ઠુકરાવેલી ફિલ્મ શાહરૂખને મળી હોય અને ફિલ્મ બ્લોક બસ્ટર સાબિત થઈ હોય એવો સૌથી વધુ રસપ્રદ કિસ્સો 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'નો છે. ફિલ્મની ઓફર પહેલાં સૈફ અલી ખાનને થઈ હતી! કલ્પના કરો કે રોલમાં સૈફ કેવો લાગતો હોત!

ફિલ્મ દિગ્દર્શક મિત્ર કે. અમર સોલંકી પાસેથી આવા ઘણા રસપ્રદ કિસ્સાઓ જાણવા મળ્યા.

'સ્વદેસ' ફિલ્મ માટે આશુતોષ ગોવારિકરે પહેલાં આમિર ખાનને પૂછી જોયું હતું. આમિરે ફિલ્મ કરવાની ના પાડી હતી. પછી ગોવારિકરે હૃતિક રોશનને રોલ ઓફર કર્યો હતો, પણ હૃતિકનેય રોલમાં રસ પડ્યો નહોતો. છેવટે શાહરુખે ફિલ્મ સ્વીકારી હતી.




અક્ષય કુમારે રિજેક્ટ કરી હોય એવી ફિલ્મ સુપરહિટ થઈ હોય એવા કિસ્સાઓ પણ છે. 'ભાગ મિલ્ખા ભાગ' ફિલ્મ પહેલાં અક્ષયકુમારને ઓફર થઈ હતી. સલમાન ખાનને પણ બીજા હીરોએ રિજેક્ટ કરેલી ફિલ્મો ફળી હોય એવા અનેક કિસ્સાઓ છે. સલમાનની હીરો તરીકેની પહેલી ફિલ્મ 'મૈંને પ્યાર કિયા' માટે સૂરજ બડજાત્યાએ પહેલાં બંગાળી હીરો પ્રસન્નજિત પર પસંદગી ઉતારી હતી, પણ તેણે ફિલ્મ કરવાની ના પાડી એમાં સલમાનને જેકપોટ લાગી ગયો.

જૂની ફિલ્મોના પણ આવા ઘણા રસપ્રદ કિસ્સાઓ છે. 'આનંદ' ફિલ્મથી રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચનને બહુ ફાયદો થયો હતો. ફિલ્મ માટે પહેલાં રાજ કપૂરનો સંપર્ક કરાયો હતો. 'જંજીર' ફિલ્મથી અમિતાભ બચ્ચનની કરિયર ઊંચકાઈ ગઈ હતી. ફિલ્મ માટે સૌ પ્રથમ દેવ આનંદનો સંપર્ક થયો હતો. તેમણે ફિલ્મ નકારી એટલે પછી રાજકુમારને ફિલ્મની ઓફર થઈ. તેમણે પણ ફિલ્મ નકારી. પછી ધર્મેન્દ્ર અને રાજેશ ખન્નાએ પણ ફિલ્મ નકારી હતી. રાજકુમારે બી.આર. ચોપરાની 'ધૂલ કા ફૂલ' ફિલ્મ કરવાની પણ ના પાડી હતી. વખતે યશ ચોપરા નવાસવા હતા એટલે નવા ડિરેક્ટર સાથે ફિલ્મ કરવાની રાજકુમારે ના પાડી. ફિલ્મમાં પછી રાજેન્દ્રકુમારને સાઇન કરાયા. ફિલ્મ સુપરહિટ થઈ હતી.

આવો મજેદાર કિસ્સો 'જ્વેલથીફ' ફિલ્મનો છે. ફિલ્મમાં અશોકકુમારે જે રોલ કર્યો છે પહેલાં રાજકુમાર કરતા હતા. તેમણે થોડા દિવસ સુધી ફિલ્મ માટે શૂટિંગ પણ કર્યું હતું, પરંતુ પછી તેમણે ફિલ્મ છોડી દીધી અને તેમની જગ્યાએ અશોક કુમારને સાઇન કરાયા.

શમ્મી કપૂરની 'તુમ સા નહીં દેખા' ફિલ્મ સુપરહિટ થઈ હતી. ફિલ્મ પહેલાં દેવ આનંદને ઓફર થઈ હતી, પણ દેવ આનંદે હિરોઇન બદલવાની શરત મૂકી એટલે વાત અટકી પડી. ફિલ્મ શમ્મી કપૂરને મળી અને તેઓ સ્ટાર તરીકે એસ્ટાબ્લિશ થઈ ગયા.


ઘણી વાર અભિનેતાને સાઇન કરાયા પછી પડતા મુકાયા એવા કિસ્સાઓ પણ જાણવા જેવા છે. ગુલઝારની 'અચાનક' ફિલ્મમાં પહેલાં અમિતાભ બચ્ચનને તક મળી હતી. અમિતાભ બચ્ચને સેટ પર જઈને મેકઅપ પણ કરી લીધો પછી તેને

# ...તો સંગમમાં બીજા હીરો તરીકે દિલીપકુમાર જોવા મળ્યા હોત, ‘શોલે’માં શત્રુઘ્ન સિંહા ગબ્બર સિંહ તરીકે જોવા મળ્યા હોત અને ‘દીવાર’માં અમિતાભના ભાઈ તરીકે શશી કપૂરને બદલે નવીન નિશ્ચલ જોવા મળ્યા હોત!

પડતા મૂકવાનો નિર્ણય ગુલઝારે લીધો હતો!

‘દુનિયા કા મેલા’ ફિલ્મમાં રેખાની સામે અમિતાભને હીરો તરીકે સાઇન કરાયો હતો. વખતે અમિતાભની કરિયર હજી જામી નહોતી. અમિતાભને ફિલ્મ માટે ૫૦ હજાર રૂપિયા ફી આપવાનું નક્કી થયું હતું. ફિલ્મનું અડધું શૂટિંગ પતી પણ ગયું. પછી ફિલ્મના બે સીન્સ ફાઈનાન્સર્સને બતાવાયા ત્યારે ફાઈનાન્સર્સે કહ્યું કે આવો સુકલકડી હીરો ન ચાલે. પછી સંજય ખાનને સાઇન કરાયો. એ ફિલ્મ ૧૯૭૯માં રિલીઝ થઈ ત્યારે પિટાઈ ગઈ. એ વખતે અમિતાભ સુપરસ્ટાર બની ચૂક્યાં ફિલ્મ પિટાઈ ગઈ એટલે ફાઈનાન્સર્સે ડિરેક્ટરને કહ્યું કે તમારે અમિતાભ બચ્ચનને હીરો રાખવો જોઈતો હતો!

આમિર ખાને થોડા સમય અગાઉ કહ્યું હતું કે ‘રોબોટ ટુ’ ફિલ્મની ઓફર મને થઈ હતી, પણ રજનીકાંતના પેગડામાં પગ નાખવાની મારી ઓકાત નહીં એવું સમજીને મેં એ ફિલ્મની ઓફર નકારી હતી.



આવા ઘણા કિસ્સાઓ છે, જેમાં કોઈ ફિલ્મનો રોલ કોઈ હીરો કે હિરોઇનને ઓફર થયો હોય અને તેમણે ના પાડ્યા પછી બીજા કોઈને મળ્યો હોય. અથવા તો કોઈ હીરો કે હિરોઇને કોઈ ફિલ્મનો રોલ મેળવવાની કોશિશ કરી હોય, પણ એ રોલ તેને બદલે બીજા કોઈને મળી ગયો હોય.

ફિલ્મ પ્રોડ્યુસર પ્રાણલાલ મહેતા ૧૯૯૧માં ‘પોલીસ–પબ્લિક’ નામની ફિલ્મ બનાવવાની તૈયારી કરી રહ્યા હતા. ફિલ્મમાં રાજકુમારની સાથે એક યુવાન હીરો જોઈતો હતો એટલે તેમણે ઘણા બધા નવોદિત અભિનેતાનાં નામો વિચાર્યાં હતાં. આવી રીતે તેમણે એક ટીવી સિરિયલના એક્ટરને મળવા બોલાવ્યો. વખતે પ્રાણલાલ મહેતા વિલન અજિતની બીજી પત્નીના દીકરા અરબાઝ ખાન સાથે બેઠા હતા એટલે પેલા ટીવી સિરિયલ એક્ટરે રાહ જોવી પડી. પ્રાણલાલે અડધા કલાક સુધી એને મળવા બોલાવ્યો નહીં એટલે અકળાઈને ટીવી સિરિયલ એક્ટર એવું બબડતો બબડતો જતો રહ્યો કે, મુઝે ફિલ્મ કા હીરો બનના હી નહીં હૈ!

એક્ટર શાહરૂખ ખાન હતો! અને છેવટે પ્રાણલાલ મહેતાએ અરબાઝ ખાનને ‘પુલીસ–પબ્લિક’ ફિલ્મમાં રાજકુમારની સાથે યુવાન હીરો તરીકે ચમકાવ્યો. બે–ચાર ફિલ્મો કરીને અરબાઝ ગાયબ થઈ ગયો અને શાહરુખ થોડા સમય બાદ ટોચનો સ્ટાર બની ગયો. આ કિસ્સો પણ ફિલ્મ દિગ્દર્શક મિત્ર કે. અમર સોલંકીએ કહ્યો હતો.

‘શોલે’ બનાવતા અગાઉ રમેશ સિપ્પીએ ગબ્બર સિંઘના રોલ માટે શત્રુઘ્ન સિંહાને સાઇન કરવાનું વિચાર્યું હતું. તેમણે શત્રુઘ્ન સિંહાની મુલાકાતનો સમય લીધો અને તેમને રોલ ઓફર કર્યો. દિવસોમાં શત્રુઘ્ન સિંહા વિલનની છાપ ભૂંસીને હીરો બનવા માટે ઉધામા કરી રહ્યો હતો એટલે એણે કહ્યું કે મારે વિલનનો રોલ નથી કરવો. સોરી. શત્રુઘ્ન સિંહાએ ગબ્બર સિંઘનો રોલ કરવાની ના પાડી એટલે રમેશ સિપ્પીએ એ વખતના જાણીતા વિલન ડેની ડેન્ઝોગ્પ્પાનો સંપર્ક કર્યો. ડેનીએ એ વખતે ફિરોઝ ખાનની ‘ધર્માત્મા’ ફિલ્મ સાઇન કરી હતી. વખતે ’ધર્માત્મા’નું શૂટિંગ પણ ચાલુ હતું અને હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં એવી માન્યતા હતી કે ફિરોઝ ખાનની ફિલ્મ સુપરહિટ થવાની છે. ડેનીએ ’ધર્માત્મા’ ફિલ્મ માટે ‘શોલે’ છોડી દીધી. એણે તારીખોનું બહાનું કાઢ્યું હતું.

યશ ચોપરા ‘દીવાર’ ફિલ્મ બનાવી રહ્યા હતા એ વખતે અમિતાભના નાના ભાઈનો રોલ તેમણે નવીન નિશ્ચલને ઓફર કર્યો હતો. એ વખતે નવીન નિશ્ચલે કહ્યું કે અમિતાભ પ્રથમ હીરો હોય અને હું સેકન્ડ લીડમાં હોઉં એવી ફિલ્મ કરવામાં મને રસ નથી! એટલે યશ ચોપરાએ એ રોલ શશી કપૂરને આપ્યો અને એ ફિલ્મથી અમિતાભની સાથે શશી કપૂરને પણ કલ્પનાતીત પ્રસિદ્ધિ મળી નવીન નિશ્ચલે યશ ચોપરાની ફિલ્મની ઓફર ઠુકરાવી હતી રીતે બીજા એક હીરોએ મોહન સહગલની ‘સાવનભાદો’ ફિલ્મ ઠુકરાવી હતી એટલે નવીન નિશ્ચલને રેખાની સામે હીરો તરીકે રોલ ઓફર થયો અને નવીન નિશ્ચલની કારકિર્દી જામી ગઈ. હીરો તરીકે નામના મેળવવા મથી રહેલા નવીન નિશ્ચલને રાતોરાત સફળતા મળી ગઈ. ‘સાવનભાદો’ ફિલ્મમાં રેખાની સામે હીરો ધર્મેન્દ્રને ઓફર કરાઈ હતી, પણ ધર્મેન્દ્રએ કહ્યું હતું કે મને કોઈ નવી છોકરીના હીરો બનવામાં રસ નથી!

દેવ આનંદની જેમ દિલીપકુમારે પણ આવી ભૂલો કરી હતી.

'બૈજુ બાવરા' ફિલ્મમાં દિલિપકુમારને હીરો તરીકે સાઇન કરાયા હતા. ફિલ્મ સાઇન કર્યા પછી દિલિપકુમાર ફરવા ગયા હતા. તેઓ પાછા મુંબઈ આવ્યા ત્યારે ખબર પડી કે તેમની સામે હિરોઇન તરીકે એક નવી છોકરીને સાઇન કરાઈ છે એટલે તેમણે ફિલ્મમાં અભિનય કરવાની ઘસીને ના પાડી દીધી. હિરોઇન હતી મીનાકુમારી. દિલિપકુમારે ના પાડ્યા પછી હીરો બનવા માટે સંઘર્ષ કરી રહેલા ભારતભૂષણને હીરોનો રોલ આપી દેવાયો. 'બૈજુ બાવરા' એટલી સફળ થઈ કે ભારતભૂષણને કલ્પનાતીત સફળતા મળી ગઈ. રીતે રાજ કપૂરે 'સંગમ' ફિલ્મ બનાવતા અગાઉ પોતાના દોસ્તનો રોલ દિલિપકુમારને ઓફર કર્યો હતો, પણ દિલિપકુમારે ફિલ્મ કરવાનો નનૈયો ભણી દીધો એટલે રાજ કપૂરે રાજેન્દ્રકુમારને સાઇન કરી લીધા હતા.

ગુલશન રાય દેવ આનંદને લઈને એક ફિલ્મ બનાવી રહ્યા હતા ત્યારે તેમણે શર્મિલા ટાગોરને હિરોઇનનો રોલ ઓફર કર્યો હતો. શર્મિલાએ સ્ક્રિપ્ટ સાંભળીને કહ્યું, સ્ક્રિપ્ટમાં દમ નથી અને હિરોઇનની ભૂમિકા વાહિયાત લાગે છે એટલે હું ફિલ્મ સાઇન નહીં કરૂં. ગુલશન રાયે હેમા માલિનીને સાઇન કરી લીધી. ફિલ્મ સુપરહિટ થઈ ગઈ. ફિલ્મનુ નામ હતું, 'જોની મેરા નામ'. એમ તો શશી કપૂરે પણ 'સચ્ચા જુઠ્ઠા' ફિલ્મ સ્વીકારી નહોતી, કારણ કે ફિલ્મના દિગ્દર્શકમાં 'કોઈ વાત નથી' એવું તેમને લાગ્યું હતું. ફિલ્મ રાજેશ ખન્નાએ સાઇન કરી અને તેમને સુપરસ્ટાર બનાવવામાં ફિલ્મ પણ નિમિત્ત બની હતી. તો વળી 'જંજીર' ફિલ્મ દેવ આનંદને ઓફર થઈ ત્યારે તેમણે કહ્યું કે આખી સ્ક્રિપ્ટમાં હીરો ક્યારેય હસતો નથી અને એના પર એક પણ ગીત નથી. આવી ફિલ્મ હું નહીં કરૂં! બીજા અનેક હીરોએ પણ ફિલ્મની ઓફર ઠુકરાવી દીધી હતી.



કમાલ અમરોહી 'પાકીઝા' ફિલ્મ બનાવી રહ્યા હતા ત્યારે તેમણે હિરોઇનનો રોલ યોગિતા બાલીને ઓફર કર્યો હતો, પણ યોગિતા બાલીએ એવું કહીને રોલ નકારી દીધો કે હજી તો હું બહુ નાની છું અને હકીકતમાં ત્યારે તેર વર્ષની હતી. છેવટે કમાલ અમરોહીએ 'પાકીઝા'માં રાજકુમારની સામે હિરોઇન તરીકે મીનાકુમારીને સાઇન કરી હતી. રાજકુમારે પણ તેમના જીવનમા ડઝનબંધ ફિલ્મો ઠુકરાવી છે એમાં સુનીલ દત્ત અને નૂતન અભિનીત સુપરહિટ ફિલ્મ 'ખાનદાન'નો પણ સમાવેશ થતો હતો. એમાં હીરોને શારીરિક ખોડવાળો દર્શાવાયો હતો એટલે રાજકુમારે ફિલ્મની ઓફર ફગાવી દીધી હતી.

નવી જનરેશનની વાત કરીએ તો, 'કહો ના પ્યાર હૈ' ફિલ્મ માટે રાકેશ રોશને હૃતિકની સામે કરીના કપૂરને સાઇન કરી હતી, પણ કરીનાએ ફિલ્મ પડતી મૂકી હતી એટલે રાકેશ રોશને અમિષા પટેલને સાઇન કરી હતી. રાજેશ ખન્ના સફળ સ્ટાર બની ચૂક્યો હતો ત્યારે તેણે 'અમીર ગરીબ' ફિલ્મ ઠુકરાવી અને દેવ આનંદે ફિલ્મ કરીને સફળતાનો નવો તબક્કો માણ્યો હતો. રીતે સલમાન ખાન સફળ સ્ટાર બની ગયો એ પછી તેણે 'અબ્બાસ–મસ્તાન'ની 'બાઝીગર' ફિલ્મની ઓફર ઠુકરાવી દીધી હતી. તો વળી યશ ચોપરાએ 'ડર' ફિલ્મની ઓફર કરી ત્યારે સલમાને એ ફિલ્મ કરવાનો ઇનકાર કર્યો હતો. એટલે યશ ચોપરાએ આમિર ખાનને ફિલ્મની ઓફર કરી તો આમિરે પણ ફિલ્મની ઓફર ફગાવી દીધી હતી! અને ફિલ્મ કરીને શાહરૂખ બંનેનો પ્રતિસ્પર્ધી બની ગયો.

ઘણી વાર રોલની જેમ સ્ક્રિપ્ટની પણ અદલાબદલી થઈ જતી હોય છે. અમિતાભ બચ્ચનની સુપરહિટ ફિલ્મ 'ડોન'ની સ્ક્રિપ્ટ લઈને સલીમ–જાવેદ દેવ આનંદ પાસે ગયા હતા, પણ તેમણે સ્ક્રિપ્ટ ફગાવી દીધી હતી. દેવ આનંદની 'બનારસી બાબુ' ફિલ્મ માટે 'ખઈકે પાન બનારસવાલા' ગીત કલ્યાણજી–આણંદજીએ કમ્પોઝ કર્યું હતું, પણ'બનારસી બાબુ'ના હીરો દેવ આનંદે એવું કહીને ગીત રિજેક્ટ કરી નાખ્યું હતું કે આવું 'સડકછાપ' ગીત હું નહીં કરૂં ! પછી ચંદ્રા બારોટે અમિતાભ અને ઝિન્નત અમાનને હીરો–હિરોઇન તરીકે લઈને 'ડોન' બનાવી હતી. ફિલ્મ તેમણે પોતાના ગોડફાધર મનોજકુમારને બતાવી. મનોજકુમારે સ્પેશિયલ શો જોઈને ચંદ્રા બારોટની પીઠ થાબડતાં કહ્યું કે, યુ હેવ ડન ગ્રેટ જોબ, પણ ફિલ્મમાં ઇન્ટરવલ પછી એક ધમાકેદાર ગીત નાખી દે તો તારી ફિલ્મ જામી જશે. ચંદ્રા બારોટ ફિલ્મના સંગીતકાર કલ્યાણજી–આણંદજી પાસે દોડ્યા. વખતે બંને વિદેશમાં સ્ટેજ શો માટે જવાની તૈયારી કરી રહ્યા હતા એટલે એમણે કહ્યું કે છેલ્લી ઘડીએ નવું ગીત કમ્પોઝ કરવું તો મુશ્કેલ છે, પણ દેવ આનંદની 'બનારસી બાબુ' ફિલ્મ માટે બનાવેલું ગીત પડી રહ્યું છે એનો ઉપયોગ કરવો હોય તો અમને વાંધો નથી.

ચંદ્રા બારોટે મજબૂરીમાં એ વાત માનવી લેવી પડી અને દેવ આનંદે જેને 'સડકછાપ' ગીત ગણાવ્યું હતું ગીત 'ડોન' ફિલ્મની જેમ સુપરહિટ થઈ ગયું!

વિશ્વકર્મા વિશ્વ
દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૦

# ધરમશી કાંગશિયો

• જોરાવરસિંહ જાદવ



ઘઉંનો વાહ પડતાં જ મારા બાપાએ મને ખેતરે ફરીને દાડિ–દપાડિયા પાસે ઘઉં વઢાવવાની 'ડ્યૂટી' સુપરદ કરી દીધી. ખેતરે જવું ને ક્વિનાઇની ગોળી ખાવી બેય મારા માટે તો સરખું હતું. બાપાની રાતી–પીળી આંખો જોઇને હું ડાહ્યો–ડમરો થઇને ઘઉં વઢાવવા ઉપડી જતો. ઘઉં વાઢણી–ટાણે એક દિવસ ભગતવાળા ખેતરને શેઢે ધરમશી કાંગસિયાએ આવીને મુકામ કર્યો.

એણે ગળામાં ત્રણચાર શેરના લાલ પરવાળાની માળા, કેડ્યે ટૂંકુ પોતિયું, પહેરણ ને મારવાડી ઢબનો કોટ પહેર્યો હતો. માથે વેરવિખેર વાળને કાબુમાં રાખતું ફાળિયું બાંધ્યું હતું. હાથમાં રૂપાનાં કડાં ને પગમાં બેડી પહેરી હતી. એણે ગધેડાં માથેથી આખું ઘર નીચે ઉતાર્યું અને ચાર વાંસ ખોડી, માથે સરકડની ગૂંથેલી સાદડી નાખીને લંબચોરસ આકારનોદંગો ઉભો કર્યો. દંગા ફરતો કાળિયો કૂતરો જીવતો–જાગતો ચોકીદાર બનીને આંટા મારવા લાગ્યો. ઝડવઝડ ઘઉંની ઝાલ્ય ભરાવીને હું દંગો જોવા ઉપડ્યો.

એણે ગળામાં ત્રણચાર શેરના લાલ પરવાળાની માળા, કેડ્યે ટૂંકુ પોતિયું, પહેરણ ને મારવાડી ઢબનો કોટ પહેર્યો હતો. માથે વેરવિખેર વાળને કાબુમાં રાખતું ફાળિયું બાંધ્યું હતું. હાથમાં રૂપાનાં કડાં ને પગમાં બેડી પહેરી હતી.

મને જોઇને કાંગસિયું બનાવતા માયાળુ ધરમશીએ રામ રામ કર્યા અને ઉભા થઇને ખાટલી ઢાળી આપી. પડખે કાંગસિયું ભેગી કરતા લઘરવઘર દરહણવાળા છોકરાને ઇશારો કરીને, બકરી દોઇ ચા મૂકવા કહ્યું. ટપુ ખેતરના શેઢે ચરતી બકરીના કાન ઝાલીને દંગામાં ઢસડી લાવયો. બકરીના લબડી ગયેલા આંચળ જોઇને એ બોલ્યો : 'બાપુ બકરીને તો બસ્સા ધાવી જીયા સે.' આ સાંભળીને ધરમશી મરકીને બોલ્યો : 'સાબ ! આ છોકરો તો બકરીના ગળાના આંગળ જેવો (કંઇ કામમાં ન આવે એવો) છે.' પછી મારી નજર તો ગરીબાઇની ચાડી ખાતા દંગામાં ફરવા માંડી. એક ખૂણે મંગાળાનો ચૂલો પડ્યો હતો. ચૂલાના થડમાં ગરીબ ઘરનાં સુકાઇ ગયેલાં છોકરાં સરખા બળતણના ટિંટિયાં પડ્યા હતાં. એક ખૂણામાં ઘંટી અને ગોદડાંના ગાભા પડ્યા હતાં. પડખે સીસમના લાક્ડાં–ભરેલી કોથળિયો પડી હતી. ધરમશીના ઢીંચણ ઢૂંકડા કાંગસિયું બનાવવાનાં ઓજારો, વાસણો, જીણાં કાંગરાવાળી કરવત અને ઘોડો પડ્યાં હતાં.

મને બેસાડીને વાતે વળગતાં ધરમશીએ કાંગસી માટેનું પાટિયું હાથમાં લીધું અનેતેના ઉપર અંગૂઠો

મૂકીને કરવત વડે દાંતા વહેરવા માંડ્યા. નજર, અંગૂઠો અને કરવતની કરામતથી ધરમશીએ સીસમની રૂપાળી મજાની કાંસકીઓ ઉતારવા માંડી. એનું સફાઈદાર કામ જોઈને મને લાગ્યું કે ધરમશીનો હાથ ભારે કુશળ હતો.

'તમે એક જ જાતની કાંગસિયું શીદ બનાવો છો ? મારું વેણ સાંભળતા ધરમશી હસીને બોલ્યો :

'અમે તો ભાત્ય ભાત્યની કાંગસિયું ઘડવી સી. એક લોટમાં એકહરખી જ બધધી ઉતરે,' કહેતાં તેણે ખૂણામાં પડેલો સૂંડલો ઢસડીને ઢૂંકડો આણ્યો અને તેમાંથી નોખી નોખી કાંગશિયું કાઢીને મને એક પછી એક બતાવવા માંડી : 'જુઓ, આ એક કોર્ય જીણા અને એક કોર્ય મોટા દાંતાની કાંગશી, આ જીણા દાંતાનો કાંસકો, તમે સુધરેલી બોલીમાં કાંસકો કો'ઈ. પછી આ બેય કોર્ય દાંતાવાળી કાંગસી. ઈ ને અમે 'ખપાળો' બોલવી. આ કાચની પૂતળી રોખી સુંવાળી સે ઈ શીંગડાની કાંગસી. શીંગડાની કાંગસીની ગરાગી ઓછી. સીસમ જેટલી ટકે નૈ એટલે ગામડા ગામમાં ઓછી વપરાય. વળી મોંઘી હોવાથી તમારા જેવા કો'ક સુધરેલા જ ઈ ને મૂલવી જાણે.'

'તમે રોજ કેટલી કાંગસિયું ઘડો ?' ધરમશીએ એના કસબની માહિતી આપતાં કહ્યું કે :

'એક ઘનફૂટ સીસમ લાવીએ ઈમાંથી ચારહે જેટલી કાંગસિયું ઉતરે. એટલી ઘડતાં બે હારા આદમીને ચાર–પાંચ દી તો નીકળી જાય. શીંગડાની હોય તો મણ શીંગડાં લાવીએ તો વીહ કાંગસી ઉતરે.'

'તમે શિંગડા ક્યાંથી લાવો ?'

'શિગડાં તો એવું છે ને કે 'ભામ' રાખનાર ઢેઢ, ભંગી, કે ખાટકી કનેથી મળી જાય' પછી ધરમશીએ નિખાલસભાવે કહેવ માંડ્યું : 'અમે કાંગસિયું ઘડીએ ને નવરા પડીએ તાંણે મલ્લની રમતયું કરવા જઈએ. અમારા ખેલ જોઈને ખુશ થયેલા લોકો અમને દાણા–પૈસાનો ખરડો કરી આલે છે. પણ સા'બ અમારા ઘરનો વ્યવહાર તો અમારા બૈરાં જ જાળવે. વહેલા ઉઠીને રાંધી–સીંધીને કાંગસિયું વેસવા જાય. બપોરના પાસા આવે તાંણે થોડાઘણા પૈસા મળ્યા હોય ઈમાંથી દાણો–દૂણી લેતાં આવે. રોટલા ખાઈને ઢળણું કરે ને સાંજના દાણા દળીને રોટલા ટીપી કાઢે.'

પડખે બેઠેલા લવરમૂછિયા છોકરા ભણી આંગળી ચીંધીને મેં પૂછ્યું : 'આ તમારો દીકરો છે ?' 'હા ઈ મારો છોરો ટપુડિયો છે. મનમાં આવે તો કાંગસિયું ઘડવા ઘડીબઘડી બેહે, ને તો આ લાલિયા ગધેડા માથે બેહીને રખડવા નાહી જાય સે. ઓણ ઈ ગગાને પૈણાવી દેવો સે, વઉ ઘર્યે આવે તો રોટલા તો ઘડી આલે.'

'આટલા નાનાનું સગપણ કરી દીધું છે ?'

'સગપણ તો, સા'બ, ઈ ઘોડિયામાં ટાંટિયા ઘસતો 'તો તે દાડાનું કર્યું છે. વઉને સૂંદડી ઓઢાડીને ઈના બાપને રૂપિયા ગણી આલ્યા સે.'

'લગ્ન વખતે તમારામાં કેવી વિધિ થાય ?'

લગ્ન વખતે દંગો શણગારીએ. લાડા (વર)ને પીઠી સોળીએ. વડ્ડુઓ ભેગી થઈને લાડાને લાડ લડાવે અને ગાણાં ગાય, જાનને લાડવા અને ગાંઠિયા ખવરાવે. લગ્ન લેતા છોકરાનો બાપ હાત–હે–આઠણેના ખાડામાં ઉતરી જાય.

ધરમશીના ધરમ વિશે જાણવાની ઈંતેજારી થતાં મેં પૂછ્યું : 'તમે નાનકપંથી ઠાકરસી ગુરુને માનો કે ભાવનગર પંથકમાં આવેલ વિરમ ભગતને માનો ?'

'અમે વિરમ ભગત વાળા.' કહેતા ધરમશી બોલ્યો : 'તમને વિરમ ભગતની ચાંથી જાણ ?'

મે કહ્યું : 'મે એ દેરી જોઈ છે. દેરીમાં ભગતની ઘોડા પર સવાર થયેલી આરસપાણની મૂર્તિ છે. મોઢાંં અફીણની કાંકરી છે.' ધર્મનો ભાઈ મળ્યો હોય તેવી આનંદની લાગણી સાથે ધરમશી બોલ્યો :


સાલા, નફ્ફટ, ખેડુતનો છોકરો થૈને કાંગસિયા ભેગો બેહશ ?...' અને મારા હાથાં કાંગસિયું જોતાં જ બાપાનો મિજાજ હાથથી ગયો. 'સાલા ! વઉ હાટુ કાંગસિયું લેવા આ'યો છું ને ? તને કંઈ લાજશરમ છે

'વિરમ ભગત અમારા વડા દેવ સે. એંશી વરહ મોર્ય અમારા મલ્લના ખેલ જોઈને રાજી થયેલા ભાવનગરના રાજાએ મફત ભોં (જમીન) આલેલી. ઈ મંદિર અમારા કાંગસિયાઓએ જ બંધાવ્યું છે. અમારે બાર મૈને સુદ બીજને દા'ડે યાં કણે જવું પડે, અને ઘઉંના ટોડા અને કસુંબો ધરાવી, નાળિયેર વધેરીને નિવેજ કરવાં પડે છે.'

અંધારું થવા આવતાં હું ઉઠ્યો ત્યારે મીઠી લાગણીથી મારા હાથમાં રૂપાળી મજાની બે કાંગસિયું મૂકતાં ધરમશી મલકાઈને બોલ્યો : 'અમારા બુન હારૂ આ કાંગસિયું લેતા જાવ. મેં હાંભળ્યું સે કે તમે હમણા જ તાજાં લગ્ન કર્યા સે.' ઉદાર દિલના ધરમશીની લાગણી હું ઠુકરાવી શક્યો નહીં ને હાથમાં કાંગસિયું લઈને જેવો હું દંગા બાર નીકળ્યો એવા જ ઘેરથી ઘોડું લઈને મને ગોતવા નીકળેલા બાપાએ ધૂરકિયું કર્યું : 'ઘઉંની ઝાલ્યું રેઢી ઘરે આવે છે ને તું આઈ કાંગસિયા ભેગો શું કરે છે ? કાંગસિયું ઘડવાનો ધંધો શીખવા આવ્યો છું ? સાલા, નફફટ, ખેડુતનો છોકરો થૈને કાંગસિયા ભેગો બેહશ ?...' અને મારા હાથાં કાંગસિયું જોતાં જ બાપાનો મિજાજ હાથથી ગયો. 'સાલા ! વઉ હાટુ કાંગસિયું લેવા આ'યો છું ને ? તને કંઈ લાજશરમ છે કે નઈં ? નકટા, આવો કોના જેવો પાક્યો ? અમે બેઠા છી તાં લગણ તો આ ધોળા મોવાળાની શરમ રાખ્ય.' બાપા ડામણ લઈને ઘોડા ઉપરથી હેઠા ઉતર્યા, એવા જ બપોરનો સૂરજ અને ગરમ થયેલા બાપાની લાલઘૂમ આંખ્યુનો તાપ ન જીરવાતાં આપણા રામે, જોડા હાથમાં લઈને ખેતરમાં આડફેટા થતાંકને પવનના વંટોળિયાની જેમ ઘરભણી ખેંતાળી મુકયા.

# આઇ એમ ઓનલાઇન...,
# એમ આઇ ફાઇન...!!

• ડો. વિષ્ણુ પ્રજાપતિ



**આપણે સૌ મુક્ત મને અને ખુલ્લા દિલે તહેવારો ઉજવવા ટેવાયેલા છીએ. નાના નાના પ્રસંગને તહેવારની જેમ ઉજવતા આપણે આપણાં મુખ્ય તહેવારોને હાલની પરિસ્થિતિ પ્રમાણે ખુલ્લા મને ઉજવી નથી શકતા.**




'મમ્મી આ ઓનલાઇન ભણવાનું ક્યાં સુધી ?'

'અમે ફરી ક્યારે મેદાનમાં બધાની વચ્ચે છૂટથી રમીશું ?'

'હવે સ્કૂલ જવાનું બહુ અ જ મન થાય છે.'

'આ માસ્કથી છૂટકારો ક્યારે મળશે ?'

'ક્યારે ફરી આપણે એ પહેલા હતી તેની બેફિકરાઇની જિંદગીમાં પરત ફરીશું ?'

'તહેવારો અને પ્રસંગો બધુ ધીરે ધીરે અસ્ત થતું લાગે છે તેનો સૂર્યોદય ક્યારે થશે ?'

'રવિવારની પિકનિક અને વેકેશનનો પ્રવાસ ફરી ક્યારે આવશે ?'

'એકબીજાથી ડર રાખ્યા વિના ખુલ્લા મને હવે ફરી ક્યારે મળી શકીશું ?'

આવા તો અનેક સવાલો આપણી સામે સતત આવ્યા કરે છે. લોકડાઉન અને પછી ધીરે ધીરે થાળે પડતી જિંદગીમાં ભય તો હજુ ઓસર્યો નથી. કોરોનાની મહામારીએ તો આપણી જીવન વ્યવસ્થાને સાવ બદલી નાખી છે... બધુ ઓનલાઇન ચાલી રહ્યું છે અને બધાના ખબરઅંતર પણ ઓનલાઇન જ પૂછાઇ રહ્યા છે. ક્યારેક આ ઓનલાઇનથી ચીડ થઇ જાય એવું પણ બની રહ્યું છે.

જ્યાં સુધી મહામારીના ભયમાંથી સંપૂર્ણ મુક્ત ન બનીએ ત્યાં સુધી સાવચેતભરી વ્યવસ્થા આપણે જાળવી રાખવી જ પડશે તે પણ હકીકત છે. આ સમયમાં અનેક પરિવર્તનો આવ્યા છે અને હજુ સંપૂર્ણ સલામતીનું ગ્રીન સિગ્નલ ન મળે ત્યાં સુધી પરિવર્તનો સાથે જીવતા રહેવું જ પડશે.

આઠ મહિનાના કોરોનાકાળના જુદા જ અનુભવ પછી આ દિવાળી સાવ અનોખી જ રહેવાની છે તે નક્કી છે. લોકડાઉન, સોશિયલ ડિસ્ટન્સ, ઘર તથા માસ્કની અંદર પુરાઇ ગયેલી જિંદગી હજુ મુક્ત નથી બની. આપણે સૌ મુક્ત મને અને ખુલ્લા દિલે તહેવારો ઉજવવા ટેવાયેલા છીએ. નાના નાના પ્રસંગને તહેવારની જેમ ઉજવતા આપણે આપણાં મુખ્ય તહેવારોને હાલની પરિસ્થિતિ પ્રમાણે ખુલ્લા મને ઉજવી નથી શકતા. આપણે મેળાવડાનાં શોખીન રહ્યા છીએ એટલે ઘરમાં બેસીને એકાંતમાં તહેવાર ઉજવવાની વ્યથા આપણે જ સમજી શકીએ છીએ. ખેર, સમય બડા બલવાનના ન્યાયે આપણે અનૂકૂલન સાધીને સતત જીવવું પડતું હોય છે. મહામારીના સમયે હેપ્પી ન્યુ યરને બદલે સેફ ન્યુ યર કહેવાનો સમય આવી ગયો છે. દરેકના ઘરે જઇને, રૂબરૂ મળીને નૂતન વર્ષાભિનંદન કહેવાનો અને દરેકના ઘરની મીઠાઇ આરોગવાનો આનંદ આ વર્ષે આપણે જતો કરવો પડશે.

આપણે અત્યારે મહામારીના એક અણધાર્યા યુગમાં આવી ગયા છીએ. જો કે બીજી અનેક મહામારીઓએ તો આ પહેલા પણ ઇતિહાસમાં ખૂબ જ તબાહી મચાવી છે, તેના પ્રમાણમાં હાલની સ્થિતિ અનેકગણી સારી ગણી શકાય. વિકસતું વિજ્ઞાન, મહામારી સામે બચવાના સચોટ પગલાં, લોકજાગૃતિ, ઝડપી અને ઉત્તમ આરોગ્યસેવા અને ડિજીટલ નેટવર્કીંગને કારણે આજે આપણે મહામારીના ખરેખરા કોપને ટાળી શક્યા છીએ. આપણી સલામતી માટે અનેક લોકો અને ઘણીખરી સિસ્ટમ ખડેપગે કામ કરી રહી છે પણ આપણે તેમને જોવાની કે તેમને પ્રોત્સાહિત કરવાની દરકાર નથી. દરેક યુગમાં આવી એક મહામારી આવે છે અને માનવજીવનને તહેસનહેસ કરી નાંખે છે. કદાચ, આ પ્રકૃતિનો નિયમ પણ હોય અથવા તો વિકસતા વિજ્ઞાનનો અભિશાપ ગણીએ તો પણ તે અયોગ્ય તો નહી જ ગણાય..! વાયરસ ક્યાંથી આવ્યો એનું વિશ્લેષણ કરવા કરતા હવે આપણે જ્યાં સુધી વાયરસમુક્ત ન બનીએ ત્યાં સુધી કેવી વ્યવસ્થા જાળવી રાખવી તે આપણે નક્કી કરવાનું છે.

'જો ને કેવો લાઇન પર આવી ગયો...!' આ વાક્ય આપણે કોઇ સીધોદોર થઇ જાય ત્યારે બોલતા હોઇએ છીએ. માણસ પણ અત્યારે 'ઓનલાઇન' આવી ગયો છે. જો કે આ સમયે ડિજીટલ નેટવર્ક આપણું સર્વોત્તમ સાથી બની ગયું છે. શરીરનું અંતર રાખીને પણ આપણે વિડિયો કોલિંગ કે કેટલીય ભાતની ચેટીંગ દ્વારા પોતિકાથી દૂર તો નથી જ થયા તે વિજ્ઞાનનું વરદાન છે.

**મહામારી કેટલુ ટકશે તેની કોઇ સચોટ ભવિષ્યવાણી થઇ નથી પણ આ મહામારીએ અનેક લોકોના ભવિષ્ય બદલી દીધા છે તે દેખાઇ રહ્યું છે.**

નવરાત્રીના ઢોલ બંધ થયા અને અનેક લોકોએ પોતપોતાની બુધ્ધિ પ્રમાણે ઢોલ નગારા પીટ્યે રાખ્યા કે તહેવારોની છૂટછાટ મળવી જોઇએ. આપણા મનોરંજનની છૂટછાટ જ ક્યાંક આ મહામારીને વધુ સમય સુધી રોકી રાખશે. આ વખતે નવરાત્રીના સ્ટેપ ભૂલી જવાશે તો ચાલશે પણ સાવચેતીના જે જે સ્ટેપ સરકાર દ્વારા વારંવાર સૂચિત કરવામાં આવી રહ્યા છે તે ક્યારેય ભૂલતા નહી. યાદ રાખો કે કોરોનાને કાયમી 'બાયબાય–ટાટા' કહેવું હશે તો બધાએ સાથે મળીને, મક્કમ બનીને સંક્રમણ અટકાવવું પડશે.

કોવિદ પહેલાની જિંદગી અને પોસ્ટ કોવિદ જિંદગી અનેક ફેરફારો લઇને આવી છે. જો કે આવી વિકટ પરિસ્થિતિ જ આપણને જીવન જીવવાની સાચી કિંમત સમજાવે છે.

આ મહામારીના સમયમાં જેને દિવાળી ભાળી તેને જીવનનો એક ઉત્સવ જ સમજવો...! મારો કહેવાનો મતલબ કોઇ ડરાવવાનો નહી પણ સજાગ રહેવાનો છે. મૃત્યુ તો નિશ્ચિત જ છે પણ અણધાર્યુ મૃત્યુ દરેકને દુઃખ પહોંચાડે છે... એમાંય મહામારીની બધી જાણકારી હોવા છતાં પણ તેમા સપડાઇ જઇએ તેમાં પોતાનો દોષ તો ખરો જ...! હોમ ક્વોરન્ટાઇન કે સાવ આસાન દવા લઇને અનેક લોકો સાજા થઇ રહ્યા છે, વાયરસનો પ્રકોપ ઘટ્યો કે પછી આપણે આપણી રોગપ્રતિકારશક્તિને સારી એવી મજબૂત કરી એ તો આવનરા સમયમાં જ ખબર પડશે... પણ હાલની પરિસ્થિતિ જોતા હવે દરેકે પોતપોતાની રીતે આગવી જીવનશૈલી બનાવી જ લીધી છે તે નક્કી છે.

હવે વાત કરીએ નવા વર્ષની..... આસો માસ પૂર્ણ થતા વિક્રમ સંવત ૨૦૭૬ પૂર્ણ થશે. ભારતીય કેલેન્ડર પધ્ધતિ પ્રમાણે નવા વર્ષમાં આપણે પ્રયાણ કરીશું. આ નવું વર્ષ જલ્દી વાયરસમુક્ત અને માસ્ક મુક્ત બને તેવી મારા તરફથી સૌને શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંદન કહેવા સૌ સહીસલામત રહે તેવી પ્રભુને પ્રાર્થના.

મહામારી કેટલુ ટકશે તેની કોઇ સચોટ ભવિષ્યવાણી થઇ નથી પણ આ મહામારીએ અનેક લોકોના ભવિષ્ય બદલી દીધા છે તે દેખાઇ રહ્યું છે. વ્યવસાયિક વ્યવસ્થા, સામાજિક વ્યવસ્થા, શૈક્ષણિક વ્યવસ્થા, દેશની આંતરિક કે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં અનેક ફેરફારો આવી ગયા છે. આ સમય આપણને જાણે નવી વ્યવસ્થા ઉભી કરવા આવ્યો હોય તેવું લાગે... આમ તો આપણે ક્યારેય સોશિયલ ડિસ્ટન્સ કે માસ્કને અપનાવવાના નહોતા જ... પણ આપણી વ્યવસ્થાના અનેક પરિવર્તનો ફક્ત કોરોનાને

આભારી છે. ખેર અણગમતા અને નાછૂટકે અપનાવવી પડતી આ વ્યવસ્થાથી દિલ ત્રાહીમામ પોકારી રહ્યું છે.

જ્યારે કોરોનાનો પગપેસારો આપણા દેશમાં થયો ત્યારનો ડર અને હાલનો ડર એમાં પણ ખૂબ મોટો તફાવત દેખાઈ રહ્યો છે. ડર ધીમો પડે એટલે ફરી બેફિકરાઈની જિંદગી આગળ વધે... જો કે એમ પણ કહેવાયું છે કે છેલ્લો તબક્કો હંમેશા અઘરો હોય છે જેને અંગ્રેજીમાં last 10% is always hard કહે છે. આખરી તબક્કો કપરો હોય છે અને છેલ્લી ઘડી સુધી આપણે સાવચેત રહેવાનું છે.

**આપણે જીવનમાં અનેક વર્ષો બેફિકરાઈથી જીવ્યા છીએ, સ્વાસ્થ્ય કે સબંધોને ક્યારેય બારીકાઈથી અનુભવ્યા જ નથી.**

આપણે જીવનમાં અનેક વર્ષો બેફિકરાઈથી જીવ્યા છીએ, સ્વાસ્થ્ય કે સબંધોને ક્યારેય બારીકાઈથી અનુભવ્યા જ નથી. આ સમયમાં તેનો આપણને સારો એવો અનુભવ થઇ ગયો. આ સમય પણ પસાર થઇ જ જવાનો છે આપણે આપણને ટકાવી રાખવા સતત ઉત્સાહિત કરતા રહેવાની જરૂર છે.

આપણાથી શક્ય બને એટલા વધુ સેવા અને સહકારના કાર્યો સતત કરતા રહેવાના છે કારણ કે આ મુશ્કેલ ઘડીનો ખરો તબક્કો હવે દેખાશે. પુરતી આવક વિના હવે પછીનો સમય વિતાવવો એટલો આસાન તો નહી જ હોય...! અનેક હાડમારીઓ સાથે નવું વર્ષ આવશે પણ આપણી જિંદાદિલી અને સમયને સાચવી લેવાની આવડત જ આપણને સાચવીને રાખશે. જ્યારે આ કપરોકાળ પૂર્ણ થઇ જશે ત્યારે એક ઈતિહાસ લખાશે અને તે ઈતિહાસ આપણા માટે એક જવાબદાર અને સાવચેત નાગરિકનું સન્માન લઈને આવે તેવી સૌને શુભેચ્છાઓ...

અને આખરી એક વાર્તા,

એક જંગલમાં ઝાડ પર એક ચકલી માળો કરીને રહેતી હતી. એક દિવસ જંગલમાં ભયાનક આગ ફાટી નીકળી. જંગલનાં સૌ પશુ પક્ષીઓ નાશભાગ કરવા લાગ્યાં. પણ તે નાનકડી ચકલી જંગલની બાજુનાં તળાવમાંથી પોતાની ચાંચમાં પાણી ભરી આગ પર છાંટવા લાગી. આગની ભયંકરતા સામે તે ચકલીનો પ્રયત્ન સાવ નાનકડો હતો.દુર બેઠોલો કાગડો તે ચકલી પર હસવા લાગ્યો અને કહેવા લાગ્યો, 'ચકલી, આ તારી નાનકડી ચાંચનાં પાણીથી કોઈ ફર્ક પડવાનો નથી., તો પછી કેમ ખોટો પ્રયત્ન કરે છે ?'પેલી ચકલીએ સરસ જવાબ આપ્યો,' હું પણ જાણું છું કે મારા પ્રયત્નોથી કોઈ ફર્ક પડવાનો પણ જ્યારે આ જંગલનો ઈતિહાસ લખાશે ત્યારે મારું નામ આગ બુઝાવવાવાળાંમાં લખાશે નહિ કે ફક્ત તમાસો જોઈ રહેવાવાળામાં... !!

નવા વર્ષમાં સૌ કોઇ આમ જ કામ કરવાની જ વૃતી કેળવે તો તેને આવનારા સમયમાં ચોક્કસ સફળતા જ મળશે. આપણે સૌ ભાગ્યવાન છીએ કે આપણને આ અમૂલ્ય જીવન મળ્યુ છે. નવા વર્ષમાં સૌ શુભ સંકલ્પ કરીને જીવનને સુખી અને સમૃધ્ધ બનાવીએ.

નવુ વર્ષ એટલે ઇશ્વરે દીધેલાં જન્મનો ઋણ ચુકવવાનો નવો અવસર.નવુ વર્ષ એટલે આનંદને વહેંચીને દુ;ખોને ગળી જવાનો નવો અવસર.નવુ વર્ષ એટલે સ્વને ઓળખીને સેવા સુધી લઇ જવાનો નવો અવસર

નવુ વર્ષ એટલે જુની ભુલોને ભૂલીને ફરી તરોતાજા થવાનો અવસર

નવું વર્ષ એટલે જીવનનાં નવા લક્ષ્ય સાથે કામ કરવાનો અવસર. નવુ વર્ષ એટલે પોતાના અહંકારને છોડીને સરળ બનવાનો અવસર. નવુ વર્ષ એટલે સૌ સુખી બને તેવા પ્રયત્નો કરવાનો નવો અવસર.નવું વર્ષ એટલે વાણી–વર્તનને વધુ વ્યવહારિક કરવાનો નવો અવસર.

નવુ વર્ષ એટલે ખુદનાં દર્પણ બની કર્મફળને કળવાનો નવો અવસર.

નવું વર્ષ એટલે ભગવાને જે પણ આપ્યું છે તેને હસીખુશીથી સ્વિકારવાનો અવસર.

નવું વર્ષ સૌને ખૂબ જ આનંદદાયી, ફળદાયી નીવડે તેવી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.....


ઓનલાઇન આઇ એમ ફાઇનની જિંદગી પણ વિતાવતા વિતાવતા આપણે ઇશ્વરને થેંક્યુ તો જરૂર કહીશું કારણ કે આખરે તેને આપણને 'ઓનલાઇન' લાવી દેવાની આ અનોખી રીત અપનાવવી પડી છે એટલે સમજી જજો કે અત્યારની નવરાત્રી હોય કે દિવાળી, એટલું જ કહો, 'આઇ એમ ઓનલાઇન... આઇ એમ ફાઇન...!'


છોટુભાઈ દામજીભાઈ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઈ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઈના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા–બાપને ભુલશો નહી


CONFUSED ABOUT CAREER ?
Student VISA Services
• Country, University & Course guidance
• Interview guidance & Student reference
• PR guidance
• Documentation & Visa filling
• After Visa services
Career Counselling Services
• After 10th Subject & stream selection
• Profile Building & Internship guidance
• 21st century skills & career guidance
• Entrance exam & portfolio guidance
Rachana's Career Counseling Lab
Rachana Talsaniya
(Career Counsellor & Student Visa Facilitator)
IC3 Institute Certified
Finance Graduate
Associated with TGES, SNK School
Contact Details
studentvisa101@gmail.com
Rachna.CareerCounselor
Rachna_CareerCounselor
+91 98985 77060 / 82382 22046



આપને પાઠવે છે
દિવાળીની શુભેચ્છા
Amar
• ROUND PAD LOCK •
High Quality Lock Available in
70mm • 80mm • 90mm
Design Regd.®
A25001
Amar
Since 1970
AMAR INDUSTRIES
A-13, Hapa Industrial Estate, Hapa-361120, Jamnagar (Guj.) INDIA.
Customer Care : +91-288 2570258
www.amarlock.com


મનુષ્ય ગૌરવદિન
૧૯ ઓકટોબર
દાદા 100
આત્મગૌરવ અને પરસન્માન
મળીને થાય મનુષ્ય ગૌરવ
- પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી
કરોડો લોકોને જીવન દ્રષ્ટિ આપનારા માનવ ગૌરવ પ્રદાતા નવયુગ નિર્માતા
પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીને
જન્મશતાબ્દી અવસર પર શતશઃ નમન
ACTIONWARE®
QUALITY PRODUCTS
એક્શનવેર ઈન્ડિયા પ્રાઈવેટ લીમીટેડ
info@actionware.in - www.actionware.in

# મનુષ્ય ગૌરવ દિન

## દૃષ્ટિદાતા દાદા અને તમને વંદન વારંવાર
## અમ જીવન નિર્માતા તુજને વંદન વારંવાર

દાદા 100



એક વિરલ જન્મશતાબ્દી...
'ઈશ્વર હૃદયસ્થ છે' એ સુગંધી સમજણની...
'આધ્યાત્મિક ક્રાંતિ'ના પ્રેરક પગરણની...
'દૈવી બંધુભાવ'ના ઉષ્માપૂર્ણ ઉત્સવની...
'ભાવનિક ક્રાંતિ'ના સ્થિર સંસ્થાપનની...
'સ્વાધ્યાય પરિવાર'ના પ્રણેતાના
પાવન પ્રાદુર્ભાવની!
'મનુષ્ય ગૌરવ'ના ઉન્નત ઉદ્‌ગાનની !

## પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી

**(પુજનીય દાદાજી)ને જન્મશતાબ્દી દિનના**
**અવસર પર કૃતજ્ઞતાપૂર્વક**

## કોટિ-કોટિ શ્રદ્ધા-સુમન અર્પણ

FARM KING®
Pulses • Spices • Peanuts

# પંચરંગી ક્રાંતિદ્રષ્ટા વિશ્વમૂર્તિને વંદન વારંવાર

મનુષ્ય ગૌરવ દિન વિશેષ



સંકલન : કીર્તિબેન જે. ચાંદ્રાણી, વીરપુર-(જલારામ) ● તસવીરો : પ્રવીણ ગજ્જર




**પ્રેમ અને વિચારો લઈને પોતાની આગવી શૈલીથી પૂજ્ય દાદા એ માણસને પોતાનો કર્યો. તેમના વિચારોથી હજારો લોકોમાં પ્રભુ માટે સંસ્કૃતિ માટે કામ કરવાની તીવ્ર જીજ્ઞાસા ઊભી થઈ. આવી કૃતિ કોઈપણ અપેક્ષા કે સ્વાર્થ વગર કેવી રીતે કરવી તેનું માર્ગદર્શન પણ તેમના પ્રવચનમાંથી મળતું.**

ભારતની ભૂમિ એટલે અવતારો અને સંતોની ભૂમિ. કૃષ્ણ અને રામ જેવા અવતારોને હજારો વર્ષના વહાણા વીતી ગયા છતાંયે લોકોના હૃદયમાં હજુ પણ તેઓ બિરાજમાન છે. તેથી જ તો શ્રાવણ કે ચૈત્ર માસની શરૂઆત થતાં જ લોકોના હૃદયમાં એક વિશેષ ભાવજાગૃતિ નિર્માણ થાય છે. તેવી જ રીતે ઓક્ટોબર મહિનો આવતાં જ વિશ્વભરમાં ફેલાયેલા સ્વાધ્યાય પરિવારના હૃદયમાં એક વિશેષ ભાવ અને લાગણી જોવા મળે છે.૧૯ ઓક્ટોબર એટલે પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી નો જન્મદિવસ. ભારતની ભૂમિ પર માનવ સંસ્કૃતિ ખીલવવા માટે ઋષિ-મુનિઓનો હજારો વર્ષનો કર્મયોગ છે.

માનવને જંગલી અવસ્થામાંથી સુસંસ્કૃત કરીને કુટુંબજીવન, ખેતી-વનસ્પતિ તેમજ



રાજકોટના યાજ્ઞવલ્કય વૃક્ષમંદિર મંદિર ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં પૂજ્ય દાદા, પૂજ્ય તાઈ અને આદરણીય જયશ્રીદીદી

## મનુષ્ય ગૌરવ દિન વિશેષ

યોગ્ય ઉપાસના પદ્ધતિ એ ઋષિઓના કર્મયોગનું પરિણામ છે. વ્યવસ્થિત થયેલ સમાજ પણ કાળક્રમે વિકૃતિ તરફ ખેંચાય છે, આસુરીવૃત્તિ નું જોર વધે છે, સાત્વિક લોકો મૂંઝાય છે અને તેમની શક્તિ ઓછી પડે છે. પરંતુ આપણી ભૂમિનુંમહદ્ભાગ્ય એ છે કે જ્યારે જ્યારે આવો સમય આવે ત્યારે જગતની ચિદઘનશક્તિ માર્ગદર્શન કરવા આવે છે, અને દરેક કાળે માનવ સમૂહ ને વ્યવસ્થિત કરવા પોતાના લાડકા દીકરા એટલે કે, આચાર્યો–સંતો વગેરેને વિશેષ શક્તિ પ્રદાન કરીને મોકલ્યા છે. માનવીય મૂલ્યોનું અધઃપતન થયું હોય તેવા કરાળકાળમાં પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે એટલે કે, પૂજ્ય દાદા જેવું એક વિરલ વ્યક્તિમત્વ માનવ તેમજ માનવ્યના ઉત્થાન માટે તેમજ મનુષ્યના ગૌરવ નિર્માણ માટે મોકલ્યું હોય તેમ લાગે, એટલે જ તેમના જન્મદિવસ ૧૯ ઓક્ટોબરને સમગ્ર વિશ્વમાં ફેલાયેલ સ્વાધ્યાય પરિવાર મનુષ્ય ગૌરવ દિન તરીકે મનાવે છે.



પૂજ્ય દાદાજી જેવી વિભૂતિ આપણને મળી એ પાછળ તેમની પાંચ પાંચ પેઢી ની કર્તવ્યનિષ્ઠા, પ્રભુ નિષ્ઠા, અને ધ્યેયનિષ્ઠા છે. તે વખતના સમાજની રુઢિઓ, પરંપરાઓ, અંધશ્રદ્ધા, વહેમ, ભેદભાવ વગેરે જોઈને પરમ પૂજ્ય દાદા ને નાનપણથી જ વ્યથા હતી. હકીકતમાં તે વ્યથા થાય તેવી ઉંમર ન હતી, પરંતુ, SharpIntellect and Sensitive Mind હોવાના કારણે દાદાજીને આ વ્યથા થવી એ સ્વાભાવિક છે. ૧૯૪૨થી પૂજ્ય દાદાજી એ મુંબઈ સ્થિત શ્રીમદ્ભગવદ્ગીતા પાઠશાળાની વ્યાસપીઠ સંભાળી ત્યારથી લઈને અવિશ્રાંત સાંઇઠ વર્ષ સુધી વિચારોની અસ્ખલિત ગંગા વહાવી છે. આ વિચારો માત્ર પ્રવચન પૂરતા મર્યાદિત ન હતા. આવા વિચારોથી સમાજનું ઘડતર કરવાનું હતું. તેથી પૂજ્ય દાદાજી વર્ષો સુધી માનવ પાસે ગયા છે. પ્રેમ અને વિચારો લઈને પોતાની આગવી શૈલીથી પૂજ્ય દાદા એ માણસને પોતાનો કર્યો. તેમના વિચારોથી હજારો લોકોમાં પ્રભુ માટે સંસ્કૃતિ માટે કામ કરવાની તીવ્ર જીજ્ઞાસા ઊભી થઈ. આવી કૃતિ કોઈપણ અપેક્ષા કે સ્વાર્થ વગર કેવી રીતે કરવી તેનું માર્ગદર્શન પણ તેમના પ્રવચનમાંથી મળતું. આવા વૈચારિક કેન્દ્રો ગામે–ગામે શરૂ થયા જેમાં પૂજ્ય દાદાએ પ્રવચનોમાં કહેલ વિચારોને ચિંતન સ્વરૂપે અપાતા. તેના પરિણામે જીવન, ભક્તિ, ધર્મ, અધ્યાત્મ, કુટુંબ વગેરેની સાચી દૃષ્ટિ મળી. આવા કેન્દ્રના પરિપાકરૂપે શ્રેષ્ઠતમ, દૈવી, મહાન, પવિત્ર સ્વાધ્યાયની પ્રતિસૃષ્ટિ પૂજ્ય દાદાજીએ નિર્માણ કરી. યુગ પરિવર્તનને માટે પૂજ્ય દાદા આપણી વચ્ચે આવ્યા છેલ્લા હજારવર્ષમાં ન થયું હોય તેવું માનવ ઉત્થાનનું કાર્ય ૫૦થી ૬૦ વર્ષમાં અવિરતકર્મયોગ થી ઊભુ કરી બતાવ્યું. હજારો વર્ષો સુધી ટકે તેવો સાંસ્કૃતિક કાર્યનો વિશાળ અને મજબૂત રસ્તો તૈયાર કરવાનો હોય તો લાખો માણસોનો સમૂહ તે રસ્તે ચાલતો કરવો પડે. ગામડાની વાડીઓ અથવા જંગલમાં નાની કેડીઓ હોય, ગાડાના ચિલા હોય, એકાદ સાઈકલ, ગાડું કે એકલદોકલ માણસ ચાલતા હોય ત્યાં રસ્તો ન બને, પરંતુ ટ્રકના ટ્રક, ટ્રેકટર વગેરે જેવા વાહનો વર્ષોના વર્ષો ચાલે ત્યારે રસ્તો બને. આવી રીતે સત્કાર્ય ઉભુ કરવાનું હોય, વિશ્વને નવી દિશા બતાવવાની હોય ત્યારે ટ્રક અને ટ્રેક્ટર જેવા શક્તિશાળી માનવ સમૂહને નિર્માણ કરવો પડે. આવો સમાજ એકાદ–બે વર્ષમાં નિર્માણ ન થાય, વર્ષો સુધી Years Together પ્રયત્નશીલ રહીને થાય.

૨૨ વર્ષની ઉંમરે દાદાજી વ્યાસપીઠ પર બેઠા ત્યારથી જ તેમના મગજમાં વિશ્વની સ્થિતિ જોઈને તેને બદલવાનીસ્પષ્ટ કલ્પના હતી તે માટે પૂજ્ય દાદાએ અવિરત કામ કર્યું. માનવ્યના ઉત્થાન માટે જ જાણે કે જેનો જન્મ થયો હોય તેવા દાદાજીના જન્મ દિવસને ૧૯ ઓક્ટોબર ૧૯૯૦ ના રોજ મનુષ્ય ગૌરવ દિન તરીકે નામાભિધાન થયું. તે દિવસ એટલે ઐતિહાસિક દિવસ કહી શકાય. તે સમય એટલે કે બેસતુ વર્ષ, સપ્તતિ વર્ષ અને પૂજ્ય દાદાજીની જન્મ તારીખ હતી.

ઘડીભર આપણને લાગે કે મનુષ્ય ગૌરવ દિન આવું નામ કેમ રાખ્યું હશે ? પ્રભુનિર્મિત વિશ્વમાં ચાર જાતની સૃષ્ટિ છે : પશુ, વનસ્પતિ, જડ અને માનવ. આ બધામાં માનવ ઉભો થાય, તેનું ગૌરવ જળવાયતો આપમેળે બધા નું ગૌરવ નિર્માણ થાય. માણસ આવો બધો હોવા છતાંય તેનું ગૌરવ શા માટે હણાય છે ? તેનું કારણ છે આત્મવિસ્મૃતિ અને પરાત્મવાદ આવા માણસને ગીતાનો આધાર લઈને સર્વસ્યચાહમ

હૃદિસન્નિવિષ્ટો ... અને મમૈવાંશો જીવલોકે ..... કહ્યું કે ભગવાન મારી સાથે છે GOD is not in heaven but He is in your heart આ ખબર પડે તો ગૌરવ જાગૃત થાય. તે કોના થકી છે ? તે ભૂલી ગયો છે. ત્રિકાળ સંધ્યા આપીને આકાશમાં રહેલા ભગવાનને માણસના હૃદયમાં બેસાડીને તેને ઊભો કર્યો અને ગૌરવ પ્રદાન કર્યું. તું મહાનનો છો તે વાત પ્રસ્થાપિત કરીને માણસ નું ગૌરવ વધાર્યું. માણસને અત્મસ્મૃતિવાન બનાવીને ગૌરવ વધાર્યું.

માણસને એમ થાય કે પદ, પ્રતિષ્ઠા કે પૈસા છે તો હું મોટો. આવા પરાત્મવાદ થી પીડાતા માણસને દાદાએ કહ્યું કે જે પ્રમાણે દૂધમાં કેસર, એલચી, પિસ્તા હોય તો તેની વિશેષ કિંમત છે પણ ન હોય તો પણ દૂધની સ્વતંત્ર કિંમત (મૂલ્ય) છે જ, તે જ પ્રમાણે માણસ પાસે પદ–પ્રતિષ્ઠા–પૈસો વગેરે ન હોય તો પણ માણસ તરીકે નું તેનું મૂલ્ય છે.મનુષ્યનાગૌરવને કારણે પંચરંગી ક્રાંતિ નિર્માણ થાય છે આજ સુધી જગતને Tri Colour Revolution ની ખબર છે, પરંતુ પૂજ્ય દાદાજી ની પંચરંગી ક્રાંતિ તેનાથી અજાણ છે.

■ મારી અંદર ભગવાન આવીને બેઠો છે તો હું વેચાવ નથી. વ્યક્તિ વેચાય નહીં તો રાજકીય ક્રાંતિ થાય.''

■ ભગવાન મારી અંદર છે હું હીન નથી.હું આ ભગવાને નિર્માણ કરેલ સમાજનો હિસ્સો છું, આવી આત્મગૌરવની વાતથી સામાજિક ક્રાંતિ થાય છે.

■ જે પ્રમાણે ભગવાન મારી અંદર આવીને બેઠો છે અને મને આત્મગૌરવ મળે છે, તેમ તે સામેવાળા માં પણ છે, તેનાથી પર સન્માનની ભાવના નિર્માણ થાય Other is not other but he is my divine brother , Brotherhood of man under the fatherhood of GOD આવી વાત સ્થિર થતાં સમાજમાં ભાવનિકક્રાંતિ થાય છે.

## મનુષ્ય ગૌરવ દિન વિશેષ

■ ભગવાન મારી અંદર છે, તેનો અને મારો સંબંધ છે ગીતાજીની સ્વકર્મણા તમ્ભ્યર્ચ...ની સમજણથી માણસ દાદાજીએ આપેલ મત્સ્યગંધા, યોગેશ્વર કૃષિ, શ્રી દર્શનમ, વૃક્ષમંદિર, હીરામંદિર, એકવીરા, યંત્ર જીજ્ઞાસા, ગોરસ વગેરે પ્રયોગોમાં પોતાની કુશળતા ધરતો થયો આનાથી લક્ષ્મી નિર્માણ થઇ અને જબરદસ્ત આર્થિક ક્રાંતિ નિર્માણ થઈ.


(ફોટો : પ્રવીણ ગજ્જર)

■ ભગવાન મારી અંદર છે તે સમજણ આધ્યાત્મિક્તા છે.મારી પ્રત્યે કૃતિનો ભગવાન સાક્ષી છે. તે જુએ છે આ સમજણ નિર્માણ કરીને ખરા અર્થમાં આધ્યાત્મિક ક્રાંતિ નિર્માણ કરી.

ઘણા લોકો પૂછે દાદાજી તમે આ પંચરંગી ક્રાંતિથી શું કરવા માંગો છો ?


દાદાજી કહેતા મનુષ્યનું ગૌરવ નિર્માણ કરવા માંગુ છું. મનુષ્ય ગૌરવની આવી અનુપમ ભેટ અને અભૂતપૂર્વ એવા માનવમૂલ્યોનું જતન કરવા વાળા પ્રયોગોની હારમાળા આપી. તેની સાથે સાથે પૂજ્ય દાદાજી એ સૌથી મોટી ભેટ આપી અને તે એટલે પૂજનીય દીદીજી. પૂજનીય દીદીજી દાદાજીનું જીવન સમજાવીને દાદા શું છે તેની સમજણ પાકી કરાવે. પુજનીયદાદાના કાર્યની નીતિ–રીતિ પદ્ધતિ સમજાવીને સમગ્ર વિશ્વમાં કાર્યમાં એકવાક્યતા લાવતા રહેલ છે. દાદાજીએ લાખો લોકોનો પરિવાર નિર્માણ કર્યો છે, તે પરિવારનું સ્નેહબંધન, સંઘનિષ્ઠા, યજ્ઞનિષ્ઠા મજબૂત કરવાનું મહત્વનું કામ પૂજનીય દીદીજી કરતા રહ્યા છે. દાદાજીના ૧૦૦માં વર્ષે, શતાબ્દી વર્ષે સમગ્ર વિશ્વમાં મનુષ્ય ગૌરવ નિર્માણ થાય તેવી અભ્યર્થના સાથે દાદાજી ને કોટી કોટી નમન.

**(પૂજનીય દાદાજીના વાઙ્મયના આધારે)**

મનુષ્ય ગૌરવ દિન વિશેષ

# સ્વાધ્યાય દ્વારા પંચરંગી ક્રાંતિનું સર્જન કરનાર યુગપુરૂષ પાંડુરંગ શાસ્ત્રીજી

● સંકલનકર્તાઃ પ્રવીણ ગજજર



**માત્ર ૨૨ વર્ષની વયે પાઠશાળાની વ્યાસપીઠને જીવન ધ્યેયગણી સર્મપણ ભાવે સ્વાધ્યાયયજ્ઞ ચાલુ રાખ્યો માણસને તેની પોતાની ઓળખ પણ પૂ.દાદાએ જ આપી છે.**

પ્રભુનિષ્ઠા તત્વનિષ્ઠા અને ધ્યેયનિષ્ઠા જેના કુળની પરંપરા હોય તેવા કુળના સંતાન ખરા અર્થમાં વિશ્વ વંદ્ય વિભૂતિ બને એ ચમત્કાર નહીં પરંતુ સ્વાભાવિક જ છે. આઠવલે કુળની પ્રત્યેક પેઢીએ વારસામાં ધન નહીં પણ ધર્મ, સંપત્તિ નહીં પણ સંસ્કાર, સ્વાર્થ નહીં પણ સંસ્કાર, સ્વાર્થ નહીં પણ સેવા, નોકરી નહીં પણ ખુમારી, દીનતા નહીં પણ દિવ્યતા, લાચારી નહીં પણ તેજસ્વિતા આપી છે. પૂ.દાદા સાચા અર્થમાં સંસ્કૃતિ માતાના અતિપ્રિય સંતાન હતાં.

૧૯ ઓક્ટોબર, ૧૯૨૦ના દિવસે, આસો સુદ સાતમ અને સરસ્વતી પૂજનના દિવસે રોહા નામના નાનકડા ગામમાં માતા પાર્વતીના કૂખે યોગેશ્વરના લાડલાનો જન્મ થયો..કહો કે યોગેશ્વરે જ તેમને પોતાના પ્રતિનિધિ તરીકે ધર્મ અને સંસ્કૃતિનો જીર્ણોધ્ધાર કરવા મોકલ્યા.



(ફોટો : પ્રવીણ ગજજર)

**આદરણીય જયશ્રીદીદી**

દુર્દમ્ય ઈશશ્રધ્ધાની શીતળ છાયા, સૌંદર્ય દ્રષ્ટિ નિસર્ગ પ્રેમ અને દાદા-દાદીની


તત્વનિષ્ઠાના વાતાવરણમાં યોગેશ્વરરૂપ બાળ પાંડુરંગના મન અને બુધ્ધિ નાનપણથી જ ખીલવા લાગ્યા. ઉધાર લેવું નહીં, દયનીય જીવવું નહીં, કષ્ટ પડે તેવું વ્રત લેવું નહીં તેવા વ્યવહારિક જીવનવ્રત નાનપણથી જ આવ્યા.

પિતાશ્રીને પાંડુરંગની ગ્રહણશક્તિ ઉપર અતૂટ અને સંપૂર્ણ વિશ્વાસ હતો અને એટલા માટે જ શાળાના પ્રિન્સીપાલનો



**કૃતજ્ઞતા સમારોહમાં આદરણીય જાણીતા કથાકાર પૂ. મોરારીબાપુ પણ હાજર રહીને દાદાને નમસ્કાર કર્યા હતા.**

પૂ.પાંડુરંગ શાસ્ત્રીજીની તીવ્ર બુધ્ધિપ્રતિભા, ઈશશ્રધ્ધા અને અખૂટ સંસ્કૃતિ પ્રેમનો પ્રતિસાદ ઈ.સ.૧૯૫૪માં થયો. આ સમયે પૂ.દાદા મુંબઈના એક ખૂણામાં ૧૦૦ લોકો પાસે પ્રવચન કરતા હતાં. આવા વ્રત નિષ્ઠ બ્રાહ્મણને ૧૯૫૪માં જાપાન ખાતે યોજાયેલ બીજી વિશ્વધર્મ પરિષદનું આમંત્રણ મળ્યું. પ્રારંભમાં તો દાદાએ ના પાડી પણ આયોજકોનો



**રાજકોટના કાલાવડ રોડ પરના મેટોડા ખાતે ૧૯, માર્ચ-૧૯૯૪ના રોજ યોજાયેલ કૃતજ્ઞતા સમારોહમાં હાલના વડાપ્રધાન અને તે સમયના ભારતીય જનતા પક્ષના પ્રદેશ મહામંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, હાલના કર્ણાટકના ગર્વનર અને તે સમયના પ્રદેશ ઉપપ્રમુખ વજુભાઈ વાળા, પ્રદેશ પ્રમુખ કાશીરામ રાણા, કોંગ્રેસ અગ્રણી અમરસિંહ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીરો : પ્રવીણ ગજ્જર)**

વિરોધ અવગણીને પાંડુરંગ સાચો બ્રાહ્મણ–સંસ્કૃતિ સંતાન બને તેટલા માટે તપોવન પધ્ધતિનું શિક્ષણ અને જીવન ઘડતર માટે પોતાની જ (સરસ્વતી સંસ્કૃત પાઠશાળા) માં અભ્યાસ માટે મુક્યા હતાં. આ પાઠશાળા એવી હતી જે સંસ્કૃતિ સાથે ભારતીય અને પાશ્ચાત્ય તત્વજ્ઞાનનો ઉંડો વિવેચનાત્મક અને તુલનાત્મક અભ્યાસ કરાવાતો હતો અને આવા મેળવેલા તત્વજ્ઞાનને કારણે જ ૨૨ વર્ષની યુવાન વયે પૂ.દાદાએ સ્વાધ્યાય પ્રવચનનો પ્રારંભ કર્યો. માંડુકયોપનિષદની ગૌડપાદકારિકા જેવા ગહન વિષય સાથેનું દાદાનું આ પ્રવચન હતું. ૧૯૨૪ થી શરૂ કરીને પાઠશાળાની વ્યાસપીઠને જીવન ધ્યેયગણીને સમર્પણની ભાવનાથી તેમનો સ્વાધ્યાય યજ્ઞ ચાલું રાખ્યો હતો.

ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાનના સંશોધન કાર્યમાં સાથ આપવા મોટી રકમ સાથેનો પ્રસ્તાવ તે સમયના રાજ્યપુરૂષ અને સાહિત્યકાર દ્વારા કરાયો પરંતુ દાદાએ વિનમ્રભાવે કહી દીધું કે કોઈનો આશ્રિત થઈશ નહીં, માત્ર પ્રભુનો આશ્રિત થઈશ.

માધવબાગની શ્રીમદ્ ભગવદ ગીતા પાઠશાળાને તીર્થભૂમિ કર્મભૂમિ બનાવીને સ્વાધ્યાય યજ્ઞને પ્રજવલિત રાખનાર

**મનુષ્ય ગૌરવ દિન વિશેષ**

આગ્રહ હતો તેથી પૂ.દાદા ગયાં. વિશ્વધર્મ પરિષદમાં (આત્મ પરિચયએ અમારી સંસ્કૃતિ નથી) તેમ કહીને ખળભળાટ મચ્યા બાદ (અવતારવાદ) ના સંદર્ભમાં તેમણે યોગેશ્વર શ્રી કૃષ્ણની બહુમુખી પ્રતિભાનું વર્ણન કર્યું ત્યારે વિશ્વભરમાંથી આવેલા તત્વચિંકો પણ આશ્ચર્યચક્તિ થયા.

### પૂ.દાદાનું જીવન કાર્ય

તારી જો હાક્સુણી કોઈ ન આવે તો તું એકલો જાને એ ઉક્તિ પાંડુરંગ દાદાના જીવનમાં અક્ષરશ : ચરિતાર્થ થઈ હતી.

તત્કાલિન શિક્ષકો, વિદ્વાનો અને સાધુ સંતોને આદરપૂર્વક તેમના મનની સંસ્કૃતિના પુનરુત્થાનની વાતો કર્યા પછી તેમના નિરાશાપૂર્ણ પ્રતિસાદ પછી હાર્યા વિના થાકના વિના તેઓ ચાલતા રહ્યા, દોડતા રહ્યા.

ઘણા બૌધ્ધિકોને પ્રશ્ન થાય છે કે પૂ.દાદા શું કહે છે ! ઘણા રાજનીતિજ્ઞો પ્રશ્ન પૂછે છે કે, 'સ્વાધ્યાયનો ધ્યેય શું છે ?' આવા સર્વ પ્રશ્નોનો એક જ ઉત્તર એક જ વાક્યમાં આપવો હોય તો 'પૂ.દાદા માણસને થાકયા ઉભો કરે છે– માણસને માણસ બનાવે છે.'

આ સૂત્રાત્મક લાગતા વાકયની ભીતરમાં આ મહાપુરૂષના

છેલ્લા ૬૦ વર્ષનો અથાગ પુરૂષાર્થ છે–નિશ્ચત ધ્યેય છે–દીર્ઘદૃષ્ટિ છે જેનો અંદાજ કોઇપણ માનવી માટે અકલ્પ્ય છે.

**મનુષ્ય ગૌરવ દિન વિશેષ**

**વિચાર**

પૂ.દાદાએ શ્રીમદ્ ભગવદ્ગીતા પાઠશાળામાં બેસીને માત્ર પ્રવચનો જ કર્યા હોત તો આજે જે સમાજ નવરચનાનું દર્શન આપણને સૌને થાય છે તે ન થતું હોત. વાસ્તવમાં પૂ.દાદાએ પ્રેમ આપી, આત્મીય બનાવીને પછી વિચાર આપ્યો. તેજસ્વી વિચાર ક્રાંતદર્શી વિચાર, 'ત્રિકાળ સંધ્યા', હું પ્રભુનું સંતાન છું, હું નાનો નથી, મોટો પણ નથી. ગીતા સંદેશ સ્વાધ્યાયીઓએ માત્ર ઘરની દિવાલો ઉપર જ ટીંગાડ્યું છે તેવું નથી પણ હજારો સ્વાધ્યાયીઓ ગીતા સંદેશને જીવનમાં ઉતારતા રહ્યા છે તેથી તો ધરતીકંપ કે દુષ્કાળ હોય કે અન્ય યાતના હોય ત્યારે 'મફતનું લઇશ નહીં' ની તેમની દ્રઢભાવના જ સૌને આશ્ચર્યચક્તિ કરે છે.



'કૃતજ્ઞતા' નો વિચાર આજે ગામેગામ ફરતો થયો છે. દુન્યવી દ્રષ્ટિથી આપણને જે કુવા રિચાર્જ, નિર્મલનીર દેખાય છે તેના પાયામાં ધરતીમાતા પ્રત્યેની કૃતજ્ઞતા છે. 'જળસંચળ' એ વાસ્તાવમાં આડપેદાશ છે. 'મનુષ્ય ગૌરવ'એ મહાક્રાંતિકારી પ્રદાન છે.

પૈસા પદવી, પ્રતિષ્ઠા, સત્તા, નાત–જાત, ધર્મ જોયા વગર સૌને ઘેર નિરપેક્ષભાવે જઇ પરસ્પરો ભાવયન્તથી ભાવપુષ્ટી મેળવતો સ્વાધ્યાય પરિવાર એ દાદાના વિચારોની જ કમાલ છે. યુવાનો સતત કહે છે, દાદાએ આપ્યો એક વિચાર એમાં પામ્યો જીવનનો સાર ઉદ્ધેરેત આત્મના આત્માનમ ગીતામંત્રથી તેઓને સમાજને ઢંઢોળ્યો છે. ગુલામી મનોવૃતિ દૂર થઇ છે, તેથી જ અપના હાથ જગન્નાથ ની ભાવના ભક્તિની બેઠક પર ચરિતાર્થ થઇ છે.

**મૌલિક દ્રષ્ટિકોણ**

માનવ્યખડુ કરવાના તેમના ક્રાંતદર્શી

# પૂજય દાદા આપણા હૃદયમાં જ છે : શ્રી જયશ્રીદીદી



પૂ.દાદા હૃદયપસ્થ થયા બાદ જયશ્રી દીદીએ કહ્યું હતું કે,દાદા ભગવાન પાસે ગયા છે અને ભગવાન આપણા હૃદયમાં છે. એટલે પૂ.દાદા પણ આપણા હૃદયમાં જ છે. પૂ.દાદા વિચારના રૂપમાં, લાખો કૃતિશીલો અને સ્વધ્યાયીઓના દિલોમાં સૈદવ હાજર છે. જ્યાં સુધી આ ધરતી પર વિશ્વનો છેલ્લામાં છેલ્લા છેડાનો એક વ્યક્તિ પણ ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરશે, દાદાએ સમજાવેલા મૂલ્યોનું જતન કરશે અને ભગવાન સાથે આત્મીયતા બાંધતો રહેશે ત્યાં સુધી દાદા 'સાક્ષાત' જ રહેશે. તમારા સહિત આવા જ લાખો કૃતિશીલો છે માટે દાદાના હોવા ન હોવાનો પ્રશ્ન જ નથી. સામાન્યમાણસ શરીરની મર્યાદામાં જીવતા હોય છે. પૂ.દાદા શરીર જ નહીં તેઓના વૈશ્વિક કલ્યાણકારી વિચારો, કાર્યોથી જીવતા છે. અને તે જ રીતે સર્વ સ્વાધ્યાયીઓ માટે તેઓ હયાત જ છે. ફેરમાત્ર એટલો છે કે આપણે દાદાને જોઇ, સાંભળી કે સ્પર્શી શકશું નહીં તેનું દુઃખ કે રંજ રહેશે પણ 'દાદા' એ સગુણોપાસના (સગુણ ઉપાસના)ની પધ્ધતિ શીખવી છે. હવે આપણે નિર્ગુણ ઉપાસના કરીશું કારણ કે એવી કોઇ ઘટના કે ક્ષણ નથી જેમાં દાદા નથી.



**૨૫ ઓકટોબર-૨૦૦૩માં પૂ. દાદા હૃદયસ્થ થયા બાદ તેમના અસ્થિકળશ રાજકોટ વૃક્ષમંદિર ખાતે લાવવામાં આવ્યા હતા ત્યારે હાલના મુખ્યમંત્રી અને તે સમયના પ્રદેશ અગ્રણી વિજયભાઇ રૂપાણીએ શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.**

**- પ્રવિણ ગજ્જર**




પ્રયોગોનો આધાર વૈદિક સાહિત્ય જરૂર છે પરંતુ પ્રાચિન વિચારોને સજીવન પણ કરવામાં તેમનો મૌલિક દ્રષ્ટિકોણ તો કોઈપણ બુધ્ધિજીવીને શક્તિ ના દર્શન કરાવે છે. તેમના પ્રવચનો સાંભળીને એક વનવાસી અને આદિવાસી પણ જીવતો થાય છે. વિચારોના બળથી નિસ્તેજ દીનહીન બનેલ બહેનો, ગ્રામવાસીઓ અડગ બનીને ઉભા રહેતા થયા છે. માણસને તેની પોતાની ઓળખ પણ પૂ.દાદાએ જ આપી છે અને તે પણ વિચારપૂર્વક આટલા વિરાટ કાર્યમાં ક્યારેય ભાવનાવશ થઈને માણસને જોડ્યો નથી. લૌકિક વિશ્વમાં એક સામાન્ય માન્યતા ઘર કરી ગઈ છે કે દાન એ માત્ર શ્રીમંત જ કરી શકે ત્યારે ભકિતની બેઠક પર સ્વશક્તિના સમર્પણથી આજે સામાન્ય ખેડૂતો અને માછીમારોને પણ અપૌરષેય ના ક્રાંતદર્શી વિચારમાં નિમિત્ત બનાવીને ખરા અર્થમાં તેઓને પણ દાનના સહભાગી બનાવ્યા છે.

કારણ વગર મળવું આ વાત તુચ્છ લાગે, મશ્કરી લાગે, પરંતુ દાદાએ વિના કારણ પ્રેમ કર્યો, કારણ વગર માણસને માણસની પાસે મોકલ્યો તે પોતે જ આજે એક મોટો વિચાર સાબિત થયો છે. સમાજના પ્રબુધ્ધ લોકોને કેવળ વિતંડાવાદી ન રેહતા તેમની બુધ્ધિ ઉપર કૃતજ્ઞતાના વસ્ત્રને સજાવીને પૂ.દાદાએ જ તૈયાર કર્યો છે.

ભાઈચારાની ભાવનાથી, કૃતિભક્તિ ની ભાવનાથી આજે દેશ જ નહીં વિદેશમાં પણ હજારો લોકો ભક્તિફેરી કરે છે અને વિચારથી પરિપુષ્ટ છે પરિણામે લોકો ખરા અર્થમાં માણસ બન્યા છે. આજે લાખો બહેનોએ પણ દાદાનો સાચા અર્થમાં વાત્સલ્યની વર્ષાનો અનુભવ કર્યો છે. દાદાએ વ્યકિતગત જીવનમાં ત્રિકાળ સંધ્યા આપવાની સાથે કુટુંબ પ્રાર્થના પણ આપી જેથી ગ્રામીણ જીવનમાં ઘરમાં સાથે બેસવાનો જે ગ્રામીણ જીવનમાં ઘરમાં સાથે બેસવાનો જે છોછ હતો તે દૂર થયો. પૂ.દાદાના વિચારોથી શિક્ષણકાર ડો. માજીદ રહેનુમાએ કહેલું, આજ સાચું શિક્ષણ છે, હું આજ ઈચ્છું છું.

**મનુષ્ય ગૌરવ દિન વિશેષ**





**પૂ. દાદાએ રાજકોટની ૨૦૦૩માં છેલ્લી મુલાકાત લીધી હતી તે સમયની તસવીરો**

# મનુષ્ય ગૌરવ

મનુષ્ય ગૌરવ દિન વિશેષ



• મોહન મોર



(ફોટો : પ્રવીણ ગજજર)

**સમગ્ર વિશ્વને મંત્રમુગ્ધ કરી દેનાર પૂજ્ય દાદાજી વિશિષ્ટ છે. આજના કાળમાં આવું વ્યકિત્વ હોઈ શકે એ વિચારવું પણ કલ્પના લાગે છે.**

**मनुष्यस्य पुनः लुप्तं गौरवं येन प्राप्यते ।**
**पंचरंगमयं देवं पांडुरंग नमाम्यहम् ॥**

મનુષ્યનું લુપ્ત થયેલું ગૌરવ જેમણે પુનઃ પ્રસ્થાપિત કર્યું છે, તેમજ પંચરંગી ક્રાન્તિના રંગથી વિશ્વને જેમણે રંગી નાખ્યુ છે એવા મહાન યુગપ્રવતર્ક દાદાજીના ચરણોમાં વંદન...

**यतो रत्न भुजा वयम् –** જેમ દુર્યોધન કહેતો હતો કે સારું એટલું મારું, પૈસા અને સત્તાના જોરે જેટલું થઇ શકે એટલું કરી લેવું, એટલું જ નહિ પણ સત્તા અને વિત્તથી આખા વિશ્વનો કબજો લઇ શકાય આવી વિચારધારા ધરાવતા વિશ્વમાં પરમપૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી એ છાતી ઠોકીને કહ્યું કે તેનાથી વિશ્વને ક્યારેય સફળતા નહિ મળે અને વિશ્વશાંતિ પણ નહિ પામી શકે.

Position and possession, these two things are lifeless and the whole world is running after it.

પૂજ્ય દાદાજીએ "Bhakti is a social force" નો દૈવી મન્ત્ર આપીને આખા યુગને બદલાવનારી પ્રક્રિયા Practically બતાવીને દુનિયાને અચંબામાં નાખી દીધી છે. પોલ આઈકીન જેવા મશહુર અર્થશાસ્ત્રીને દોડતાં કરી મૂકનાર પાંડુરંગ શાસ્ત્રીની મહાનતાને પામી મુશ્કેલ છે.

જેઓ આર્ષદષ્ટા છે, તેમને હજ્જારો વર્ષ પહેલાનું વિશ્વ પણ દેખાય છે અને હજારો વર્ષ પછીનું

વિશ્વ પણ દેખાય છે. આજે ચાલતી રહેલી સત્તા અને વિત્તની પાછળની આંધળી દોટ એ ચાર દિવસની ચાંદની જેવી સાબિત થવાની છે.

**सर्वस्य चाहं रुदिसंनिविष्ट** – એટલે કે બધાંનું જીવન ચલાવનાર વિશ્વમાં એક જ ચિદ્ઘન શકિત છે. જયાં સુધી એક ઈશ્વરનાં અધિષ્ઠાન પર જયાં સુધી વિશ્વ વિચારતું નહિ થાય ત્યાં સુધી વિકાસની બધી જ વ્યાખ્યાઓ ખોટી પડશે.

જયાં સુધી માણસ પોતાની જાત ઉપર ઉભો નહીં થાય. મને કોઈ મદદ કરશે, કોઈની કૃપાથી હું આગળ આવીશ આવી નિમ્ન વિચારસરણી ફગાવીને, હું પ્રભુનો અંશ છું હું ઈશ્વરનો વંશજ છું.



**अहं ब्रह्मास्मिः**

હું ધારું તે કરી શકીશ, અને હું બદલી પણ શકીશ. આ મૂળભૂત વિચાર એટલે કે ગીતાનો વેદનો વ્યાસ વિચાર જ આખા વિશ્વને માર્ગદર્શન આપી શકે.

"Nothing moves in this world, unless it is willed by Greek" આવું કહેવાવાળા લોકોને આપણી ભારતીય સંસ્કૃતિ કહે છે **व्यासोच्छिष्टम् जगत् सर्वम्**

આખુ વિશ્વ વ્યાસનું એંઠું છે આટલો ઉંડો અને માનવતાવાદી વિચાર જેની પાસે પડયો છે.

અને એ વિચારને કાર્યાન્વિત કરીને Practically લાખો લોકો એ વિચાર પ્રમાણે જીવતાં કર્યા છે. કેટલાંય પ્રયોગો દ્વારા સામાન્ય માણસોમાં અસામાન્ય ક્રાન્તિ કરનાર આર્ષદષ્ટા ઋષિ સમાન પાંડુરંગ શાસ્ત્રીજીને આપણે આપણી વામણી બુદ્ધિથી પામી શકીશું ?

**स्वकर्मणा तमभ्यर्च्य** – ગીતાનો આ ક્રાન્તિકારી શ્લોક હજારો વર્ષથી બોલાતો આવ્યો છે. પરંતુ તેની અંદર ઠાંસી ઠાંસી માનવના જીવન વિકાસનું અને અર્થતંત્રનું સબળ પાસુ સમાયેલું છે. તે કોઈના ધ્યાનમાં ન આવ્યું.

ઘણી સારી વાતો, સદ્ગુણો ગીતામાંથી આપડે ઉપાડ્યા છે, પરંતુ વિશ્વને આંજી દેનાર, ક્રાન્તિકારી વાણી, ક્રાન્તિકારી પ્રયોગોથી.

સમગ્ર વિશ્વને મંત્રમુગ્ધ કરી દેનાર પૂજ્ય દાદાજી વિશિષ્ટ છે. આજના કાળમાં આવું વ્યકિત્વ હોઈ શકે એ વિચારવું પણ કલ્પના લાગે છે. એવાં સમયે અયાચક વ્રત રાખનાર, પ્રભુને પ્રમુખ બનાવનાર અને નાનામાં નાના માણસને પણ નર અપની કરણી કરે તો 'નરકા નારાયણ હો જાય' એવી આત્મપ્રત્યય જગાડનારી વાણીથી તેમજ હું પ્રભુનો અંશ છું, તેનું ગૌરવ ઉભું કરીને, બીજામાં પણ પ્રભુ સમાયેલો છે તેથી તેનો પણ આદર કરીને એક વિશ્વ પરિવારની ભાવનાથી અકલ્પનીય ક્રાન્તિકારી વિચારો જે મહાપુરૂષે નિર્માણ કર્યા, તેમના વિચારોને આ તેમની શતાબ્દિ વર્ષ નિમિત્તે હજારો નમસ્કાર કરીને કૃતજ્ઞતા વ્યકત કરીએ.

હે દાદાજી અમને બીજી કંઈ ખબર નથી, કે આપે અમને કેટલો મોંઘોમૂલો વૈભવ આપ્યો છે, અમને એટલી જ ખબર છે, તમે અમારા છો, અમે તમારા છીએ, અમે આપના વિચારોને દિગ દિગંત પહોંચાડીને અમારા જીવનમાં લાવીને અમારું કૃતિપુષ્પ આપના ચરણોમાં ધરીએ. – અસ્તુ.

મનુષ્ય ગૌરવ દિન વિશેષ



લાખો લાખો દીપ જલાકર, સૂરજ ચલા ગયા...
લાખો લાખો દીપ જલાકર, સૂરજ ચલા ગયા લોગો
કો દેકર દિવાલી, ખુદ કો બુઝા ગયા
તીલ તીલ જલા જલા કે ખાતીર, જીવન તક દેડાલા
શર્મ ન આયી મહાકાલ કો, ક્યા અનર્થ કર ડાલા !
શયાદ 'દાદા' કી શક્તિ કા ઉસકો ભાન નહીં હૈ
સાગર મેં કીતને મોતી હૈ, ઈસકા જ્ઞાન નહીં હૈ
કીતને કીતને જુગુ કો સૂરજ બના ગયા હૈ
કીતને કંકર પથ્થર કો મૂરત બના ગયા હૈ
મહાકાલ તુમ કો અપને કર્મો પર પસ્તાના હોગા
મેરે 'દાદા' કો તુમકો ધરતી પર ફીર લાના હોગા
ગર દાદા કા વિચાર હી દુનિયા સે મિટ જાયેગા
તેરા હી અસ્તિત્વ સ્વયં ઈસ ધરતી સે ઉઠ જાયેગા
શાયદ શાશ્વત નિયમો કો તુમ તોડ નહીં સકતે હો
ગર અપને હી જીદ પે અડે હો, છોડ નહીં શકતે હો !
નમ્ર નિવેદન હમ સબકા સ્વીકાર કરો
ઐસા કર દો
'દાદા' કી સારી શક્તિ તુમ મેરી દીદી મેં ભર દો

**- રામ સમજીવન પાંડે જોનપુર (યુ.પી.)**

Since 1988

www.accumenspindle.com

ACCUMEN
SPINDLE

100% Best Quality

MANUFACTURE OF
Internal Grinding Spindles,
CNC Turning Spindles,
VMC Spindles, SPM Spindles, Components for
Cincinnati Machine (USA) & Bocca (Italy).



Manufactured by :
**ACCUMEN ENTERPRISE**
Atlas Industrial Area, Plot No. 11/16,
Opp. Krishna Park Hotel, NH-8B,
Rajkot-Gondal Highway, Nr. Railway Crossing,
Khothariya (Rajkot-4.) | ✆ 0281-2782090 / 091 / 089
✉ accumenentp@gmail.com / info@accumenspindle.com
**+91 98255 06140 | +91 98242 98522 | +91 99245 55542**

We Support
Digital India

**With Best Compliments...**

**Alpesh J. Jadvani**
Mo. 94273 53407
**Jagdishbhai B. Jadvani**
Mo. 94280 60905



Manu. : Goods Lifts,
Cranes & Febrication

Roman
Goods Lifts

15 - Atika Ind. Area, Opp. Aplesh Roadways, Dhebar Road (South), RAJKOT.
E-mail : alpeshjadvaniroman@gmail.com




An ISO 9001 : 2015 Certified Company

મોડ્યુલર ફર્નિચર પ્લાયવુડ મા

**2BHK** ફક્ત ₹૩,૨૧,૦૦૦ થી શરૂ

**3BHK** ફક્ત ₹૪,૧૧,૦૦૦ થી શરૂ

૧૦૦% રેડ એન્ડ વ્હાઇટ પ્લાયવુડ અને ૧mm લેમીનેટ માથી બનાવેલ

We're dealing in following cities...
**Ahmedabad, Bhavnagar, Gondal, Jamnagar, Junagadh, Kutch, Morbi, Navsari, Rajkot, Surendrnagar & West Bengal**
also looking for franchise in other city as well

Let's **WORK** TOGETHER

Godown Road, Nr. Tagore Road,
Beside Shilp Tower, Rajkot - 2.
**Mo. 94282 02697**

**ACCURATE**®
*Bedroom - Kitchen - Living - Office*



Ashok®

# ASHOK FURNITURE

Mfg: Revolving Chairs and Steel Tube Furniture




**Boss Chair** ₹14750.00

**A71** ₹ 4650.00

**B5** ₹2650.00

**B7** ₹2650.00

**Note:**

1) 18% G.S.T will be Applied on Each Product.
2) Cartage Charges will be extra as actual.

Ashok Dasadia : 9824021088
Ashwin Dasadia: 9824013565

Opp, Surendra Petrol Pump, H.L.Commerce College Road, Navrangpura, Ahmedabad.
Website: http://ashokfurniture.com O. 9898835306 E-mail : dasadia3210@gmail.com

વિશ્વકર્મા વિશ્વ
દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૦

# ડોકટરોનું સામાજીક દાયિત્વ

• ડો.જયંતિ ભાડેશીયા

**છેલ્લા થોડા વર્ષોથી સવત્ર્ સ્વાર્થ, ભૌતિકતા અને સ્પર્ધા જ્યારે ભરડો લઈ રહયા છે ત્યારે આ વિષય મનોમંથન માગી લે છે. સમાજ અને સરકાર પણ જેને આરોગ્ય માટે લડતા સૈનિકોની ઉપમા આપી રહી છે ત્યારે ચાલો બંને પક્ષથી અવલોકન કરીએ.**



આપણા દેશમાં સમાજ ની રચના એવા પ્રકારે થયેલ છે જેનાથી વ્યકિત પોતાનું કર્મ કરતાં કરતાં પરમેષ્ટિ સુધીનો માર્ગ મેળવી શકે. સ્વામિ સચ્ચિદાનંદજીએ લખેલા પુસ્તકો માહેના એક પુસ્તકનું નામ છે 'સમાજ અને આપણે આ પુસ્તમાં દરેક વ્યવસાયની સમાજાભિમુખતાની વાતો કરી છે. આજે દેશ અને દુનિયામાં કોરોના વાયરસના સંક્રમણનો રોગ, તેના કારણો, ઉપાય અને અટકાવ તથા સમાજ જાગૃતિ મહત્વના બન્યા છે. આવા કપરા સમયે સમાજની સેવામાં રહેલા ડોકટરો, વૈદ્યો તથા અન્ય પેરામેડીકલ સ્ટાફ કોરોના વોરીયર્સ તરીકે ઝઝુમી રહયા છે, ત્યારે ડોકટરોનું સામાજીક દાયિત્વ વિષય વિચાર કરવા પ્રેરે છે. છેલ્લા થોડા વર્ષોથી સવત્ર્ સ્વાર્થ, ભૌતિકતા અને સ્પર્ધા જ્યારે ભરડો લઈ રહયા છે ત્યારે આ વિષય મનોમંથન માગી લે છે. સમાજ અને સરકાર પણ જેને આરોગ્ય માટે લડતા સૈનિકોની ઉપમા આપી રહી છે ત્યારે ચાલો બંને પક્ષથી અવલોકન કરીએ.

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ અને વિશ્વકર્મા કળેવણી મંડળની સહાયથી શરૂ થયેલ કોરોના કેર સેન્ટર અન્ય સમાજને પણ પ્રેરણાદાયી બન્યું છે. આ એક ડોકટરો પ્રત્યેનો સમાજનો અભિગમ અને ડોકટરોની સેવા કરવાના કાર્યનો સુભગ સમન્વય છે. આ યોજનાના વ્યવસ્થાપકો, દાતાઓ, સ્થાન તો મહત્વના છે જ, પરંતુ પોતાના સ્વાસ્થયને જોખમમાં મૂકીને કામ કરતા ડોકટરો સહિતના આરોગ્ય કર્મીઓ અભિનંદનને પાત્ર છે. સ્થાન અને આર્થિક મદદ કરવી સરળ છે, પરંતુ સમય આપી પોતાના શરીરને કામે લગાડવું અઘરુ છે, કે જ્યારે કોરોનાનું નામ સાંભળીને સગાસંબંધી પણ દૂર ભાગતા હોય.

ડોકટરો પણ સમાજનું એક અંગ છે, જેને સમાજથી અલગ વિચારી શકાય નહીં. તેઓએ વ્યવસાયથી સમાજને તંદુરસ્ત રોગમુક્ત રાખવા તથા દર્દીઓને સારવાર કરવાનું કાર્ય સ્વીકાર્યુ છે. સ્વામિ વિવેકાનંદે સમાજમાં સન્યાસી અને શિક્ષકની હારમાં આ કાર્યને ગણાવ્યું છે. આ વ્યવસાય ઉમદા હેતું વાળો છે. નિતીમતા અને પ્રામાણિકતાથી શ્રમયુકત કામ કરતા કોઇ વ્યકિતની સાથે લક્ષ્મીજી હંમેશા સાથે રહે છે. આ કાર્યમાં આર્થિક કમાણી બાય પ્રોડકટ બને છે. Money becomes by product when person serve with good intention...સૌથી મોટો લાભ આત્મ સંતોષનો છે. રોગમાંથી સાજો થનાર દર્દી અને તેના કુટુંબીજાનોના અશબ્દ આશીર્વાદ અને ભાવ હંમેશા કામ કરે છે. આ રીતે મળેલા કાર્યસંતોષને કોઇ પહોંચી શકુત નથી. બંધ પડેલ હદય કૃત્રિમ રીતે ચાલું કરવું, બંધ પડેલ શ્વાસોછવાસ ફરી નાખવું, પથરીના દર્દમાં આળોટતા વ્યકિતને દર્દ મટાડવું કે ફસાય ગયેલ બાળકની ડીલીવરીમાં માતાને બાળક સોપવું...આ બધા કામોમાં મળતા આત્મસંતોષનું અમૂલ્ય છે. આ જોવા જઇએ તો સમાજના બધા વ્યવસ્સાયો મહત્વના છે, પરંતુ આ તબીબી કામ માણસના સીધા શરીર અને જીંદગી સાથે જોડાયેલ છે.

દર્દીની સારવારમાં ઘણીવાર તેના ગમા અણગમા, રીતરિવાજ, જીવન પદ્ધતિ, વ્યવસાય, કુટુંબની આર્થિક સ્થિતિ, ભૌગોલિક સ્થાન, પરંપરા,મૂલ્યો, ભવિષ્ય આવનાર તકલીફો, રોગ નિવારણની શકયતાઓ, સારવાર, ખર્ચ જેવા અનેક વિષયો સંકળાયેલ હોય છે. ડોકટરે આ બધો ખ્યાલ રાખવો પડે છે. રોગ ફક્ત શારિરીક સ્તરે જ નહીં, માનસિક, બૌધ્ધિક, સામાજીક, લાગણી અને ધાર્મિક વિષયો સાથે પણ જોડાયેલ હોય છે. આ બધા પરિબળો પણ નિદાન અને સારવારમાં ધ્યાનમાં રાખવા પડે છે. સારવાર ઘણીવાર ફક્ત રોગીની ન કરતા આખા પરિવાર મનની કરવી પડે છે. રોગ નિદાન અને સારવારમાં પણ વ્યકિતને અંગોમાં ન વહેચતા સમગ્રતયા વિચાર કરવો ઘટે.

દવા સાથે અપાતી સલાહ અને અન્ય સગવડનો પણ વિચાર કરવો પડે છે. પરિવારની સ્થિતિ જોઇને ઘણા નિર્ણય કરવા પડે છે. મહાત્મા ગાંધીજીના આશ્રમમાં એક ચામડીના રોગીને દવા તથા સલાહમાં છાસ પીવાનું કહયા પછી મહાત્માજીએ ડોકટરને પૂછયું હતું કે તમે તેની છાસ પીવાની વ્યવસ્થા કરી કે નહીં. દર્દી તથા સગાવહાલા સાથે વાતચીતમાં પણ માન સન્માનની ભાવના જળવાવી જોઇએ. સારા, મીઠા શબ્દો તથા હળવાશથી કરેલ વાત અડધુ દર્દ ઓછું કરી નાખે છે. યોગ્ય પરેજી તથા સલાહ પાળી બતાવનારને વાંસો થાબડવો પડે. એક વર્ષ સુધી ફકત છાસ પર રહેનાર દર્દી ને ઝડુંવૈદ્ય સાષ્ટાંગ પગે પડયા હતા. દર્દીના તાત્કાલીકતા ઓળખવી ઘટે. કોલેરાના દર્દી માટે ભાણા ઉપરથી ઉઠી જનાર વૈદ્ય ઝંડૂજીને કેમ ભૂલી શકાય. સંતોષિત દર્દી અને સગાસંબંધી ડોકટરોના સૌથી મોટા વિજ્ઞાપન કરનાર છે. કેટલીક વાર દરેક ફરિયાદને ઇમરજન્સી માં ખપાવતા દર્દીએ પણ ડોકટરના જીવનની દિનચર્યાનો ખ્યાલ રાખવો જોઇએ.

સમાજ માટે આર્થિક દાન આપવામાં કદી પાછું ન પડાય. સારી શરૂઆત બીજાને પ્રેરણા આપતી હોય છે. પોતાના જ્ઞાન વડે સામાજીક સંસ્થા, સેવાકાર્યોઅને સંગઠનોમાં ભાગ લેવો જોઇએ પ્રોફેશનલ સિવાયના કામોમાં પણ મદદ કરાય.

Charity begins at home. કુટુંબ કલ્યાણની ભાવનામાં યોગ્ય સલાહ આપીએ જેથી કરીને સમાજમાં ઘટતી જતી દીકરીઓની સંખ્યા ઠીક રહે. સમાજ વચ્ચે રહીને કામ કરતાં કરતાં ઘણા સજ્જન લોકો પરિચયમાં આવે તો તેમને પણ સારા સામાજીક કામોમાં જોડવાનો મોકો ડોકટરને મળે છે. દર્દીઓ સાથે કરતાં ઝીણી નજરે જોતા અનેક સામાજીક બદીઓ કે અરાષ્ટ્રીય કામ પણ દેખાશે, તેને યોગ્ય જગ્યાએ રીપોર્ટ કરીએ. (ઉદા. લવ જેહાદ)કોઇપણ દેશભક્તિના કામોમાં આગળ રહીએ.

**કેટલીક વાર દરેક ફરિયાદને ઇમરજન્સી માં ખપાવતા દર્દીએ પણ ડોકટરના જીવનની દિનચર્યાનો ખ્યાલ રાખવો જોઇએ.**

સમાજમાં બુધ્ધિજીવી વર્ગ તરીકે ગણતા હોવાથી બધા માટે રોલમોડેલ બનીએ. સારા વિચારોના એમ્બેસેડર બનીએ. સ્વચ્છતામાં પ્રભુતા છે અને ગંદગી અનેક રોગોને નોતરે છે, આથી સ્વચ્છતા અભિયાનોમાં અગ્રણી બનીએ. કુદરતી અને માનવ સર્જીત આફતોમાં સેવા કરવા ઘણીવાર ઘરબાળી તીરથ કરવું પડે, આવા અનુભવો ધરતીકંપ વખતે ઘણાંને થયા છે. મેડીકલના વ્યવવ્યસાયમાં જ્યાં જરૂરીયાત હોય ત્યાં પહોચીઓ તો કામ દીપી ઉઠે છે. સામાન્ય સ્થળો અને સગવડતા વાળા શહેરોમાં બધા કામ કરે, પરંતુ દૂરના સ્થાનોમાં વીરલા જ જતાં હોય છે. અન્ય સહવ્યવસાયીઓને પ્રેરણા આપે તેવા પ્રસંગો તથા ઘટના વાતચીતમાં વહેચવા જોઇએ આવું કઇક લખવાના પણ પ્રયત્ન કરાય (ઉદા.ડો.શરદ ઠાકર).

મેડીકલના વ્યવ્સાયમાં ચાલતી ખોટી રીતરસમો અટકે તે માટે પ્રામાણિક પ્રયત્ન કરાય.

આમ જોવા જઇએ તો દરેક વ્યવસાય સમાજ સેવાનો એક ભાગ જ છે. આ દરેકે યાદ રાખવું પડે, ડોકટરના વ્યવ્સાયમાં પડતી મુશ્કેલીઓ, મહેનત, ખર્ચ અને મેડીકલ ક્ષેત્રની મર્યાદાઓ પણ સમાજે યાદ રાખવી ઘટે. પરિવારને પડતી મુશ્કેલીઓ તો જેના કુટુંબમાં ડોકટર હોય તેને જ ખબર પડે. સમાજ દરેક વિષયમાં બધાને એક ફુટપટીથી માપે નહીં તે જરૂરી છે. અંતે સેવા પરમો ધર્મ અને વિવેકાનંદનું સૂત્ર યાદ રાખીએ 'દર્દી નારાયણો ભવઃ'

# માનવ હોવું એટલે

**(સાંપ્રત ચિંતન)**

● નટવર આહલપરા



**જન્મે માનવ હોવા છતાં કર્મે માનવ ન હોય તે એ માનવદેહ આ ધરતી પર ભારરૂપ બનીને જ ફરી રહ્યો છે. માનવે ન છૂટકે એમ કહેવું પડ્યું છે કે : 'હે માનવી ! તું પ્રથમ માનવ થા !'**



માનવી પંખીની જેમ હવામાં ઊડતાં અને માછલીની જેમ પાણીમાં તરતાં શીખ્યો છે, હવે તેણે 'માણસ'ની જેમ પૃથ્વી પર જીવતાં શીખવાનું છે. માનવીમાત્ર જન્મ ધરીને કંઈક થવા ઈચ્છે છે.

ક્યાં અને ક્યારે જન્મ લેવો એ ભલે માનવીના હાથની વાત ન હોય, પણ 'શું થવું' અને 'કેવા થવું' એ તો માણસના હાથની વાત છે. આપણે ત્યાં તો બાળકને શું થવું છે એ મા–બાપ વિચારે છે ને નક્કી કરી નાખે છે. મા–બાપે બનાવ્યાં તેમ બનેલા હજારો ડોક્ટરો, વકીલો, ઈજનેરો, વેપારીઓ વગેરેની એક આખી વણઝાર આજે સમાજમાં હરતીફરતી જોવા મળે છે.

આ જમાનામાં, થોડા અપવાદ બાદ કરતાં, મોટા ભાગના 'માનવ દેહધારી' હોવા છતાં સાચા અર્થમાં માનવ નથી. મનુષ્ય શ્રેષ્ઠ છે એનો મહિમા ઘણો, મનુષ્યથી વધુ શ્રેષ્ઠ એવું ક્યાંય કશું નથી.

પ્રથમ નજરે આત્મલક્ષી લાગતી કવિની આ પંક્તિ 'હું માનવી માનવ થાઉં તો ઘણું' પરલક્ષી બનીને સૌને લાગું પડે છે. આપણે સૌએ મનોમન સંકલ્પ કરવાનો છે કે 'હું ભલે બીજું કાંઈ ન થાઉં, પણ માનવ થાઉં તોય ઘણું છે.'

જન્મે માનવ હોવા છતાં કર્મે માનવ ન હોય તે એ માનવદેહ આ ધરતી પર ભારરૂપ બનીને જ ફરી રહ્યો છે. માનવે ન છૂટકે એમ કહેવું પડ્યું છે કે : 'હે માનવી ! તું પ્રથમ માનવ થા !'

માનવ થવું એટલે માનવતાભર્યું આચરણ કરવું. આપણા કોઈ પણ પ્રકારના વ્યવસાયનો સંબંધ જીવંત મનવો સાથે છે એ ભૂલવું ન જોઈએ. આજે તો વ્યાપારી વર્ગ ખાદ્યચીજોમાં જીવલેણ ભેળસેળ કરે છે અને નોકરિયાત વર્ગ કામચોર, સ્વાર્થી અને લાંચિયો બની ગયો છે.

ફાયદાવાદી માનસનાં જ સર્વત્ર દર્શન થાય છે. બે સહોદર વચ્ચે પણ માનવતાભર્યા સંબંધો

જોવા નથી મળતા. પેટ તો પ્રભુએ માનવને પશુ–સૌને આપ્યું છે; તેથી જો માનવી પશુની જેમ ગમે તેમ પેટ ભરતો થઇ જાય તો પછી માનવી અને પશુમાં કોઈ ફેર રહે ખરો ?

માનવ થવા માનવીએ મહેનત કરવી પડે, ચિંતન કરવું પડે, સહન કરવું પડે અને સ્વાર્થત્યાગ પણ કરવો પડે. ચારે બાજુ જ્યારે અમાનુષી વર્તન થઇ રહ્યું હોય, માનવતા મરી પરવારી હોય, માનવી માનવનાં લોહીનો તરસ્યો થયો હોય, માનવીના હાથે માનવીનાં ગળાં રહેસાતાં હોય અને વ્યવહારમાં ક્યાંય માનવતાનાં દર્શન ન થતાં હોય ત્યારે માનવીને માનવી થવાનું કહેવું એ સામા પ્રવાહે તરવાં જેવું દુષ્કર કાર્ય છે.

રાતોરાત દેવ દાનવ બની શકે... પણ દાનવ માનવ ન બની શકે. માનવી થવાનો પ્રથમ પાઠ ઘરમાંથી શીખવા મળવો જોઈએ અને બીજો પાઠશાળા મહાશાળાઓએ શિખવાડવો જોઈએ. જેનામાં વિદ્યા નથી, તપ નથી, દાન નથી, જ્ઞાન નથી, શીલ નથી, ગુણ નથી અને ધર્મ નથી તે શિંગડા વિનાના પશુ જેવો માનવી આ પૃથ્વી પર ભારરૂપ છે.

બે વિશ્વયુદ્ધોનાં ભયંકર પરિણામોથી ત્રસ્ત થઇ ગયેલી માનવજાત ત્રીજું વિશ્વયુદ્ધ ઈચ્છતી નથી; કેમ કે એ જાણે છે કે એમાં સર્વનાશ જ હશે ! વિજ્ઞાનની અજાયબી ભરેલી અનેકવિધ સુવિધાઓ પ્રાપ્ત થવા છતાં માનવીને આજે ચેન નથી, શાંતિ નથી, સંતોષ નથી.

વિશ્વભરનાં માનવો એકબીજાની નજીક આવે એકબીજાને સમજે એ માટે 'યુનેસ્કો' જેવી સંસ્થાઓ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક પ્રયત્નો થાય છે. માનવીનો અંતરાત્મા જ્યાં સુધી નહીં જાગે અને માનવતાનું મૂલ્ય એ જાત અનુભવે નહીં સમજે ત્યાં સુધી, માનવી સાચા અર્થમાં 'માનવી' થઇ શકવાનો નથી એ 'દીવા જેવી' સ્પષ્ટ હકીકત છે.

માનવતાના પહેલા પગથિયા ચડી ગાંધીજી, સૉક્રેટિસ, નેપોલિયન, અબ્રાહમ લિંકન, મધર ટેરિસા વગેરે માનવમાંથી જ મહામાનવ બન્યા હતા, તો માનવ માનવ ન થઇ શકે? માનવ જ્યારે માનવ મટી દાનવ બને છે, ત્યારે તે ધર્મના બદલે ધનનું, સત્યના બદલે સંપતિનું, વિરાગને બદલે વિલાસનું અને સમતાને બદલે મમતાનું સન્માન તથા સ્વાગત કરે છે.

**માનવતાના પહેલા પગથિયા ચડી ગાંધીજી, સૉક્રેટિસ, નેપોલિયન, અબ્રાહમ લિંકન, મધર ટેરિસા વગેરે માનવમાંથી જ મહામાનવ બન્યા હતા, તો માનવ માનવ ન થઇ શકે?**

મોરારિબાપુએ રામકથા 'માનસ–પ્રેમ' શીર્ષકથી પણ કરી છે. સમગ્ર વિશ્વમાં પ્રેમના સંબંધથી તો આપણે સૌ જીવી રહ્યા છીએ. કહેવાયું છે ને કે, 'સ્નેહની કડી સૌથી વડી' સ્નેહનો પ્રેમનો તાંતણો જ વિશ્વબંધુત્વની ભાવના આપણામાં જન્માવે છે. એકવીસમી સદીનો મંત્ર 'પ્રેમ' છે. આપણે પ્રેમસ્વરૂપ હોવા છતાં પણ, એ પ્રેમ પ્રગટ નથી થઇ શકતો. કારણ છે અનૃત. અનૃત એટલે અસત્ય. અસત્ય આવે છે ત્યારે પ્રેમવિવાહ કુંઠિત થઇ જાય છે. આપણા હોઠ જેટલા બચે એટલી પ્રેમની ધારા વધશે અને 'વસુદેવ કુટુંબકમ'ની ભાવના પ્રગટશે.

રિચાર્ડ વેગ્નર નામના મહાન જર્મન સંગીતશાસ્ત્રી કહે છે કે, આ જગતમાં જો કંઈ પણ મૂલ્યવાન હોય તો તે પ્રેમ છે. કોઇ પણ ચીજને કિંમત બક્ષનારો પણ પ્રેમ છે. ઘણા લોકો પોતાના જીવનમાં કડક નિયમો, શિસ્ત અને કાનૂનને વધુ પડતું મહત્વ આપે છે. અવનવી ચીજો તમારી પાસે હોય અને તમારી પાસે પ્રેમ ન હોય તો આ બધી ચીજો ફોગટ છે. માણસ સુખ અને દુઃખમાં પણ શાંત રહી શકે છે – જો તેને પ્રેમ મળતો હોય. પ્રેમ અમૃત છે. પ્રેમ પ્રગટ થતાં જ પરમાત્માનું પ્રાગટ્ય થઇ જશે. પ્રેમથી વિશ્વબંધુત્વની ભાવના કેળવીએ. પ્રેમની ગંગા વહાવીએ.

શ્રધ્ધાવાન ક્યારેય નકારાત્મક વિચાર કરતા નથી. તેઓ હંમેશાં વિચારે છે કે, જે થઇ રહ્યું છે તે સારું થઇ રહ્યું છે, જે થશે તે પણ સારું થશે અને જે થવાનું છે તેય સારું થવાનું જ છે. એક શે'ર પ્રસ્તુત છે,

હો શ્રદ્ધાનો વિષય તો પુરાવાની જરૂર નથી,

કુરાનમાં ક્યાંય પયગંબરની સહી નથી.

અહીં સ્વામી વિવેકાનંદના શક્તિદાયક વિચારો પર્યાપ્ત છે : 'લોકો ગમે તે કહે, તમે તમારા સિદ્ધાંતને વળગી રહો, તો ખાતરી રાખજો કે જગત તમારા પગમાં પડવાનું છે. લોકો કહે છે : 'અમુક વ્યક્તિમાં વિશ્વાસ રાખો' પણ હું કહું છું : પહેલા તમે તમારી જાતમાં વિશ્વાસ રાખો એ સાચો રસ્તો છે.તમારામાં શ્રદ્ધા રાખો. સઘળી શક્તિ તમારામાં જ રહેલી છે. તેના પ્રત્યે સભાન બનો અને તેને બહાર લાવો.કહો કે 'હું બધું કરી શકીશ', 'જો તમે દ્રઢતાથી સર્પના ઝેરના અસ્તિત્વને પણ અસ્વીકાર કરો, તો તે ઝેર પણ બિનઅસરકારક બની જાય.'

મદદ પહોંચાડવા, જરૂરિયાતવાળા લોકોને સહાયરુપ બનવા મનુષ્યોની સુષુપ્ત માનવતા જાગી ઉઠે છે. ભૂકંપના કરૂણ દશ્યો માનવીને તેની પામરતાનો ખ્યાલ આપે છે. માનવીની એકતાથી, સામાજિક સંસ્થાઓના, કલબોના ટેકાથી યાતનાઓ, પીડાઓને અને આવનારી આપતિઓને દૂર કરવા માનવતાનું રામરાજ્ય સ્થાપવું હોય તો સૌએ કટિબદ્ધ થવું પડશે.

ભુજના જાણીતા કવિ શ્રી ગૌતમ શર્મા તેમના એક શે'રમાં ભૂકંપની વ્યથા આલેખતા કહે છે :

સ્મશાન, કબ્રસ્તાનમાં થઇ ભીડ કેટલી ?

ઈશ્વર અને અલ્લાહ અહીં લાચાર પણ હશે.

'મનુષ્યનાં કર્મની કાલિમાને સમર્થ ધોવા લઘુ અશ્રુબિંદુ.' – પ્રસ્તુત પંક્તિમાં પશ્ચાતાપનો મહિમા વર્ણવતાં કવિ કહે છે કે

માનવીની આંખમાંથી ટપકતું પશ્ચાતાપરૂપી નાનકડું અશ્રુબિંદુ, તેણે કરેલાં ખરાબ કૃત્યોનાં (કર્મોનાં) પાપરૂપી કલંકને ધોઈ નાખવા સમર્થ છે.

ભૂલ કે પાપ કરતી વેળાએ (સમયે) જેણે પાછળ વળીને જોયું નથી એવાં નરાધમો અને પાપીઓનાં ખરાબ કાર્યોથી ઈતિહાસનાં પાનાં ખરડાયેલાં છે. પરંતુ આવાં દુષ્ટાત્માઓ પણ જ્યારે કરેલાં કાર્યો બદલ પસ્તાય છે ત્યારે તેની આંખમાંથી અશ્રુ ટપકે છે. આંખમાંથી ઝરતું આ બિંદુ નાનું હોવાં છતાં એટલું પાવનકારી હોય છે કે તે મનુષ્યોનાં દુષ્કાર્યોની કાળાશને ધોઈ નાખે છે.

પાપને ધોવા માટે ગંગાજળની ધારાઓ વહેવડાવવાની જરૂર નથી, તેમ પશ્ચાતાપ કરવાં માટે પણ પોક મુકીને રોવાની કે સતત અશ્રુધારા વહાવવાની જરૂર નથી. એ માટે તો એકાદ અશ્રુબિંદુ પૂરતું છે. શરત માત્ર એટલી જ છે કે એ પશ્ચાતાપ ખરા અંતરનો હોવો જોઈએ. વાલ્મીકિ એક ભયંકર લૂંટારાં હતાં, છતાં હ્રદયનાં સાચા પશ્ચાતાપથી જ એ પછીથી મહાત્મા બની શક્યા ! આમ, સાચા હ્રદયથી પસ્તાવો કરનાર હજારો પાપીઓનો પ્રભુએ ઉધ્ધાર કર્યો છે એનાં પ્રમાણ આપણને આપણા ધર્મગ્રંથોમાંથી મળે છે.

**ભૂલ કે પાપ કરતી વેળાએ (સમયે) જેણે પાછળ વળીને જોયું નથી એવાં નરાધમો અને પાપીઓનાં ખરાબ કાર્યોથી ઈતિહાસનાં પાનાં ખરડાયેલાં છે.**

'માનવ હોવું'ના કેટકેટલા દ્રષ્યંતો આપી શકાય છે. વધુ મુક્તકો જોઈએ તો ...

'અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.' – આ પંક્તિમાં કવિએ સ્થિર અને દ્રઢ થતા અસ્થિર કદમનાં માનવીનું મનોબળ કેવું હોય તે સમજાવ્યું છે. 'મન હોય તો માળવે જવાય' અને 'રોતો જાય એ મુઆની ખબર લાવે' એ બંને કહેવતોને સાર્થક કરતી આ પંક્તિ એ હકીકત પર ભાર મુકે છે કે જેનું નિશ્ચયબળ દ્રઢ છે અને જેનો નિર્ણય અફળ છે એને કોઈ મુશ્કેલી (આફત) નડતી નથી. જેનું મન પહેલેથી જ ઢીલું–પોચું હોય, જેના પગ પહેલેથી ડગમગતા હોય, જેની બુધ્ધિ 'કાર્ય કરૂં કે ન કરૂં ?...' 'જાઉં કે ન જાઉં!' એવી પરિસ્થિતિમાં અટવાતી હોય એને મંઝીલે (ઉદેશ્યે) પહોંચવાનો રસ્તો કદી જડતો નથી. એવાં સાહસવીરોને તો હિમાલય જેવી મોટી આફત પણ તણખલા જેવી તુચ્છ (સામાન્ય) લાગે છે.

અંગ્રેજીમાં કહેવત છે કે – 'Come What May' – 'જે થવાનું હોય તે થાય' એવી ખુમારીથી જે મંઝિલ તરફ આગળ વધે છે. એને માટે મુશ્કેલી પણ મહેફિલ બની જાય છે.

'માનવ હોવું એટલે'.....દંભ નહીં પણ ઉદાત્ત(સુંદર) જીવન દ્રષ્ટિનું આલેખન કર્યું છે. ખોટી મોટપ દેખાડીએ અને કોઈના કશા કામમાં ન આવીએ એના કરતાં તો, ભલે નાના રહીએ પણ સૌને ઉપયોગી થઈએ તોય ઘણું છે.

તાડનું વૃક્ષ ખૂબ ઊંચું હોય છે અને સેંકડો વર્ષ ટકી રહે છે, પરંતુ તે છાયો આપી બીજાની સેવા બજાવી શકતું નથી. તેથી તેનું જીવન વ્યર્થ છે. તાડ જેવાં ખૂબ ઊંચા પણ બિનઉપયોગી જીવનનું કાંઈ મહત્વ નથી. કવિ કહે છે કે તાડના વૃક્ષ થવાં કરતાં તો હું એક નાનું પુષ્પ (ફૂલ) થાઉં તોય ઘણું છે. નાનું પુષ્પ (ફૂલ) થોડો સમય છોડ પર રહી ખરી પડે છે, પરંતુ ટૂંકા આયુષ્યકાળમાં પોતાની સુવાસ (સુગંધ) દ્વારા આસપાસનાં વાતાવરણને કેવું સુગંધિત બનાવી દે છે !

આથી જ એક કવિએ કહ્યું છે કે – લાંબે ટૂંકે જિંદગી ના મપાય. મનુષ્ય કેટલી લાંબી જિંદગી જીવ્યો એના કરતાં તે કેવી રીતે જીવ્યો એ વધુ અગત્યનું (મહત્વનું) છે.

ખરેખર 'માનવ હોવું' એટલે તો ... એક પંક્તિમાં કવિ કહે છે કે તું બીજાનો ખરાબ આચાર, વર્તન જોઈને જીવ ન બાળ. જે જેવાં કર્મો કરશે તેવાં ફળ તેમને ભોગવવાં પડશે. માટે તું તારું સંભાળીને ચાલ.

બીજા શું કરે છે તે જોવાને બદલે, તે જોઈ દુઃખી થવાને બદલે, તું જે કામો કરે છે તે સારાં કાર્યો કરે છે કે નહિ તે તપાસીને, ભૂલ થતી હોય તો સુધારવાનો પ્રયત્ન કર. તારું પોતાનું સંભાળ તો પણ ઘણું છે.

આજે જગતમાં જે દુઃખી માણસો છે તેમાંના મોટા ભાગનાં બીજાના કાર્ય જોઈને દુઃખી થાય છે, અંતર બળે છે. જો પોતાના આચાર તરફ જોવા માંડે તો દુઃખ જતું રહેશે. વળી કર્મ કરનારને જ તેનું સારું કે ખરાબ ફળ ભોગવવાનું હોય છે. તો પછી સત્કર્મો કરવામાં જ લીન કેમ ન રહેવું ?

અનિલ આહલપરા-મો. ૯૮૨૪૩૬૨૦૫૦
ઉગમ લાભમ્ જૈનમ કિચન
પ્લોટ નં. 888
દરેક પ્રકારના કોમર્શીયલ કિચન તથા બેકરી માટેના મશીનરી તથા સાધનોના વેપારી
■ ઓવન, ફ્રીજ, કુકીંગરેંજ, વોટર કુલર, કોન્ટીનેન્ટલ,
■ SS સીંક, ટેબલ, રેક, સ્પાઈરલ, કેક મીક્ષ્ચર
■ કોલ્ડ રૂમ વિગેરેની આઈટમ માટે મળો.
પ્રમુખ વે-બ્રીજની સામે, ત્રાપજ માર્કેટ, અલંગ રોડ, ગુજરાત.

# બાકસના કલેકશનનો અનોખો શોખ ધરાવતા રાજકોટના જયેન્દ્રભાઇ વાલંભિયા

**• જયંતીભાઇ નગેવાડિયા**

માણસનાં જીવનમાં કોઇ ને કોઇ શોખ હોય છે. કોઇપણ ઉંમરથી શરૂ કરીને ગમે તેટલી મોટી ઉંમર સુધી તે ચાલુ રહે છે. માણસને પોતાના મનગમતાં શોખની પ્રવૃતિ કરવી ગમતી હોય છે. આવા જ એક લગભગ ૧૦ વર્ષની ઉંમરથી શરૂ કરીને હાલમાં ૬૫ વર્ષની ઉંમરે પણ પોતાનાં આ શોખની પ્રવૃત્તિ કરતા વ્યકિતની વાત કરવી છે.

આ વાત છે રાજકોટના દોશી હોસ્પિટલ રોડ પર 'ઋચા' નામના મકાનમાં રહેતાં જયેન્દ્રભાઇ શાંતિલાલ વાલંભિયાની કે જેઓએ ડિપ્લોમાં મીકેનીકલ એન્જીનીયર (DME) સુધીનો અભ્યાસ કરેલ અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૩૩ વર્ષ ડેપ્યુટી એક્ઝીકયુટીવ એન્જીનીયર તરીકે અને નિવૃતિ પહેલાનાં ત્રણ વર્ષ આસીસન્ટ ટાઉન પ્લાનર (ATP) તરીકે ફરજ બજાવી ૨૦૧૩માં નિવૃત્ત થયા છે.



જયેન્દ્રભાઇનાં શોખની વાત કરીએ તો તેમને જૂદીજૂદી બાક્સ (માચિસ) ભેગી કરવાનો શોખ છે. જયેન્દ્રભાઇનો જન્મ પોરબંદરમાં થયેલ. પરંતુ તેમનાં વડીલોની ત્રણ પેઢી ઇસ્ટ આફ્રિકા–ઝાંઝીબારમાં રહેતા. જયેન્દ્રભાઇ ૧૦ વર્ષની ઉંમરે આફ્રિકા હતાં. ત્યારે તેમને બાકસ ભેગી કરવાનો શોખ લાગ્યો. ત્યાંની જૂદીજૂદી બાક્સ ભેગી કરતાં બાદમાં ભારત આવ્યાં. અહીં અભ્યાસ કર્યો. ભારત આવ્યા બાદ પણ તેમણે આ શોખ ચાલુ રાખ્યો અને અહિં ભારતમાં બનતી જૂદી જૂદી બ્રાન્ડ–ચિત્રોવાળી બાકસ ભેગી કરવા લાગ્યા. પોતાનાં મિત્ર વર્તુળમાંથી પણ મળી રહેતી.


**પપ વર્ષથી કલેકશન કરે છે અને ૧૮૦૦ જેટલી વિવિધ બાકસનું કલેકશન છે**

જયેન્દ્રભાઇ આટલા વર્ષોથી ગમે ત્યાં બહારગામ જતાં હોય ત્યારે હાઇવે પર ઘાબા પર કે હોટલમાં ચા–પાણી માટે ઉભા રહે ત્યારે ત્યાં પાનની દુકાને જુએ નવી જાતની બાક્સ જોવે તો તે ખરીદી લેતાં ત્યાં આવતાં જૂદા જૂદા પ્રાંતનાં ટ્રક ડ્રાઇવરો પાસે પણ તે જૂદા જૂદા રાજ્યોની બાકસ જોવે તો પણ પોતે તેની બીજી બાકસ આપીને તે બાકસ માંગી લ્યે. દુકાનની આજુબાજુ કોઇ નવીન બાકસ નીચે પડેલી જોવે તો પણ પોતે લઇ લ્યે તેમાં પોતાનાં હોદ્દા કે અન્ય બાબતે સંકોચ રાખ્યા વગર ઉપાડી લ્યે. હાલમાં પણ આજ રીતે હજુ પણ કોઇ નવીન બાકસ મળે તો ભેગી કરે છે.

એક વખત પરાબજારમાં ખરીદી કરવા ગયા ત્યારે દુકાનમાં એક નવી જાતની બાકસ દુકાનમાં એક જગયાએ જોઇ. જોકે દુકાનદારને પણ ખબર ન હતી તે તેમની દુકાનમાં આ બાકસ છે. તેમણે માંગી તો કહે તો તમારે શું કરવી છે ? તો તેમણે પોતાનાં શોખની વાત કરી તો દુકાનદારે ગરજમાં ૧ રૂ.ની બાકસનાં ૨૫ રૂ. માગ્યાં અને તેમણે શોખને ખાતર આપીને લીધી.

એક વખત ઇન્સ્યુરન્સ કંપની તરફથી મકાઉ હોંગકોગ ગયા ત્યારે ઘરનાં સભ્યો માટે ખરીદી






કરવા જેવું ન લાગ્યું અને કંઇ ખરીદી કરી નહિ. પરંતુ એક જગ્યાએ ૨૪ અલગ અલગ બાકસનો સેટ હતો. અને તેમને ગમી ગયો. તેમની કિંમત હતી ૧૦૦૦ મકાઉ ડોલર (ભારતનાં લગભગ ૬ થી ૭ હજાર રૂપિયા)માં ખરીદી કરી. રાજકોટ આવ્યા ત્યારે ઘરનાં લોકો અને મિત્રવર્તુળ લોકો કહેવા લાગ્યા આટલી મોંઘી બાકસ લેવાય ? પરંતુ શોખને ખાતર તેમણે ખર્ચ કર્યો હતો.

જયેન્દ્રભાઇ પાસે હાલમાં ૩૦૦૦ બાકસનો આલબમ છે. પહેલા લાકડાનાં બોકસમાં બાક્સ આવતી તેમાં ઉપર કાગળની છાપ ચોંટાડેલી હોતી તેને તે રાત્રે પલાળી રાખતા અને સવારે તે છાપ ઉખેડી લેતા અને બાદમાં ઇસ્ત્રી કરીને સિધી કરીને ફકત આ છાપ આલબમમાં ચોટાડે છે. જેથી સાચવવી સહેલી પડે. આ આલબમમાં પણ કેટેગરી વાઇઝ જેમ કે ફુલ, પક્ષી, વાહન, રજવાડા, પ્રાણી જેવા વિવિધ કેટેગરીમાં પાના બનાવી ચોંટાડેલ છે. આલબમ સિવાય બે કોથળા ભરેલ છે. જેમાં લાકડાનાં અને હાલનાં પુઠાનાં બોક્સ વાળી બાકસ છે. કોઇ ખાલી તો કોઇ દિવાસળી સહિતની બાકસ છે. આ બંને કોથળા થઇ લગભગ ૧૪૦૦૦ થી ૧૫૦૦૦ જેટલી બાકસ હશે.

આ બાક્સ ભારત, સ્વીડન, સ્વીત્ઝરલેન્ડ, જેકોસો, જર્મન, યુએઅએ, સીંગાપુર, પાકિસ્તાન, નેધરલેન્ડ, આફ્રિકા, મકાઉં જેવાં દેશોની છે ઉપરાંત આપણા સૌરાષ્ટ્રનાં રજવાડા વખતની કંપનીઓની જામનગર સ્ટેટ, પોરબંદર સ્ટેટ, મોરબી સ્ટેટ, વેરાવળ, રાજકોટ રાષ્ટ્રીય શાળા વગેરે કંપનીઓની જાહેરખબર વાળી પણ ખરી. જેમાં જૂના વખતની જાણીતી બ્રાન્ડની બાકસ આવતી તેમાં ચિત્તા ફાઇટ, કપાસ, ચાવી છાપ, બંદુક જેમીની, ઘોડા ઉપરાંત ક્રિકેટર તથા કલાકારોનાં ફોટા વાળી તેમજ એક ખાસ ૧૯૬૫ની લડાઇ વખતે વડાપ્રધાન જ્વાહરલાલ નેહરૂ એ શસ્ત્રો માટે તેમજ જવાનોને મદદ કરવા ઘરેણાનું દાન કરો તેવી અપીલ કરતી છાપની બાકસ પણ છે. ઉપરાંત સરકારની રસીકરણ તથા અન્ય યોજનાઓની જાહેરખબર વાળી બાકસ પણ છે.

આમ જયેન્દ્રભાઇ પાસે પોતાનાં દશ વર્ષથી માંડી હાલ ૬૫ વર્ષની ઉંમરે પણ આટલી ૫૫ વર્ષથી આ બાકસ ભેગી કરવાનો શોખ ચાલુ છે. હવે ભવિષ્યમાં રાજકોટમાં આ બાકસનાં કલેક્શનનું આર્ટગેલેરીમાં એક્ઝીબીશન કરવાનો વિચાર છે. ઉપરાંત તેઓ તપાસ કરે છે કે આ બાકસ કલેકશનમાં વર્લ્ડ રેકોર્ડ કે લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં જો આ બાબતે અને આટલો રેકોર્ડ છે કે નહીં. જો નહીં હોય તો રેકોર્ડ નોંધાવાનું પણ વિચારે છે.

જયેન્દ્રભાઇ હાલ રાજકોટનાં ગાંધી મ્યુઝીયમમાં મેન્ટેનશમાં કોન્ટ્રાકટ ધરાવતી પ્રાઇવેટ કંપનીમાં અધિકારી તરીકે ફરજ બજાવે છે. પરીવારમાં તેમનાં પત્ની નયનાબેન એક પુત્રી ઋચા કે જેમણે બી.કોમ. સુધીનો અભ્યાસ કર્યો છે અને એક પુત્ર માધવ કે જ હાલમાં કર્ણાટકમાં મણીપાલ યુનિવર્સિટીમાં કલીનરી આર્ટ (માસ્ટર સેફ)નો અભ્યાસ કરે છે. જયેન્દ્રભાઇ મો. નં ૯૬૨૪૦ ૮૧૮૧૬.

# બાકસની સાથે ટપાલ ટિકિટ–ફસ્ટડે કવરનું કલેકશન પણ કરે છે



જયેન્દ્રભાઇ આ બાકસનાં શોખની સાથે સાથે છેલ્લા ૪૦ – ૪૫ વર્ષથી ટપાલ ટિકિટ–ફસ્ટડે કવરનુ કલેક્શન પણ કરે છે. રાજકોટ પોસ્ટ ઓફિસમાં ફિલાટેલીક બ્યુરોમાં સભ્ય છે. જે વર્ષોથી છે. હાલમાં ૨૬૦૦ સભ્યો છે. જયેન્દ્રભાઇનો નંબર ૨૦મો છે. તેટલા જુના છે તેઓ ટિકિટ, ફસ્ટડે કવર, મીની એચર શીટ (માહિતી સીટ) કલેકશન કરે છે. મેમ્બરોએ એડવાન્સ પૈસા ભરીને બેલેન્સ રાખવી પડે એટલે સરકાર તરફથી ખાસ દિવસે પ્રસંગે ખાસ વ્યકિતની ટપાલ ટિકિટ ફસ્ટડે કવર બહાર પડે તે ઘેર બેઠા પોસ્ટ દ્વારા આવી જાય છે. આ બધુ કલેકશન પણ જયેન્દ્રભાઇ પાસે ઘણું છે જેની સંખ્યા પણ તેમને ખબર નથી. આમ જયેન્દ્રભાઇ એ આ શોખની પ્રવૃત્તિ પણ ચાલુ રાખી છે.

વિશ્વકર્મા વિશ્વ
દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૦

# નવી શિક્ષણનીતિ-૨૦૨૦ શા માટે ?

• ડો. પૂર્ણિમા ભાડેશિયા



વ્યકિત અને રાષ્ટ્રના વિકાસમાં શિક્ષણનુ ખુબ મહત્વનું યોગદાન છે. ભવિષ્યમાં કેવા નાગરિકો જોઈએ છે તેને ધ્યાનમાં લઈને દરેક દેશ પોતાની શિક્ષણનીતિ તૈયાર કરતા હોય છે. આપણા દેશમાં પ્રાચીન સમયમાં ઋષી સંસ્કૃતિ વખતે શિક્ષણનો એક આખો વિભાગ હતો. જેમાં જીવંત શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવતું. જયારે અંગ્રેજોનું રાજ હતું ત્યારે તેમા જરૂરીયાત મુજબનું શિક્ષણનું માળખુ અને વ્યવસથાઓ ઉભી કરી. આઝાદી પછી એમાં સામાન્ય ફેરફાર કરવામાં આવ્યા. પરંતુ દેશમાં અનેક સમસ્યાઓ જોવા મળે છે. જેમ કે ગરીબી, વસ્તી વધારો, બહુત્વનો અમલ, ઈતિહાસ અને પરંપરાઓ પ્રત્યે હિનતભાવ, સ્વદેશી કરતા પાશ્ચાત્યનું આકર્ષણ, વિદેશી ભાષાનો મોહ, નિરક્ષતતા વગેરે. શિક્ષણ સીધેસીધી રીતે આ સમસ્યાઓ ઉકેલવા સહયોગી બનતું નથી પણ એવા સક્ષમ માણસોનું નિર્માણ કરે છે જે આ સમસ્યાઓને ઉકેલી શકે અને દેશને થતું નુકસાન અટકાવી શકે.

શિક્ષણની આ મર્યાદા દુર કરવા માટે અને વર્તમાન શિક્ષણનીતિ ૨૦૨૦માં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ઘણા આધારભૂત સુધારાઓ કરવામાં આવ્યા. એમ કહી શકાય કે આ નવી શિક્ષણનીતિ નવી આશાઓના કિરણ પ્રગટ કરશે અને સકારાત્મક વિચારો દ્વારા ૨૧મી સદીમાં ભારતનો પાયો તૈયાર કરશે.

સ્વચ્છ ભારત, સ્વસ્થા ભારત, સમૃદ્ધ ભારત, સશકત ભારત, શ્રેષ્ઠ ભારત, સ્વનિર્ભર ભારત અને ભારણ નિર્માણનો રસ્તો આ નવી શિક્ષણનીતિથી પ્રાપ્ત થશે.

**એમ કહી શકાય કે આ નવી શિક્ષણનીતિ નવી આશાઓના કિરણ પ્રગટ કરશે અને સકારાત્મક વિચારો દ્વારા ૨૧મી સદીમાં ભારતનો પાયો તૈયાર કરશે.**

WIDE RANGE OF POWER PRODUCTS FOR VALUABLE EQUIPMENTS





Symmetric Systems

AIMS MARKETING SERVICES

UPS | INVERTER | STABILIZER



APPLICATIONS : CNC MACHINES | LASER MARKING MACHINES | LASER CUTTING MACHINES
SPECTRO MACHINES | PACKAGING UNIT | SORTEX | MEDICAL APPLICATIONS | TEXTILE ETC.

11, Manhar Plot, Opp. T.C.I., Godown Road, Rajkot - 360 002. **E-mail :** info@aimsmarketing.in, **Visit us :** www.aimsmarketing.in
**Phone :** (0281) 2467408, **Mobile :** +91 98256 48936 / 98250 41118

OUR VALUABLE BRANDS

Max | STAR GOLD | QUANTA | Sarthi | LUMINOUS | MICROTEK | Alfa | CONSUL NEOWATT

Wishes You A Happy Diwali & Prosperous New year

**Dharmesh Sanchania**
Mo. 98980 28899

**Purvesh Sanchania**
Mo. 99255 60607



Mfg. All Kind of Dies, Moulds & Patterns

RADHE CAD / CAM SERVICES

Plot No - 7/8-D, Survey No 40/1, B/h Skoda Showroom, Near Kishan Petrol Pump,
NH-27, Kangashiyali, Rajkot - 360002 | Web : www.radhecadcam.com | Email : info@radhecadcam.com

# Matmax®

PLYWOOD & BLOCKBOARD

Feel The Quality

PLYWOOD • BLOCKBOARD • FLUSH DOOR

RANGE OF PRODUCTS CLASSIC • PREMIUM • SILVER


Mob. : 94848 83600 / 94848 83700

Authorized Dealer JANATICS Pneumatic



Authorized Dealer

Uflow™ Solenoid Valve



NOVA VALVES



All Type of Pneumatics Fittings, Hydraulic Hose & Fittings

## Fitwell Hydraulics

Mfg.: High Pressure Flexible Hose Pipe for Oil,
Gas & Steam JCB Machine, Hydraulic Hose Pipe Etc.

Mansata Chowk, Opp. Poojara Telecom, Gondal Road, RAJKOT-360004. (Guj.) INDIA.
Tel.Fax : 0281-236 40 42 / 41 E-mail : fitwellhydraulics@yahoo.com
Contact : Yogesh Bhalodia - 99241 32332, 94997 55803

Om Santi Tradelink

Dipak Gajjar - +91 98253 11220

Gates POWERING PROGRESS

**Mfg. & Trad. Of :**
**Hydraulic Hoses**
**End Fittings**

- Hydraulic Hose, Pneumatic Hose
- SS Teflon Hose, SS Corrugate Hose
- Food Process Hose
- MS Fitting, SS Fitting & All Type of Fittings

VERTICAL
HOSE CRIMPING MACHINE



**MODEL : OMT – 210V**

| TECHNICAL PARAMETERS | |
|---|---|
| Capacity Hose Size (ID) | ¼" to 2" R2 |
| | 1.¼" R13 |
| Max. Opening (mm) | Die Size +24 |
| Work Head Through Bore | ϕ 120mm |
| Crimping Force (T) | 300 |
| Cycle Time | 45 Sec. Max. |
| Motor (HP) | 2 HP / 440V AC |
| Controls | Micro Meter |
| Dei Segments | ¼" to 2" (9 Nos.) |
| Master Die Shoe Length | 100 |
| Overall Dimension (WxLxH) | 720 x 450 x 1050mm |
| Weight (Approx.) | 250 Kg. |



**Hydraulic Assemblies** MADE IN MINUTES

15,Rajan Estate, Near Reliance Petrol Pump, Gondal Road, Rajkot-2. Email : omsantitradelink@gmail.com

**Fit Well Engineers offer Traub Collets, Button Collets, Diamond Collets, CNC Collet Chuck & Accessories**

Fit Well
*Collets & Accessories*






**AVAILABLE COLLETS & ACCESSORIES :**

- **TRAUB COLLETS (DL TYPE)**
  Model A-5, A-10, A-15, A-20, A-25
  A-30, A-32, A-42, A-60
- **OTHER COLLETS (DBX TYPE)**
  Model A-3, A-4, 1/4", 1/2", 3/4", 1"
- **TRAUB ACCESSORIES**
  Master Sleeve, Nose Cap, Finger Sleeve Roller etc...
- **CNC COLLET & ACCESSORIES**
  Chuck : A-25, A-42, A-60
  Bar Puller : 2.00 to 35.00 (Range)
  Baby Collet Chuck : ER-16, ER-20, ER-25

Jamanadas G. Sinroja
Bhupendra J. Sinroja
Manoj J. Sinroja

Tel. : +91 281 2367412
Cell : +91 94272 06889
+91 98251 96077
E-Mail : info@fitwellcollets.com
Web : www.fitwellcollets.com

Mfg.: *Fit Well* ENGINEERS


C.S VADGAMA
Mo.: 98252 22959
R.C VADGAMA
MONARCH
CHANDRESH
ENGINEERS
GAJJAR
INSTRUMENT
All kind of Dies, Bearing Cages, Machineary Keys
C.N.C. Wire Cut, Spark Erosion Job & Press Tools Components
Plot No 3-11/2, Dev Industrial Estate, B/h Gorwa Water Tank,
Nr. Golden Polycab, Gorwa, Vadodara, 390 016 (Gujarat.) Mo. 80000 22959
email : chandreshengg@gmail.com


HAPPY
Diwali
Jignesh Enterprise
Specialist in : Plywood, Laminate, Veneer & Timber
Shop No. 2 & 3, Shreeji Shopping Centre, M. G. road, Near G.H. High School,
Borivali(E), Mumbai-400 066. Mob : 98699 07232 / 99698 06896



શિક્ષણને ભારત કેન્દ્રિત બનાવવાનું આ એક અનોખો અને અદ્ભુત પ્રયાસ છે. સૌથી અગત્યની વાત ભારત માટે ભારતનું શિક્ષણ આવશે જે વિદ્યાઓ અને કલાઓ લુપ્ત થઇ ગઇ તેમને પુર્નજીવિત કરવાની યોજનાથી સકારાત્મક અને સર્જનાત્મક વર્ગ તૈયાર થશે.

ભારતને શકિતશાળી બનાવવા, વિકાસની નવી ઉંચાઇ પર લઇ જવા, ભારતના નાગરિકને સશકત બનાવવા વધુમ્ર વધુ તકો પુરી પાડવા માટે આ શિક્ષણનીતિમ્ર ખાસ ભાર આપવામાં આવ્યો છે. આપણા વિદ્યાર્થી વૈશ્વિક માનવ બને પણ પોતાના મુળ સાથે પણ જોડાયેલા રહે.

બાળકના શારીરિક, બૌદ્ધિક, ભાવનાત્મક સામાજિક અને નૈતિક વિકાસ સાથે ભારતીય સંસ્કૃતિ ભારતીય પરંપરાઓ વારસો અને મુલ્યોને અનુરૂપ પ્રણાલી બનાવવાનો આ એક પ્રયાસ છે.

નાલંદા અને તક્ષશીલા જેવા ગૌરવશાળી ઇતિહાસ આધુનિક સ્વરૂપે ઉભા કરવા વૈશ્વિક સ્તરે આત્મવિશ્વાસ પેદા કરતા શિક્ષણ ઉપલબ્ધ કરવાનું રહેશે.

પરીક્ષા લક્ષી, ડીગ્રીલક્ષી અને ગુણલક્ષી ગોખણપટ્ટીને બદલે કૌશલ્ય અને સર્વાંગણ વિકાસ માટેના વિષયોને મહત્વ આપવામાં આવ્યું છે.

શિક્ષણમાં ત્રણ બાબતો મહત્વની છે. (૧) સ્કીલ (૨) એકટીવીટી (૩) પ્રેકટીકલ આ ત્રણેનું ધ્યાનમાં રાખીને આ નવી પ્રણાલીનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્યાર સુધીનું શિક્ષણ માળખું ૧૦ + ૨ અને ધોરણ ૧૨ સુધીનું હતું તેની જગ્યાએ નવી શિક્ષણનીતિમાં ૫+૩+૩+૪ અને કુલ ૧૫ વર્ષનું માળખું બનશે.

આ નવી શિક્ષણનીતિ ૨૦૨૦નું નિર્માણ કાર્ય માટે ૩ વર્ષથી ચિંતન અને વિચારો કરીને તેનો આખેલ તૈયાર કરવામાં આવ્યો છે. આ આલેખનો વિસ્તૃત અભ્યાસ કરી તેને સમજવા માટે સમગ્ર શિક્ષણ જગત, વાલીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓને આ નવી શિક્ષણનીતિમાં શું ફેરફાર થયા છે ? ભાવિ શિક્ષણ પ્રક્રિયા કેવી હશે તે સમજવું અત્યંત જરૂરી છે.

શિક્ષણના તમામ નિર્ણયો સ્વતંત્ર રીતે લઇ શકાય તેવી તમામ પ્રકારની વ્યવસ્થા ગોઠવવાનો પ્રયાસ છે. તેથી જ કહી શકાય કે જો આ નીતિ યોગ્ય રીતે લાગુ કરવાની રણનીતિ ઘડાય તો ધર્મનો વિજય થશે અને ભારત વિશ્વગુરૂના સથાને પહોંચવાનો સમય નજદીક આવી ગયો છે એમ કહી શકાય.


**દિપાવલીની હાર્દિક શુભકામનાઓ...**



**હિંમતભાઇ પી. આહલપરા**
(રંઘોળા વાળા) સુરત કતારગામ

**ડાયમંડ મેન્યુફેકચરીંગ**
**મો. ૯૮૨૫૬ ૭૮૩૧૧**


# અનોખી દિવાળી



ચાલો આપણે અનોખી દિવાળી ઉજવીએ,
વ્યસન મુકીને સ્વાસ્થ્યના દીવા પ્રગટાવીએ,
માળીયા કર્યા સાફ, ફેકટરીથી કાઢીયા ભંગાર,
આજે ચુનાના ડબ્બા પણ ફેંકી દવ,
ચાલો આપણે અનોખી દિવાળી ઉજવીએ,
બે મિનિટ મોજ કરવા, આખું વર્ષ ઉધરસ ખાધી,
મારે પણ બચવું છે ને પરિવારને બચાવો છે,
ચાલો આપણે અનોખી દિવાળી ઉજવીએ,
વ્યસન માટે જે પૈસા વાપરતો હતો
એ પૈસાની સારવાર માટે ભેટ સોગાદો લાવવી છે,
ચાલો આપણે અનોખી દિવાળી ઉજવીએ.
દેણા મારે ચૂકવીને પાછું માન મેળવવું છે
પરિવાર માટે હીરો બનીને, મારે દીકરીને ભણવા બેસાડવી છે,
ચાલો આપણે અનોખી દિવાળી ઉજવીએ.
ઘી અને ચોખાની બાધા મારે નથી લેવી,
મારે બીજા પાંચને વ્યસન મુકત કરવા છે,
ચાલો આપણે અનોખી દિવાળી ઉજવીએ.
બીજાને ઉપદેશ દેતા પહેલા મારે,
ખુદ પાલન કરવું છે,
વ્યસન છોડાવવાનું કામ, મારે વહાલી દિકરીઓને સોંપવું છે,
ચાલો આપણે અનોખી દિવાળી ઉજવીએ.

**- મનિષા સાંકડેચા, જામનગર.**

# કોરોના વચ્ચે દિવાળી



ફરી આવી દિવાળી સ્વજનોની હૂંફમાં,
હું શોધું તને એ દિવાળી આ કોરોનાની ફૂંકમાં.
રહેશે આ તો જંજાળ, શીખી જા તું માનવી,
ઉદાસી ભરેલ આંખોમાં લઇ આવ ખુશીની છાજવી.
ગમગીની અને કહેરને દૂર કરી આમ-તેમ,
ચાલો જગાવી એક રોશની દિપકની જેમ.
રંગોળી, મીઠાઇ, નાસ્તા, પીકનીક ખોવાઇ ગયા,
ન થા હતાશ, આ દિવસો પણ જાશે, ઉગશે દુનિયા.
સળગાવો વાયરસના દાનવ અને કાળની પાળી,
થાશે એક સવાર, લાગણી સાથે ઉગશે જિંદગીની દિવાળી.
શીખવવા પાઠ માનવને કરે કુદરત પરીક્ષા,
નથી આ એમ જ, છે આ કર્મોની સમીક્ષા.
ઉગતા સૂરજની સાથે ટેવાયો બાળક, સેનિટાઇઝર, માસ્કથી,
ફોડો ફટાકડા નફરતના, ભગાવો કોરોના નાસથી.
માધ્યમ છે મોબાઇલ, સંગાથ માટે સ્વજનનો,
આ દિવાળી પણ જાશે, લઇ ઝપાયો અંધકારનો.
ફરી આવી દિવાળી, સ્વજનોની હૂંફમાં
હું શોધું તને એ દિવાળી, કોરોનાની ફૂંકમાં.

**- હેતલ ગજ્જર**

આવ્યો રૂડો અવસર આપણો,
આ દિપ ઉજાગર કરીએ પ્રેમનો...

ટીમટીમ કરતાં તારા જેવો,
ચમકતાં દિવડે જ્યોત ફેલાવતો.

સહુ આંગણા અગણિત શોભાવતો,
કિલકારી કરતો સુંદર મનોહર દિપાવલીનો...

ગણેશ, લક્ષ્મી, દુર્ગા માઁ સહ પગલા પાડતો,
ગલગોટા અને આસોપાલવ કેરાં તોરણે શોભતો

આસો મહિને ઘરોમાં ઉજાસ ફેલાવતો,
વિધ વિધ પકવાનો, મિઠાઈઓ, કરાવતો.

રંગબેરંગી રંગોળી રચીને ઊજવીએ,
આ શુભ મંગલ ઘડી !! રળિયામણી...

માટી કેરાં કોડિયે મધુર સુવાસ ફેલાવીએ,
કાયમ એક થઈ બધાં હૈયા ધબકાવીએ...

શુભ મંગલ સકલ વિશ્વ રહે સદા હસતું,
નિત નિત એવી ભાવના અજમાવીએ.

**- હીના સિનરોજા 'મહેંદી'**

# તાન્કા

(૧)
અરીસા ઘણા
પ્રતિબિંબ એક જ
હું કોને શોધું ?
મારા મનને ખોળું !
તારી યાદો જિંદગી.

(૨)
આ સમજણ
વાદળની અજબ
આપે બધુ જ,
આપે વર્ષાની લાણી
ધરાની પ્યાસ જાણી.

**- અંકિત બોરાણીયા**

# જીવવા જેવું લાગે છે.

પ્રભુ એ દીધેલું આ જીવન
મને જીવવા જેવું લાગે છે..
દુઃખ આવે કે સુખ બધુંય
માણવા જેવું લાગે છે..

જુના મિત્રો મળે કદીક તો,
હૃદય ઠાલવવા જેવું લાગે છે..
હરખાય ગયેલી આ આંખોનેય,
બે ઘડી વેહવા જેવું લાગે છે..

વાર તહેવારે સગાસંબધીઓને,
મળવા જેવું લાગે છે..
નિભાવી જવાબદારી સંસારની,
ફરજો બજાવવા જેવું લાગે છે..


જનમ્યા છીયે જે દેશ માં એનું,
ઋણ અદા કરવા જેવું લાગે છે..
શસ્ત્રો ન ઉપાડી શકીએ તો શું?
કલમ ઉપાડી લડવા જેવું લાગે છે..


ફસાયું છે દેશનું યુવાધન આજે,
ચરસ અફીણ ને ગાંજામા,
એ યુવાધન ને બરબાદી થી,
બચાવવા જેવું લાગે છે..

કારણ તો કંઈ ખાસ નથી,
બસ જીવવા જેવું લાગે છે..
જીવનની એકએક ક્ષણને હૃદયથી
માણવા જેવું લાગે છે..

પ્રભુ એ દીધેલું આ જીવન,
મને જીવવા જેવું લાગે..
દુઃખ આવે કે સુખ બધુંય
માણવા જેવું લાગે છે..

**- જ્યોતિ ગજ્જર, વડોદરા**





# ગઝલ

હૃદયને જીતો પ્રેમનાં શસ્ત્રથી,
મહેકે જીવન સદગુણો માત્રથી.

દગો ત્યાં થયો જ્યાં ભરોસો હતો,
હવે ચેતી ચાલું હું એ મિત્રથી.

વિવાદો જીવનમાં ઘણાં હોય છે,
ઉકેલું સમાધાનનાં શાસ્ત્રથી.

હિસાબો થશે પાપ ને પુણ્યનાં,
કરે છે પ્રભુ કર્મના તંત્રથી.

ભીતર આત્મબળ સંગ મહેનત કરો,
વરે છે સફળતા ખરા મંત્રથી.

ઠઠારો કર્યો જાત શણગારનો,
પરંતુ એ પરખાય ચારિત્રથી.

જીવનની સફર કંઈ ''શીતલ'' ના રહી,
મળ્યો છે વિસામો પ્રભુ સ્તોત્રથી.

---

છો મરદ આફતને અવસરમાં તું પલટાવી શકે.
જીવ ના ખાબોચિયાનો, મોજું છો ઉછળી શકે.

મા ના હાથે રોટલો મીઠો બહુ લાગે મને,
કોળિયોનો સ્વાદએ પીઝામાં ના ચાખી શકે.

ચપટીમાં તો ફેરવી દે, જિંદગીની એ દશા
રાખતા ઈશ્વર વહીવટ, શ્વાસ થંભાવી શકે.

થઈ ગયા સિમેન્ટના વન, લીલી ધરતી ક્યાં હવે?
આંગણમાં ચકલી માળો ક્યાંથી એ બાંધી શકે.

શબ્દથી પરખાય છે ''શીતલ'' દર્દની ઊંડાઈને,
બસ જખમ રૂઝાય ના તો, પ્રેમથી ઢાંકી શકે.

**- શીતલ ભાડેશીયા, રાજકોટ**

વિશ્વકર્મા વિશ્વ
દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૦

# રામચંદ્ર કહ ગયે સીયાસે

• પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી

હાશ ! દિવાળીની સાફસફાઈનું કામકાજ તો પૂરું થયું. મેં નેપકીનથી હાથ લુછતા લુછતા કિચનમાંથી બહાર આવીને ડ્રોઈંગરૂમની સોફાચેર પર ગોઠવાતા ત્યાં બેસીને મોબાઈલમાં માથું નાખીને સોફામાં બેઠેલા મારા પતિદેવ જીતુને કહ્યું.

શું વાત કરે છે, દિવાળીનું કામ આટલું જલદી પતી ગયું ? બરાબર યાદ કર કંઈક તો સાફ કરવાનું બાકી રહી જ ગયું હશે. જીતુએ માથું ઊંચક્યા વિના મોબાઈલમાં ક્રિકેટની ગેમ રમતા રમતા મને કહ્યું.

હા, ઠીક યાદ આવ્યું, હજી એક ચીજ સાફ કરવાની બાકી છે, યાદ કરાવવા બદલ થેંક્યું, હોં.

યુ આર મોસ્ટ વેલકમ. પણ એ તો કહે શું સાફ કરવાનું બાકી રહ્યું ?



તમારૂં પર્સ. મારા મોબાઈલમાં બીબા, વેસ્ટસાઈડ, ફેબ ઈન્ડિયા, બ્રાન્ડ ફેક્ટરી, રિલાયન્સ જ્વેલ્સ, ઝવેરી જ્વેલર્સ વગેરે વગેરેની ભારે ડિસ્કાઉન્ટ આપતી અનેક ઓફરોના એસએમએસ આવ્યા છે, એકાદ આંટો મારી આવું ?

અત્યારે કોવિડ–૧૯ ના અનલોક છતાં લોકડાઉન જેવા સમયમાં આપણે ક્યાંય બહાર ફરવા તો જઈ શકવાના નથી. કે નથી કોઈ સારા પ્રસંગમાં જવાનું. પછી કપડાં કે ઘરેણાં લેવાનો કોઈ મતલબ ખરો ?

હં...વાત તો તમારી સાચી છે. તો પછી બી.એમ.ડબલ્યુ કારવાળાના ઘણા મેસેજ આવ્યા છે, ટેસ્ટ ડ્રાઈવ માટે બોલાવું?

એ માટે તો માત્ર મારું પર્સ જ નહીં, મારું બેન્કબેલેન્સ પણ સાફ થઈ જશે અને તો પણ પૈસા ખૂટશે.

ઓહ ! તો પછી પ્રોપર્ટીવાળાના પણ એકાદ બે મેસેજ આવ્યા છે, એને તો ડીલીટ જ કરૂં, બરાબર ને ?

બરાબર, ઘર તો સાફ થઈ ગયું, હવે તારા મનમાંથી શોપિંગ નામના કીડાને પણ સાફ કરી નાખ.

અમે પતિ પત્ની ઉપર મુજબની મીઠી નોંક ઝોંક કરી રહ્યા હતા, ત્યાં જ ....

'લે લેતી જા ....લે લેતી જા..' અમારા પડોશી સતીશભાઈના ઘરમાંથી અવાજ સંભળાયા.

**'તને લાગે છે કે ગાંધીજીની આવૃત્તિ સમા એકવડીયા સતીશભાઈ, ચ્યવનપ્રાશની જાહેરખબરમાં આવતી હૃષ્ટપૃષ્ઠ મહિલા જેવા શીલાબહેનને મારી શકે ?' જીતુએ તાર્કિક દલીલ એટલે કે પોતાનો લોજિકલ પોઈન્ટ રજુ કર્યો.**

'આજે સતીશભાઈ બહુ ગુસ્સામાં લાગે છે, શીલાબહેનને મારી રહ્યા લાગે છે' મેં ઘભરાઈને જીતુને કહ્યું.

'તને લાગે છે કે ગાંધીજીની આવૃત્તિ સમા એકવડીયા સતીશભાઈ, ચ્યવનપ્રાશની જાહેરખબરમાં આવતી હ્રુષ્ટપૃષ્ઠ મહિલા જેવા શીલાબહેનને મારી શકે ?' જીતુએ તાર્કિક દલીલ એટલે કે પોતાનો લોજિકલ પોઈન્ટ રજુ કર્યો. એક તો જીતુ કોમર્સના ગ્રેજુએટ અને ઉપરથી સી.એ. પણ થયેલા એટલે તાર્કિક દલીલમાં તો હું એમને પહોંચી ન શકું, આ વાત હું બરાબર જાણું એટલે મોટેભાગે તો હું આવી વખતે ચુપ જ થઇ જાઉં. પણ જીતુની સાથે રહી રહીને મારું લોજીકલ માઈન્ડ પણ ક્યારેક કાર્યરત થઇ જતું અને મારું મોઢું ખુલી જતું. આ વખતે પણ એવું જ થયું. એટલે મેં જીતુની તાર્કિક દલીલના જવાબમાં કહ્યું,

ગાંધીજી પણ તો જોરજુલમ કરીને કસ્તુરબાની મરજી વિરુદ્ધ એમની પાસે ટોયલેટ સાફ કરાવતા જ હતા ને ?

'પોતે વધારે દલીલ કરશે તો આ ક્યાંક મારી પાસે જ ટોયલેટ તો નહિ સાફ કરાવે ને ?' એવા વિચારથી કે પછી રામ જાણે કેમ પણ જીતુ ચુપચાપ પોતાના કામમાં પરોવાઈ ગયા, અથવા એવો દેખાવ કર્યો. અને હું પણ મારા કાનને બહારના અવાજથી અલિપ્ત રહેવાનું સમજાવીને મારા વાંચનના કામમાં પરોવાઈ.

ત્યાં જ ફરીથી અને પહેલા કરતા પણ થોડા ઉંચા અવાજે સતીશભાઈના અવાજમાં, 'લે લેતી જા.. લે લેતી જા...' સંભળાયું. અમે બંનેએ એકબીજાની સામે સૂચક રીતે જોયું. શહેરી પરામાં રહેવાને કારણે પડોશીના જીવનમાં ક્યારેય દખલગીરી નહીં કરવાનો અમારા બંનેનો વણલખ્યો નિયમ હતો. પણ આજે મને વળી દયા ઉપજી એટલે મેં જીતુને વિંનતી કરી, 'તમે જરા જુઓ તો ખરા, પ્લીઝ, સતીશભાઈને સમજાવો અને શીલાબહેનને બચાઓ.'

આ દુનિયામાં ભાગ્યે જ કોઈ પતિ એવો હશે કે જે પત્નીની આગ્રહભરી વિનંતી, એટલે આમ તો આજ્ઞા જ ગણાય, એને લાંબો સમય સુધી ટાળી શકે. જીતુ પરાણે સતીશભાઈની મદદે જવા તૈયાર થયા. 'તું પણ મારી સાથે ચાલ, કદાચ શીલાબહેનને તારી મદદની જરૂર પડે.' જીતુએ કહ્યું. મને લાગ્યું કે પાડોશીને સમજાવવામાં અત્યારે જીતુને મારી મદદની જરૂર છે, એટલે હું એમની સાથે જવા તૈયાર થઇ. હું જરા કપડાં બદલી લઉં ? મેં મારા સાધારણ કપડા તરફ નજર નાખતા કહ્યું. 'અરે ! આપણે પડોશમાં પતિપત્ની વચ્ચે સમાધાન કરાવવા જવાનું છે, કોઈ ટીવી સિરીયલના શુટિંગમાં નથી જવાનું.' જીતુએ કહ્યું. તોપણ મેં મારા વસ્ત્રો પર અને આડા તેડા થયેલા મારા વાળ પર જરા હાથ તો ફેરવી જ લીધો.

અમે બંને પડોશીના ઘરે પહોંચ્યા. ઘરનો દરવાજો અધૂકડો ઢાંકેલો હતો, શિષ્ટાચાર ખાતર અમે બારણે ટકોરા મારીને પછી ઘરમાં દાખલ થયા. અને અમે જે જોયું તેનાથી અમને આશ્ચર્ય થયું. શીલાબહેન તો એકદમ સહીસલામત હતા, એમના એક હાથમાં વેલણ અને બીજા હાથમાં સાણસી હતા, એમના મોં પર ગુસ્સો હતો, અને સતીશભાઈના હાથે ઉઝરડા થયા હતા, એમના ઝભ્ભાનું ખીસું ઉખડી ગયું હતું, અને માથે નાનકડું ઢીમણું ઉપસી આવ્યું હતું. અમને જોઇને બંને પતિપત્ની ખાસિયાણા પડી ગયા, 'હું જરા ઝભ્ભો બદલીને આવું' કહીને સતીશભાઈ એમના બેડરૂમમા સરકી ગયા અને શીલાબહેન 'ગેસ પર દાળ ઉકાળવા મૂકી છે, જરા કડછી હલાવતી આવું' એમ કહીને રસોડામાં જતા રહ્યા. 'હવે આપણે શું કરવું ?' ની અવઢવમાં અમે એકબીજાની સામે જોયું, અને પછી ઘરે પાછા ફરવાનું મુનાસીબ માન્યું.

**જીતુએ કહ્યું. તોપણ મેં મારા વસ્ત્રો પર અને આડા તેડા થયેલા મારા વાળ પર જરા હાથ તો ફેરવી જ લીધો. અમે બંને પડોશીના ઘરે પહોંચ્યા. ઘરનો દરવાજો અધૂકડો ઢાંકેલો હતો, શિષ્ટાચાર ખાતર અમે બારણે ટકોરા મારીને પછી ઘરમાં દાખલ થયા. અને અમે જે જોયું તેનાથી અમને આશ્ચર્ય થયું.**

પછી એકવાર સતીશભાઈ અમારા ઘરે છાપું લેવા આવ્યા, અમે બંને જણ ચા પી રહ્યા હતા, સતીશભાઈને મારા હાથની મસાલા ચા ભાવતી હતી એટલે મેં એમને પણ ચા પીવાની ઓફર કરી. એ બેઠા ત્યારે જીતુએ 'લે લેતી જા...' બનાવ વિષે પૂછ્યું તો એમણે કહ્યું, 'યાર, હું પત્નીના હાથનો માર ખાઉં છું, એ વાત લોકો જાણે તો મારી આબરૂ શું રહે ? એટલે એ મને મારે ત્યારે હું 'લે લેતી જા...લે લેતી જા...' ના પોકાર કરું છું. 'સતીશભાઈ, આ તો સંસાર છે, ચાલ્યા કરે.' મેં એમનો ક્ષોભ ઓછો કરવા ચીલાચાલુ વાક્ય કહ્યું. તો એ બોલ્યા, 'હા, ભાભી. તમારી વાત સાચી છે. અમારે લડાઈ થાય ત્યારે એ મને વાસણો છુટ્ટા મારે, હું નિશાન ચૂકવી દઉં તો હું ખુશ થાઉં, અને નિશાન બરાબર લાગે તો એ ખુશ થાય. આમ વારાફરતી અમે બંને ખુશ રહીએ, સમજ્યા ?'

'ગંવાર...શુદ્ર... પશુ... ઔર નારી, સબ તાડનકે અધિકારી...' એટલે કે 'ગમાર, નીચી જાતનો માણસ, પશુ અને નારી ...આ બધા માર ખાવાને લાયક છે' આવું આપણા ધર્મગ્રંથોમાં કહેવાયું છે, એમ મેં ક્યાંક વાંચ્યું હતું. આ ઉપરાંત મેં એવું પણ વાંચેલું કે 'બુધે નાર પાંસરી' મતલબ કે સ્ત્રીને માર મારવાથી જ એ સીધી ચાલે. આવું બધું વાંચવાથી મારો નારીજીવ કોચવાતો. મને તો – ' કિસ્સો કેવો સરસ મઝાનો છે, બેઉં વ્યક્તિ સુખી

થયાનો છે. પલ્લું તારી તરફ નમ્યાનો તને; મુજને આનંદ ઊંચે ગયાનો છે ! એ શ્રી મુકુલ ચોકસીના મુક્તક જેવું મુક્ત મજાનું દામ્પત્ય જીવન ગમે. પણ આપણને ગમતું બધું ક્યાં થાય છે ? તે છતાં જેમ જેમ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું, તેમ તેમ જૂની માન્યતાઓ છેક જડમૂળથી ગઈ તો નહીં પણ બદલાઈ છે જરૂર એનો મને આનંદ છે.

આ વાત આજે મને એટલા માટે યાદ આવી કે, ભારતમાં 'ડોમેસ્ટિક વાયોલન્સ' ના કાયદા હેઠળ પત્નીને મારતા પતિને સારી એવી સજા થાય છે, તે છતાં પત્ની પતિના હાથનો માર ખાય, એવી ફરિયાદો સામાન્ય થઈ ગઈ છે. પણ 'પતિને મારનારી મહિલાઓ પણ ઓછી નથી' એવા નવાઈ ભરેલા સમાચાર થોડા સમય પહેલા દિવ્યભાસ્કર નામના અખબારમાં મેં વાંચ્યા. હું મારામારીની તરફેણમાં નથી તે છતાં સમાજમાં આવું બેલેન્સ હોય એ મને આવકાર્ય લાગ્યું. મને આ વાંચીને એક જોક યાદ આવી : 'તમે આટલા લોહીલુહાણ હાલતમાં છો, ચાલો તમને ઘરે મૂકી જાઉં' એક વ્યક્તિને ઘાયલ દશામાં રસ્તા પર જતી જોઇને રાહદારીને દયા આવવાથી એણે કહ્યું. 'ઘરેથી જ ચાલ્યો આવું છું, તમને બહુ દયા આવતી હોય તો કોઈ ડોક્ટરને ત્યાં લઇ જાવ' વ્યક્તિએ રાહદારીને કહ્યું.

જોકની વાત જવા દઈએ અને છાપાના સમાચાર 'પતિને મારનારી મહિલાઓ પણ ઓછી નથી' એ સમાચાર પ્રત્યે ધ્યાન આપીએ. આવું ને આવું જો વધારે સમય ચાલ્યું તો એ દિવસ દુર નથી જ્યારે નીચે મુજબનો બનાવ બનશે.

**મધ્ય પ્રદેશની જ વાત છે. ભોપાલમાં પોલીસ ફરિયાદ અનુસાર દર મહીને ૧૩ મહિલાઓ પોતાના પતિને ફટકારે છે.**

–માયા, આપણા તન્મય માટે જે છોકરી તન્વીનું માંગુ આવ્યું છે. એ એમ.બી.એ. થયેલી છે, મલ્ટીનેશનલ કંપનીમાં ઉંચી પોસ્ટ પર જોબ કરે છે, વર્ષે ૧૮ લાખનો પગાર મેળવે છે, સોનામાં સુગંધ જેવી વાત તો એ છે કે તન્વી દેખાવડી છે, સારા કુટુંબમાંથી આવે છે, અને એના માબાપની એકની એક દીકરી છે. દીવો લઈને શોધવા જઈએ તોપણ આવી છોકરી આપણી નાતમાં બીજી મળે નહીં. વળી તન્વીનો ફોટો તન્મયને પસંદ પણ આવ્યો છે. સારા કામમાં સો વિઘ્ન આવે, એટલે તન્મયને પૂછીને તન્વીને ક્યારે મળવાનું ગોઠવવું છે તે નક્કી જ કરી દઈએ.પતિ મયંકે કહ્યું.

ડેડ, તન્વી ક્યાં રહે છે ? તન્મયે પૂછ્યું.

ઇન્દોર રહે છે.

ઇન્દોર ? એમ. પી. વાળું ઇન્દોર ?

હા જ તો. ભારતમાં ઇન્દોર વળી કેટલા છે ? એમ.પી. વાળું ઇન્દોર જ.

મારે તન્વી સાથે લગ્ન નથી કરવા.

અરે પણ એને મળ્યા વિના, વાતચીત કર્યા વિના આમ અચાનક ના પાડવાનું કંઈ કારણ ? તન્વી દેખાવડી છે, આટલું ભણેલી છે, સારા કુટુંબમાંથી છે, બધી રીતે તને લાયક છે.

એ સર્વગુણસંપન્ન હોય તો પણ મારે એની સાથે લગ્ન નથી કરવા, એટલે નથી કરવા. એન્ડ ધેટ ઈઝ ફાઈનલ.

તેં એના વિશે કંઈ ખરાબ વાત જાણી કે વાંચી, બેટા ?

ના, પણ ઇન્દોર વિષે જે વાંચ્યું, એ જાણ્યા પછી તમે બંને પણ ફરીથી વિચારતા થઇ જશો.

અચ્છા, એવા તે શું સમાચાર છે, અમને જણાવીશ ? માયાએ પૂછ્યું.

મધ્ય પ્રદેશની જ વાત છે. ભોપાલમાં પોલીસ ફરિયાદ અનુસાર દર મહીને ૧૩ મહિલાઓ પોતાના પતિને ફટકારે છે. ઇન્દોરમાં ચાર મહિનામાં બાવન (પચાસ વત્તા બે) પતિદેવો પત્નીની મારપીટનો ભોગ બન્યા. એવા તો કેટલાય પતિદેવો હશે જે પત્નીના ડરના કારણે પોલીસ ફરિયાદ નહીં નોંધાવતા હશે, એટલે આ આંકડો હજી પણ વધવાની શક્યતા છે. તન્મય બોલ્યો.

પત્ની મારતી નહીં હોય, પણ ડારતી હોય તો એવા કેસમાં ફરિયાદ નોંધાવી શકાય કે નહીં ? મયંક હસીને બોલ્યો.

મયંક, તમે વચ્ચે ન બોલોને, પ્લીઝ. તન્મય, તું ઇન્દોરની શું વાત કહેતો હતો ? માયાએ પૂછ્યું.

મમ્મી, અત્યાર સુધી 'ડોમેસ્ટિક વાયોલન્સ' ની વાત આવે તો આપણને પતિનો માર ખાતી પત્ની જ યાદ આવે છે, પણ મધ્યપ્રદેશમાં પત્નીના હાથનો માર ખાતા પુરુષોના કિસ્સા એટલી હદે વધી ગયા છે કે, 'ડાયલ ૧૦૦' ટીમે 'બીટિંગ હસબંડ ઈવેન્ટ' ની નવી કેટેગરી તૈયાર કરવી પડી છે.

હાય હાય, આ તે કેવો કળિયુગ કહેવાય ? છોકરીઓની આટલી બધી હિંમત ? અને છોકરાઓ આટલા બધા બાયલા ?

માયા, હવે રામચંદ્રવાળો સતયુગ નથી રહ્યો, આ કળિયુગમાં તો કંઈ પણ અશક્ય નથી. તેં પેલું ભજન તો સાંભળ્યું જ હશે ને, 'હે રામચંદ્ર કહ ગયે સીયાસે, ઐસા કલિયુગ આયેગા, હંસ ચુગેગા દાન દુનકા કૌઆ મોતી ખાયેગા.'

હા રે હા. હવે તો એ કળિયુગ આવી જ ગયો છે, જેમાં હંસના બદલે કાગડા મોતી ખાય. માયા બોલી.

અને પત્નીના બદલે પતિ માર ખાય. મયંક બોલ્યો અને ત્રણે જણ હસી પડ્યા.

# પ્લેટફોર્મ નંબર-૯

● મીરા ખારેચા(મોરબી)

સવારે નવેક વાગ્યે મોરબી બસ સ્ટેશને મુસાફરોની પાંખી હાજરી જણાતી હતી.કોરોનાએ દુનિયાનું સંપૂર્ણ ચિત્ર બદલી નાખ્યું છે. દોડતી દુનિયાને જાણે સ્થિર કરી દીધી છે. એક વાઈરસના ખૌફને લીધે લોકો કામ વગર બસમાં મુસાફરી કરવાનું ટાળી રહ્યા છે. એક બાંકડા પર સાવ ગરીબ જણાતો માણસ પોતાના ચીંથરેહાલ પોટલા સાથે બસની રાહ જોઈ રહ્યો હતો. થોડે દૂર એક છોકરો પોતાના ઘરડા દાદીમાને પાણી પાતો હતો. એક ઊંચો, પાતળો યુવાન ઉતાવળે પ્લેટફોર્મ નંબર નવ પર આવ્યો. આમતેમ ફરતી તેની નજર ફોન પર વાત કરતા અન્ય એક યુવક પર સ્થિર થઈ.

‘‘એક્સક્યૂઝ મી..! હળવદ જતી બસ હવે આવશે ને...? તેણે એની સાવ નજીક જઇને પૂછ્યું. પેલા યુવાને વાત બંધ કરી ફોન બેગમાં મૂકી પૃચ્છા કરનાર તરફ જોયું અને જવાબમાં માત્ર ડોકું ધુણાવ્યું.



‘‘હું અભિનવ દેસાઇ..મૂળ અમદાવાદનો મારા માટે અજાણ્યા એવા હળવદ તાલુકા પંચાયતમાં કલાર્કની નોકરી મળી છે એટલે બસ વિશે પૂછ્યું. આજે મારો નોકરીનો પહેલો દિવસ છે...ને તમે ?

‘‘મારું નામ શરદ શેખાવત...હળવદમાં જીઇબીમાં દસ વર્ષથી નોકરી છે અને મોરબીથી રોજ અપડાઉન કરું છું.’’ પોતાના માસ્ક સરખો કરતા શરદ બોલ્યો.

બંને વચ્ચેની ઔપચારિકતા પૂર્ણ થઇ એવામાં બસ આવી. બંને બસમાં ચડ્યા અને સોશ્યિલ ડીસ્ટન્સ જાળવી વચ્ચે એક સીટ છોડીને બેઠા. ત્યાં જ શરદ ફોન પર વાતે વળગ્યો. ‘‘હા..રે...બસમાં બેસી ગયો..સમયસર જમી લઇશ...બા, તમે ચિંતા ન કરો.’’ થોડીવાર વાતો કરી એણે ફોન મૂક્યો.

**બેગમાંથી સેનીટાઇઝરની બોટલ કાઢી હાથ સાફ કર્યા ને અભિનવને પણ આપ્યું. સંતાન ગમે તેટલા મોટા થાય, મા માટે તો એ નાના જ રહે, કેમ સાચું ને અભિનવ ? તમારા મમ્મી પણ આટલી જ ચિંતા કરતા હશે ને ?**

બેગમાંથી સેનીટાઇઝરની બોટલ કાઢી હાથ સાફ કર્યા ને અભિનવને પણ આપ્યું. સંતાન ગમે તેટલા મોટા થાય, મા માટે તો એ નાના જ રહે, કેમ સાચું ને અભિનવ ? તમારા મમ્મી પણ આટલી જ ચિંતા કરતા હશે ને ? અભિનવે હસીને હા કહી. ત્યાં જ ફરી શરદ કાને ફોન રાખી વાતોમાં મશગૂલ થઇ ગયો.

’’હા ડિયર..હું હાથ સેનીટાઇઝ કર્યા કરું છું...ડોન્ટ વરી..પહોંચીને ફોન કરું...ઓકે...’’

’’તમારા વાઇફ...રાઇટ?’’

પ્રત્યુત્તરમાં શરદ હસ્યો,’’પરિવારની ચિંતા હોય એ સ્વાભાવિક છે, પરંતુ આ કોરોના તો અહી આપણને ને ઘરે ઘરવાળાને ચિંતિત કરી મૂકે છે. કોણ જાણે ક્યારે જશે ? દરેકના મનમાં ડર

વ્યાપેલો છે. આપણે તો પૂરી કાળજી રાખીને પણ અન્ય કોઇ ન રાખે તો શું કરવાનું ? શું એનું પરિણામ પણ આપણે ભોગવવાનું ?''

''એકદમ સાચું...''કહી અભિનવ આગાળ કશું બોલે તે પહેલા જ શરદની ફોન પર વાતો શરૂ...'' હા! બેટા હું આજે વહેલો આવી જઇશ, પ્રોમિસ બસ...

તું ત્યાં સુધીમાં તારા ઓનલાઇન ક્લાસ પૂરા કરી લેજે...'' અભિનવના મનમાં શરદ પ્રત્યે ઘડીભર મીઠી ઈર્ષા જાગી ઉઠી. પોતાના પ્રેમાળ પરિવારમાં પણ મમ્મી, પપ્પા, ભાઇ, ભાભી અને ભત્રીજો હતા. પરંતુ શરદ જેવું નહીં.

''આ હતી મારી વ્હલી દિકરી, મહા મુશ્કેલીએ હું ઘરમાંથી બહાર નીકળી શકું... એ જવા જ ન દે. સોરી, તમારી સાથે હું વધુ વાત ન કરી શક્યો. પરંતુ સાંજે આ બસમાં જ આપણે પાછા મોરબી જઇશું ને ખૂબ વાતો કરીશું ઓકે..''આ મુજબ વાત થતાં હળવદ આવ્યું ને બંને છૂટા પડયા..

અભિનવનો પૂરો દિવસ નવી ઓફિસ, નવા સહકર્મચારીઓ સાથે વીતી ગયો. સાંજે પાંચ વાગ્યે હળવદ બસ સ્ટેશને એ બસની રાહ જોતો ઉભો હતો. તેની નજર શરદને શોધતી હતી પણ ક્યાંય દેખાયો નહી. તેણે આપેલા નંબર પર ફોન કર્યો તો ફોન બંધ બતાવતો હતો. આખરે સવા પાંચે બસ આવી ને તે ચડયો.

**અભિનવને તેમની ફોન પરની વાતચિત યાદ આવી. ઘડીવાર એ વિચારમાં ડૂબી ગયો. આઘાત કોઇ માણસને આટલી હદે હચમચાવી દે એવું તેણે જીવનમાં પ્રથમવાર જોયું હતું.**

સવારની જ બસના કંડકટર તેને જરા વિચિત્ર નજરે તાકી રહ્યા. એ અન્ય મુસાફરોને ટિકિટ આપી એક સીટ છોડીને અભિનવ પાસે બેઠા ને વાત શરૂ કરી. '' પેલા સવારવાળા શરદભાઇને શોધો છો ને ? ''

'' હા, એ આગળની બસમાં જતા રહ્યા કે શું ?''

''એ જ વાત કરું છું. મે મહિનાની આ વાત છે. તમે આ બસમાં પહેલીવાર દેખાયા, હું સવારે જ તમને કહેવાનો હતો. જીઇબીમાં નોકરી કરનાર સાલસ ને મળતાવડા સ્વભાવના એ શરદભાઇને ક્યાંકથી કોરોના લાગું પડયો. એ રહે મોરબી પણ તેમની સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલવાળા લઇ ગયા.

સાથે સગા–સંબંધી, ફોન કંઇ ન નહીં. શું કરીએ આ રોગ જ એવો છે! અહી પાછળથી એવું બન્યું કે સાવચેતી માટે તેના બા, પત્ની અને દિકરીના કોરોના રિપોર્ટ કરવામાં આવ્યા ને ત્રણેય પોઝિટિવ. એ લોકોને પણ રાજકોટ લઇ ગયા. બધા એક જ જગ્યાએ, પણ એકબીજાથ દૂર હતા. પાંચેક દિવસમાં જ ઘરડા બા ઉંમરના મારને કારણે હિંમત હારી ગયા ને દેહ છોડયો. એમ પણ શરૂઆતમાં તો આ રોગનો ડર જ એવો હતો કે માણસ મનથી હારીને જ મરી જાય. કોઇને આસપાસ ફરકવા પણ ન દે તો માણસ એમ પણ ડરી જ જાય ને...! પછી શરદભાઇની દિકરી દસમા દિવસે આ દુનિયાને અલવિદા કહી ગઇ. એ તો એમના વિના રહેવા જ તૈયાર ન હતી પરંતુ કાળમુખા કોરોનાએ એ માસૂમને તેના પિતા પાસે અંત સમય સુધી પહોંચવા ન દીધી.

સૌથી વધુ આ રોગની અસર એમના પત્નીને હતી. એ પણ ઝઝૂમીને મોતને ભેટયા. એવું નથી કે આ રોગનો ભોગ બનનાર દરેક મૃત્યુ જ પામે પણ પરિવારથી જૂદા રહીને ક્યારેક માણસ ફુલની જેમ કરમાઇ જાય અને હિંમત હારી બેસે. શરદભાઇના પરિવારમાં પણ એવું જ થયું.''


'' પછી શરદભાઇ કઇ રીતે...?''

''શરદભાઇ તો આ સમગ્ર ઘટનાથી અજાણ હતા. હોસ્પિટલમાંથી રજા લેતા તેના એક મિત્રએ એમને બધી જાણ કરી. આ આઘાત એ વખતે તો એ સહન કરી ગયા. ઘરે પરત પણ ફર્યા પરંતુ સ્મશાનસમા ઘરે તેમના મનો–મસ્તિષ્કને ડામાડોળ કરી મૂકયા. મગજમાં એક જ વાત બેસી ગઇ કે પોતાના કારણે જ બધા સંક્રમિત થયા તે મૃત્યુ પામ્યા. બાહ્ય રીતે સ્વસ્થ દેખાતા શરદભાઇ આંતરિક રીતે ખલાસ થઇ ગયા. બીજા જ દિવસથી તે તૈયાર થઇ હંમેશાની માફક પ્લેટફોર્મ નંબર નવ પર જઇ બસમાં બેસી હળવદ જાય ને પછી શું કરે, કયારે પાછા આવે, કોઇને ખબર ન હોય. કયારેક બસમાં તમારી જેમ કોઇકને મળી જાય. વળી દિવસો સુધી ખોવાઇ જાય. તેમની કથળતી સ્થિતી જોઇને નોકરીમાંથી પણ બરતરફ કરવામાં આવ્યા છતાં એ બીજાને તો એમ જ વાત કરે જાણે પોતે પહેલાંની માફક નોકરી કરતા હોય અને સામાન્ય માણસની જેમ જીવતા હોય.સામેની વ્યક્તિ વિચારતી રહી જાય એ રીતે જ વર્તન કરે. અરે... ! પહેલાની માફક બંધ ફોનમાં પણ એ જ રીતે પોતાના ઘરના સભ્યો સાથે વાત કરે....કે આપણને સાચું જ લાગે.''

અભિનવને તેમની ફોન પરની વાતચિત યાદ આવી. ઘડીવાર એ વિચારમાં ડૂબી ગયો. આઘાત કોઇ માણસને આટલી હદે હચમચાવી દે એવું તેણે જીવનમાં પ્રથમવાર જોયું હતું. નાના અમથા વાઇરસે એક હસતા–ખેલતા પરિવારને ઉજ્જડ બનાવી દીધો હતો. શરદભાઇ વિશે હજુ વધુ જાણવું હતું, ત્યાં બસ મોરબી સ્ટેશને આવી ઊભી રહી. સૌથી છેલ્લે બસમાંથી નીચે ઉતર્યો. તેને શરદભાઇ સાથેની સવારની મુલાકાત યાદ આવી. કદાચ નજરે પડે એ આશાએ ચારેબાજુ નજર ફેરવી પરંતુ એ આશા પણ ઠગારી નીવડી. નજરે પડયું માત્ર એક બોર્ડ...જે અભિનવની ઠેકડી કરનું જાણે હસતું હતું... જેના પર લખ્યું હતું....'પ્લેટફોર્મ નંબર–૯'

# Economical Solutions for Precision Gear Grinding

Rupkala is proud to feature its New Hofler Rapid 800L Gear Grinder, offering the latest in form grinding technology. DIN class 4 accuracy capabilities, and on board gear inspection. Assuring to meet all design specifications



**Esternal Gears:**

Gear Diameter : 20-1000mm
Axial stroke : 1000mm
Helix angle : -45/+120deg
Module range : 1-35mm
Profile Depth : 80mm

**With over 55 years of experience, It's easy to see why industry leading manufacturers choose us as their #1 grinding source**

Rüpkala

**Rupkala Engineers Pvt Ltd.**
Plot G-1313, Road-1, Lodhika GIDC, Vill. - Metoda, Dist.:Rajkot-360021
Tel:+91-2827-287998, 287398, Fax: +91-2827-287899
Email: rupkala_ad1@sancharnet.in Website: www.rupkalaengineers.com

( AN ISO 9001-2008 CERTIFIED COMPNY )


**SURELIA**
**WIRE-CUT PVT. LTD**


# GHARANA
## ENTERPRISE

**PRECISION MACHINING ON**
- CNG wire EDM
- Vertical Machining Center
- CNC Turning Machine
- CNC EDM & Micro Drill

**WIRE-CUT : 2464826**
**SPARK EROSION : 2464599**
**TELE/FAX : 0281-2468332**

**MAHENDRA INDUSTRIAL COMPLEX**
Nr. Maharani Laxmibai School, Tagore Road, Rajkot 360 002
Email : sureliawire@yahoo.com | website : www.sureliawire.com


Dipak Khambhayta
9825715342
Hiren Khambhayta
9824215392
Gaurav Khambhayta
SWASTIK INDUSTRIAL PRODUCTS
Mfrs: Screws, Bolts & Rivets
Plot No 3334, Road No, B Near Mahavir(SMI) Circle
G.I.D.C., Phase-3, Dared, Jamnagar
E-mail : swastikip@rediffmail.com
Website : www.screwindia.com


Apex Engineers™
Mfg. of Plastic Extrusion Machineries
soft p.v.c. braided hose plant
soft p.v.c. hose plant
www.apexengineers.com


With Best Compliments From
KIRITBHAI GHORECHA
Mo.: 93741 17374 / 76220 17174
MAHESHBHAI GHORECHA
Mo.: 96874 84894
Mark's INDUSTRIES
MANUFACTURER : INVESTMENT CASTING DIE'S, MOULDING DIE'S, PATTERNS
1, RANI INDUSTRIAL AREA, PLOT NO. 11,
B/H. PARIN FURNITURE, N. H. 27, GONDAL ROAD, VAVDI,
RAJKOT-4 | E-Mail : marksindustries@hotmail.com


Silva®
Mfrs. All Types of Plastic Packaging Machines
Shrink Tunnel
Blister Forming
Twin Head Liquid Filling
Single Chamber Vaccum Packing
Automatic Pouch Packing
Powder Filling
Continue Bag Sealing
PACK-WELL ENTERPRISE
17-Bhaktinagar Station Plot, Godown Road,
Nr. Ambika Weigh Bridge, Rajkot-2
Ph. 0281-2462740, Mob. 98242 10321
E-mail : packwellenterprise@gmail.com
Website : www.pack-well.com

## Happy New Year

# GEM SANITARYWARE

## GEM SANITARYWARE

Manu. and Exporter of Fine sanitaryware
Chotila Road Nr. IOC Pump,
Thangdh 363 530
Gujarat ( India )
export@gemcera. com
www.gemcera. com

Reliance™ SANITARYWARES

# JAY REFRACTORIES

## MANU. OF SANITARYWARES

- CHOTILA ROAD,
THANGHDD 363 530
GUJARAT-INDIA

- Phone : (02751) 220171/220 271
Fax : +91-2751/220271
E-mail : jayref@gmail.com
Web : www.ceramicasindia.com

જતિનભાઈ ગજ્જર - મો. ૯૮૯૮૭ ૦૪૬૦૧
નિખિલભાઈ ગજ્જર - મો. ૯૮૯૮૩ ૧૪૧૫૯
ઓફિસ : ૮૪૮૮૮ ૮૭૭૪૩



- પ્લાયવુડ
- સનમાઈકા
- ફલશડોર
- બિડીંગ પટ્ટી
- ફેવિકોલ
- ફર્નીચર ફિટીંગ

# આકાશદિપ
## પ્લાય & હાર્ડવેર

શ્રી બાલાજી કોમ્પલેક્ષ, દુકાન નં. ૧,
રાજનગર ચોક, નાના મૌવા મેઈન રોડ, રાજકોટ-૪.
Email : akashdipply@gmail.com

નિખિલભાઈ ગજ્જર
મો. ૯૮૯૮૩ ૧૪૧૫૯

ઓર્ડર માટે : ૯૦ ૩૩ ૯૦ ૧૪ ૧૪
૯૦ ૫૪ ૦૧ ૨૬ ૧૨



: ડિસ્ટ્રીબ્યુટર્સ / સ્ટોકીસ્ટ ઓફ :

Silvano Laminates QUALITY SPEAKS ITSELF
IMPERIO LAMINATES
IMPREZA DECORATIVE LAMINATES
IMPERIO LAMINATES SLIM

# આકાશદિપ લેમીનેટ્સ

## સનમાઈકાના હોલસેલ વેપારી

ચંદ્રેશનગર મેઈન રોડ, આર્ય સ્કુલની બાજુમાં,
પાર્શ્વ હોસ્પિટલની બાજુમાં, રાજકોટ - ૪.
Email : akashdiplaminates@gmail.com

જયેશ એમ. વડગામા
તેજશ એમ. વડગામા
કિશન જે વડગામા

ૐ

મો. ૯૯૭૮૯૬૫૦૭૪
મો. ૯૯૭૪૦૯૧૩૧૬
મો. ૯૯૨૫૯૬૫૦૭૪

ACTIVE

મેન્યુફેક્ચર : ટર્બાઈન પંપ, પલ્વેરાઈઝર, નેઈલ મેકીંગ મશીન પાર્ટસ
1, Aarati Society, Dhebar Road South, Rajkot-2

Kishan J. Vadgama 99259 65074

ARTISAN
ENGINEERS

1, Arti Society, Dhebar Road (South), Rajkot.

શૈલેષ પી. ખંભાયતા
મો. ૯૮૨૪૨ ૧૬૧૨૨

॥ શ્રી વિશ્વકર્માય નમઃ ॥

રવિ
ગ્લાસ એન્ડ મેટલ

દરેક જાતના ગ્લાસ તથા
એલ્યુમીનીયમ સેકસનના વેપારી

કિષ્ના કોમ્પલેક્ષ - ૩, દુકાન નં.૫/૬, નાના મવા મેઈન રોડ, રાજનગર ચોક,
સૂર્યમુખી હનુમાનના મંદિરની બાજુમાં, રાજકોટ- ૪.

N.V. Panchashara
Cell : 099135 40304

Geeta
PATTERN WORKS

ALL KIND OF MACHINERY PATTERN
& SHELL MOULDING DIES

3, Patelnagar, 80 Feet Road, RAJKOT - 360 002.
Ph. : 0281-2364169
E-mail : geeta_pattern@yahoo.com

Piyush Sondagar Mo. 99799 18518
Mukesh Sondagar Mo. 88666 60058

Vishwakarma
.....Industries.....

Gondal Road, B/h. Rajkamal Petrol Pump,
Near Roger Motors, At. Kothariya Dist. Rajkot
Email : vishwkarma.industries3@gmail.com


## ૧૩મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. ઉષાબેન કૌશિકભાઈ ભારદિયા**

તા. ૨૩-૧૦-૨૦૦૭

અણમોલ ગુણોનું ધન, નિર્મલ એમનું મન.
સૌ સાથે સ્નેહ સંબંધ, ઉત્તમ હતું એમનું જીવન.
પ્રાર્થે સૌ એકી અવાજે, જીવન જીવ્યા અન્ય કાજે.
ખોટ પડી છે એમની આજે, સૌના હૃદયમાં બિરાજે

લી.

**કૌશિકભાઈ અમૃતલાલ ભારદિયા**
**સોહમ કૌશિકભાઈ ભારદિયા**
**હેમાલીબેન નિલેશકુમાર જોલાપરા(પુત્રી)**
**નિલેશકુમાર કેશવલાલ જોલાપરા (જમાઈ)**

विश्वकर्मा विश्व
દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૦

# જવાબદારી

• જ્યોતિ ગજ્જર, વડોદરા

ધનિક અને સંસ્કારી પરિવારમાં ઊછરેલી જીજ્ઞાસા મધ્યમ વર્ગના અખિલના પરિવારમાં દુધમાં સાકરની જેમ જ ભળી ગઈ. દિવસો અને પછી મહિનાઓ વીતતા ગયાં.

સમીસાંજ અને ઢળતો સુરજ, દુર ક્ષિતિજે સોનેરી પ્રકાશ રેલાયો હતો. બાઈક પર સવાર અખિલને જાણે સામે ક્ષિતિજ માંથી ધીમે ધીમે કોઈ ''પરી'' બહાર આવી રહી હોય એવું લાગ્યું. બાઈકને એકદમ ધીમું કરી એકી નજરે અખિલ એ ''પરી'' ને બહાર આવતી જોઈ રહ્યો.

પળવારમાં તો રૂપરૂપના અંબાર સમી એ ''પરી'' ધીમા ડગલે આગળ વધતી અખીલ પાસે આવીને ઊભી રહી. અને બોલી ''મારે રતનપુર જવું છે. અહીંથી કોઈ વાહન મળશે?''

સ્ટેચ્યુ થઈને ઊભેલા અખિલે જવાબ ન આપતા એ ફરી બોલી '' એય હેલ્લો, હું તમને પુછું છું. રતનપુર જવા અહીંથી કોઈ વાહન મળશે?''

એકદમ મોટા અવાજે પુછાયેલા પ્રશ્ન થી ''પરી'' ની સુંદરતાને નિહાળવામાં ખોવાઈ ગયેલો અખિલ એકદમ ચમકી ગયો. અને બોલ્યો ''સોરી મેડમ અત્યારે આ સમયે આ રસ્તે કોઈ વાહન મળવું મુશ્કેલ છે. એમ તો રતનપુર નજીક જ છે પણ ચાલતાં જશો તો થાકી જશો અને થોડીવારમાં અંધારૂં પણ થઈ જશે. તમને પ્રોબ્લેમ ન હોય તો હું પહોચાડી શકીશ, આમ પણ મારે એ બાજુ જ જવાનું છે. બાય ધ વે તમારૂં શુભનામ જાણી શકું?''



''જીજ્ઞાસા'' પરી બોલી.

''વાહ સરસ'' અખિલ બોલ્યો.

'' શું સરસ'' જીજ્ઞાસા બોલી.

''તમારૂં નામ'' અખિલે કહ્યું

''ઓહ થેંક્સ, પણ હવે મને જલ્દીથી રતનપુર પહોચાડી દેશો પ્લીઝ. મારી કાર પણ અહીંથી થોડેક પાછળ બંધ પડી છે. હજુ મારે કોઈ મિકેનિકની પણ વ્યવસ્થા કરવી પડશે.'' જીજ્ઞાસા બોલી

''હા હા ચાલો ફટાફટ પહોચાડી દઉં તમને'' જીજ્ઞાસાને બાઈક પર બેસાડીને અખિલ રતનપુરના રસ્તે રવાના થયો. વાતો વાતોમાં પ્રાથમિક પરિચય અને મોબાઈલ નંબર ની આપ લે પણ થઈ ગઈ.

થોડા દિવસો વિત્યા, જીજ્ઞાસા તો રૂટીન જીવન માં વ્યસ્ત થઈ ગઈ પરંતુ ક્ષિતિજમાંથી ધીમે ધીમે બહાર આવતી પરી જેવી જીજ્ઞાસાનો ચહેરો અખિલનો પીછો ન હોતો છોડતો. આખરે એક દિવસ અખિલે જીજ્ઞાસાને ફોન જોડીજ દીધો....

વાત થઈ,એકબીજા ના ખબર અંતર પુછાયા, મુલાકાત ગોઠવાઈ.

ધીમે ધીમે મુલાકાતો વધી, દોસ્તી થઈ.. દોસ્તી પ્રેમમાં પરીણમી અને સાચો પ્રેમ લગ્નમાં પરિણમ્યો..

અખિલ અને જીજ્ઞાસા પતિ પત્ની બની ગયા. બંનેનું સુખી લગ્ન જીવન શરૂ થયું.

ધનિક અને સંસ્કારી પરિવારમાં ઊછરેલી જીજ્ઞાસા મધ્યમ વર્ગના અખિલના પરિવારમાં દુધમાં સાકરની જેમ જ ભળી ગઈ.

દિવસો અને પછી મહિનાઓ વીતતા ગયાં. પતિ, સાસુ, સસરા અને દસમાં ધોરણમાં ભણતી નાનકડી નણંદ રાવી જોડે આનંદથી જીજ્ઞાસાના દિવસો પસાર થતા ગયા.

અખિલને મલ્ટીનેશનલ કંપનીમાં ઊંચી પોસ્ટ પર જોબ મળી ગઈ. અને પરિવાર ની ગણતરી મધ્યમવર્ગમાંથી ધનિક પરિવારમાં થવા લાગી. નાના ઘરમાંથી બંગલામાં શિફ્ટ થયા. બાઈકના બદલે લક્ઝુરિયસ કાર આવી ગઈ. સમાજમાં બધે અખિલની વાહવાહ થવા લાગી..

પણ પણ પણ....

આટલું બધું સુખ કુદરત ને ક્યાં મંજૂર હોય છે?

બે ત્રણ દિવસ ની રજાઓમાં પરિવાર સહિત ફરવા જવાનો પ્રોગ્રામ ગોઠવાયો. સરદાર સરોવર ફરવા ગયેલા આ પરિવારની કાર ફરી ને પાછા વળતા કેનાલમાં ખાબકી. જેમતેમ કરીને કારનો દરવાજો ખોલીને જીજ્ઞાસા અને રાવી બહાર આવ્યા. ત્યાં ભેગી થયેલી મેદનીમાંથી અમુક સ્ત્રીઓએ પોતાની સાડી લટકાવીને લોકો એ બંનેને ઉપર ખેંચી લીધા.પણ અખિલ અને એના માતા પિતાને ન બચાવી શકાયા. એ લોકો કારમાંથી બહાર ન નીકળી શક્યા. કારની સાથે જ ત્રણેય જણા પાણીના વહેણમાં તણાઇ ગયા.

**બીજા દિવસે ઘનિષ્ઠ શોધખોળ પછી કાર સાથે જ અખિલ અને તેના માતાપિતાની લાશ મળી. અને જીજ્ઞાસાનો સુખી પરિવાર વેરવિખેર થઈ ગયો.**

બીજા દિવસે ઘનિષ્ઠ શોધખોળ પછી કાર સાથે જ અખિલ અને તેના માતાપિતાની લાશ મળી. અને જીજ્ઞાસાનો સુખી પરિવાર વેરવિખેર થઈ ગયો. દુઃખમાં ડુબેલી જીજ્ઞાસા ને દિલાસો આપવા વાળુય કોઈ નહોતું ને ઉપરથી માબાપ વગર રોતી કકળતી નાનકડી રાવી..

રીતરિવાજો પ્રમાણે મૃત્યુ પછીની વિધિઓ પતી. કુટુંબના વડીલો થોડા દિવસ રહી પોતપોતાના ઘરે પાછા ફરી રૂટીન જીવનમાં વ્યસ્ત થઈ ગયા. અને જીજ્ઞાસાને નણંદ રાવી બંને એકલા..

હવે મજબૂત બનવાનો વારો જીજ્ઞાસાનો હતો. વેરવિખેર જીંદગીની સાથે રાવીને પણ સંભાળવાની હતી.

થોડા દિવસો વિત્યા. જીજ્ઞાસાના ધનિક માતાપિતા જીજ્ઞાસાને પોતાના ઘરે તેડી જવા આવ્યા.

જીજ્ઞાસાના મમ્મી બોલ્યા ''ચાલ બેટા હવે આપણા ઘરે પાછી ચાલ. આવડી મોટી જીંદગી છે તું એકલી કેમ પસાર કરીશ? આખો સમાજ કહે છે કે દિકરીને પિયર તેડી આવો. અને ક્યાક સારું ઠેકાણું જોઈને એને વળાવો. અમે પણ તને આમ નથી જોઈ શકતા બેટા.''

જીજ્ઞાસાએ કોઈ જ જવાબ ન આપ્યો.

ત્યાં તો એના પપ્પા બોલ્યા ''બેટા આ સમાજ દિકરી વહુઓને એકલા રહેવા જેવો નથી. તારે અમારી સાથે આવવું જ પડશે. તને આવી દુખી હાલતમાં મારાથી નથી જોવાતી.''

આંખોમાં આંસુ સાથે જીજ્ઞાસા પોતાના બેડરૂમમાં જતી રહી....

થોડીવાર પછી સફેદ સાડીના બદલે રૂટીન સલવાર કમીઝ, કપાળમાં ચાંદલો અને છેલ્લે અખિલે પોતાના હાથે અપાવેલી બંગડીઓ પહેરીને મક્કમ મનોબળ સાથે બહાર આવીને બોલી ''પપ્પા જે અખિલને મે પ્રેમ કર્યો તો એ ખાલી એના શરીર પુરતો સીમીત નહોતો. મે એના આત્માને, એના પરિવારને પ્રેમ કર્યો તો. આજે એ જતો રહ્યો તો શું થયું? એનો આત્મા હજી આ ઘરમાં, મારામાં અને આ નાનકડી રાવી મા જીવે છે.

હું રાવી ને છોડીને નહી જ આવી શકું. દસમાં ધોરણમાં ભણતી રાવીને ભણાવી ગણાવીને ડોક્ટર બનાવવાનું સપનું હતું મારા અખિલનું. એ હવે હું પુરુ કરીશ ત્યારે જ મારા અખિલનાં આત્માને શાંતિ મળશે.

આજથી રાવી જ્યાં સુધી ડોક્ટર નહીં બને ત્યાં સુધી મારી આંખમાંથી આંસુનું એકપણ ટીપું નહિ પડે. તમે શાંતિથી ઘેર પાછા જાઓ. તમારી મજબૂત દિકરીને એની જવાબદારી નિભાવવા દો.

બીજા દિવસે સવારે ઘરે જવા નીકળેલા જીજ્ઞાસાના માતાપિતા, પોતાના દુઃખોને ભુલીને જવાબદારી નિભાવતી દિકરીને ગર્વથી ગળે વળગાળીને ઘરે જવા રવાના થયા.

Pramod Sanklecha
M. : 99246 35541
M. : 94295 62241
Ratan Industries
All Kind of Precision Job work in CNC
All Kind of Camshaft Specialization
Opp. Krishna Park, Maldhari Railway Cross,
Somnath Industry area-5, Street No 3, Plot No 54, Kothariya, Rajkot.
Email : pramodsanklecha@yahoo.in web : www.ratanindustries.in

# સવારની ભૂલેલી

• ભાવિન કથેચા

**અરે મેમસાબ, અમે રહયા નીચા કુળવાળા. અમારા સમાજમાં પતિને પીવાની આદત બહુ હોય. હું આખો દિવસ પારકા કામ કરું એને બેઠા બેઠા પીવા જોઇએ. કોઇકવાર એવું પણ બને કે મારી પાસે રૂપિયા ન હોય ત્યારે...**

આ વખતે તો હું કોઇનું કંઇ સાંભળવાની જ નથી ભાઇ. આ જ તો તડને ફડ કરીને જ પરીમલને કહી દીધું કે તમારે હવે આજ ફેંસલો કરવો પડશે. કાં તો હું અને કાં તો તમારી માં ! એમ બોલી તેની બે બેગ સાથે ભુમી બેડરૂમમાં ચાલી ગઇ. કમલ અને સ્નેહા વિસ્મયતાથી એકબીજા સામે જોઇ રહયાં.

આજ ભુમી આવ્યાને ત્રણ દિવસ થઇ ગયા કમલ, તમે પરીમલ સાથે વાત કરી ? સ્નેહા બોલી.



હા, કાલે સવારે જ પરીમલ સાથે વાત થઇ હતી. દિવસે ને દિવસે ભુમીનો સ્વભાવ જીદ્દી અને ચીડિયો થતો જાય છે. ત્રણ દિવસ પહેલા જ ભુમિને રંજનબહેન સાથે મનદુઃખ થયું હતું. રંજનબહેનનું પરીમલ તરફ વધુ લગાવ હોય તેવું ભુમિને સતત લાગી આવે છે.

આપણી ત્રણ પેઢીએ દિકરીની ખોટ હતી. મારા જન્મ પછી સાત વર્ષે ભુમીનો જન્મ થયો જાણે કે સાક્ષાત લક્ષ્મીજી અવતર્યા, ભુમિના જન્મ પછી ઘરની પરિસ્થિતિ બદલાઇ પપ્પાની નામી દુકાનમાંથી થ્રી સ્ટાર હોટેલ શરૂ થઇ. ભુમિનો પડતો બોલ જીલી લેવામાં આવતો તેના લગ્ન પણ તેની સાથે કોલેજમાં ભણતા પરીમલ સાથે કરવામાં આવ્યા. મમ્મી-પપ્પા હરિદ્વાર જતાં અકસ્માતમાં મૃત્યુ પામ્યા ત્યારથી આપણે તેને નાની બહેન નહીં પરંતુ દિકરી તરીકે જ રાખી છે હવે તું જ ભુમિને સજાવજે, સ્નેહા.

ભુમી ટી.વી.જોઇ રહી હતી ત્યારે સ્નેહાએ કહયું જો ભુમી દરેક સ્ત્રીને એક ઘરથી બીજે ઘરમાં આવી પરિસ્થિતિ અનુકુળતા થતા વાર લાગે છે. તારા ઘરે રસોઇ, કામકાજ, પહેરવા-ઓઢવા તથા બહાર આવવા જવામાં કોઇ બાંધછોડ નથી. પરીમલના પપ્પાનું યુવાનવયે જ અવસાન થતાં રંજનબહેને પારકા કામ કરી. સિલાઇ કામ કરી એકલા હાથે મોટો કર્યો અને ફેકટરીમાં જનરલ મેનેજરની પદવી સુધી પહોંચાડયો. આવી પરિસ્થિતિમાં પરીમલને એકલે હાથે મોટો કર્યો એટલે પરીમલ પોતાની માતાનું માન જળવાઇ રહે તેવું ઇચ્છે તેમાં કંઇ ખોટું નથી. ઘણીવાર તો પરીમલની પરિસ્થિતિ તમારા બન્ને વચ્ચે 'સુડી વચ્ચે સોપારી' જેવી થતી હશે. તું જ પરીમલની જગ્યાએ તને મુકી કલ્પના કરી જો.

ભુમીને લાગ્યું કે ભાભીની વાત કંઇ ખોટી તો નથી જ !

બપોર પછી કામે આવેલી સવિતાનું મોઢું ચડેલું લાગ્યું, અરે સવલી આ તારા ગાલ અને ગળામાં શેના નીશાન છે ?

અરે મેમસાબ, અમે રહયા નીચા કુળવાળા. અમારા સમાજમાં પતિને પીવાની આદત બહુ હોય. હું આખો દિવસ પારકા કામ કરું એને બેઠા બેઠા પીવા જોઇએ. કોઇકવાર એવું પણ બને કે મારી પાસે રૂપિયા ન હોય ત્યારે... પણ દિલનો બહુ સારો હો મેમસાબ.

**રવિન્દ્રનાથ ટાગોરજીએ ખરું કહ્યું છે કે પતિ-પત્ની એ વર્ષમાં થોડા દિવસો અલગ રહે તો બંનેને પ્રેમની કિંમત સમજાશે.**

વાહ સવલી વાહ ! આવી મારજુડ કરે તો પણ તું તેના વખાણ કરે છે.

ભુમીને લાગ્યું કે પરીમલ મને કેટલો પ્રેમ કરે છે. કદી મારવું તો ઠીક પણ ઉંચા અવાજે બોલ્યો પણ નથી મારી બધી ઈચ્છાઓ પુરી કરે છે. ભુમીને પપ્પાએ કહેલા શબ્દો યાદ આવ્યા. 'જો બેટા દુનિયામાં બધુ આપણી ઈચ્છા પ્રમાણે ન થાય, નહીંતર આપણા અને ભગવાનમાં શું ફરક રહે !

પપ્પા – મમ્મી જીવિત હતા ત્યારે પરીમલ તેમને કેવું માન આપતા. બને જણા તો પરીમલના વખાણ કરતા ન થાકતા. તે બંનેના મૃત્યુના આઘાતથી સૌથી વધુ તે જ રડયો હતો. કેટલો લાગણીશીલ છે. રવિન્દ્રનાથ ટાગોરજીએ ખરું કહ્યું છે કે પતિ–પત્ની એ વર્ષમાં થોડા દિવસો અલગ રહે તો બંનેને પ્રેમની કિંમત સમજાશે.

સાસુમાં એ પણ એવં કોઇ ખરાબ વર્તન મારી સાથે નથી કર્યું. ઘણીવાર નાની–મોટી બાબતોમાં તેમની સાથે મનદુ:ખ થઇ જાય છે. પછી તે પસ્તાય છે અને મોટા હોવા છતાં ઘણીવાર માફી માંગે છે. મારે મારી જીદને બહું ઉંચાઇએ ન લઇ જવી જોઇએ.

ભુમીને બેગ ભરતી જોઇ સ્નેહા બોલી અરે, ભુમી કયાં જવાની તૈયારી કરી રહી છે ?

મારા ઘરે.

હા, પણ આમ અચાનક ?

અચાનક જ આવી હતી ને ભાભી ખબર કર્યા વગર અને ત્યાં પણ ખબર કર્યા વગર જ પાછી જાઉં છું. ભુમી સ્નેહા ને ભેટી પડી.

થેન્કયુ ભાભી માં !

જોરજોરથી બેલ વાગતા પરીમલ બોલ્યો, અરે આવું છું. ધીરજ તો રાખો ખોલું છું. દરવાજો ખોલતા ફાટેલી આંખે સામે ઉભેલી ભુમીને જોઇ રહ્યો.

વર્લ્ડકપની ફાઇનલ મેચ જોતા હોય તેમ શું આંખો ફાડીને જોયા કરો છો ? બહાર જ ઉભી રાખશો કે પછી અંદરેય આવવા દેશો.

બેગ હોલમાં રાખી સામે ઉભેલા રંજનબહેનને પગે લાગતા બોલી મને માફ કરી દો માં. હવે આવી ભુલ કયારેય નહીં કરું. રંજનબહેન અને પરીમલ ભુમીમાં આવેલા પરિવર્તનથી ખુશ થયા. રંજનબહેન પુજારૂમમાં ચાલ્યા ગયા.

ભુમી પરીમલને જોરથી ભેટી પડી, ચારેય આંખોમાં લાગણીઓના અપાર પ્રેમના દરિયાઇ મોજા ઉછળી રહયાં.

# પરિચય

આજે શાળાના જુના વિદ્યાર્થીઓનો મિલન સમારંભ હતો બધા એકબીજાને જોઈને રાજીના રેડ થઈ ગયા હતા. બધામાં કેટકેટલો બદલાવ આવી ગયો હતો ! કુટુંબનો પ્રસંગ હોય અને ઘણાં વર્ષે મળ્યા હોય તેમ ''તું તો બહુ જાડો થઈ ગયો છે'' ''તું તો ઓળખાતો જ નથી'' ''તારા શરીરમાં કોઈ ફેરફાર નથી ભાભી ખાવા આપે છે કે નહીં! ''બસ બધા એકબીજાને પ્રશ્નો જ પૂછી રહ્યા હતા. હંસી મજાક થઈ રહી હતી.

ત્યારબાદ બધા સભાના સ્વરૂપમાં બેઠા. એક પછી એક પોતાનો પરિચય આપવા માંડ્યો, ''હું સર્જન છું, હું એન્જિનિયર બન્યો, હું પ્રોફેસર છું, હું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છું, સરકારમાં હું ક્લાસ વન ઓફિસર છું ,'' એમ બધાએ ''હું'' ''હું'' કરવા માંડ્યું ત્યારે એક વડીલ બોલી ઉઠ્યા ''હવે કોઈ '' મેં'' '' મેં'' વાળું તો કહો.

'' એટલે શું ?'' બધા એક સાથે બોલી ઉઠ્યા.

''મેં મારા બાળકને કેટલા નીતિના પાઠ ભણાવ્યા, મેં મારા માતા પિતાને કેવી રીતે સાચવ્યા, મેં મારા નાના ભાઈભાંડુ ને આગળ લાવવા કેટલા પ્રયત્ન કર્યા, મેં મારા કુટુંબને ટકાવી રાખવા કેટલાં કામો કર્યાં એ તો જણાવો. અને આ તો થઈ સકારાત્મક કામોની યાદી તમે કરેલાં નકારાત્મક કામોની પણ યાદી કરજો. જે પાસું વધે તે તમારો સાચો પરિચય.''

**- નટુભાઈ ગજજર**

# જલેબી ને બદલે પેંડા



• હસમુખ બોરાણીયા

આમ જુઓ તો મને હસવું આવે છે...(હસીને) કઇ વાતનું હસવું આવે છે ખબર છે ? તમને કયાં થી ખબર હોય ? હું દાદીમાં વાત કરું તો ખબર પડે ને ? સાંભળો...સાંભળો...મારા મહેશને ત્યાં દીકરીનો જન્મ થયો. અરે ! અરે ! તમે હસો નહીં. આમા હસવાની વાત જ નથી. હવે આવે છે હસવાની વાત–મને મહેશની વાત સાંભળીને હસવું આવ્યું હતું. મહેશ કહે, ‘‘મારે આખી સોસાયટીમાં પેંડા વહેંચવા છે.’’ મેં કીધું, ‘‘ગાંડાભાઇ, દીકરી જન્મે તો જલેબી હોય. પેંડા તો દીકરો જન્મે તો અપાય.’’ મહેશ કહે : ‘‘મારે નવો ચીલો પાડવો છે.’’ આ જમાનામાં આપણું ચાલેય શું ? પછી ઘણા હસ્યા...બહુ હરખઘેલા તમે તો...એવુંય કીધું. પણ મહેશ મક્કમ હતો. મને કહે, ‘‘આપણા ઘરમાં એક નવા મે..મ્બ..ર ’’ સાલું અંગ્રેજી મને આવડે નહીં ને મહેશ આવું બોલે..કેમ સમજાય ! મેં પૂછ્યું, ‘‘મે...મ્બ...ર એટલે ? તો કહે,’’ સભ્ય...સાંભળો...એની ખુશીમાં પેંડા ? વાહ...આ જમાનામાં આપણું ચાલેય શું ?

ખરી વાત કહું તો મને ખીજ તો ત્યારે ચડી જ્યારે મારા ભાઇનો ફોન આવ્યો. મને કહે, ‘‘બહેન, હું રાજી થયો. મહેશને ઘેર દીકરી પધારી. ‘‘હ..અ..અ..અ...બહુ રાજી થવા વાળો ના જોયો હોય તે...આટલું બોલીને અટકી જાય ને તો વાંધો નહીં. વળી પાછો કહે, ‘‘આમે તમારા કુટુંબમાં દીકરી નથી ને ? એટલે મહેશની દીકરી લાડકી લાડ કરશે..લાડ...’’ હા...મારા વીરા.તારે બોલવું છે ને ? તો બોલ...ઘા ઉપર મીઠું ભભરાવ્ય ભાઇ...પાછો બીજા દિવસે ઝભલું લઇને આવ્યો...સાચું કહું તો મેં તો ઝભલાને હાથેય ના અડાડયો. દીકરીને રમાડવા માંડયો. દીકરીય વળી એની સામું જોઇને ઘુઘુવાટા કરવા માંડી...મને બહુના ગમે આવું...શેના હરખ ? શેના હરખ ? હા...આ બધું મગજમાં ધુમરાયા કરે. ચકરાવો ચડયો. જ્યાં જુઓ, સાંભળો ત્યાં દીકરી બચાવો, દીકરી વધાવો, દીકરી ભણાવો..બાપ રે ! મન કેમેય કરીને શાંત નો તું થાતું...થાય પણ કેમ ?

ત્યાં છે ને અમારા ગામના શિક્ષક મગનભાઇ મહેશને મળવા આવ્યા. એય રાજી થયા. મહેશને કહે, ‘‘ભાગ્યશાળી છો તો દીકરી પધારી...’’હું તો એક બાજુ બેસીને સાંભળતી હતી હો...પણ મગનભાઇની વાત સાંભળતી ગઇ... સાંભળતી ગઇ તે ચકરાવોદ થોડો શાંત થયો...મગનભાઇ બોલતા હતા, ’’પહેલા દીકરીઓ ભણીને શિક્ષિકા બનતી હતી હવે તો કંડક્ટર, પોલીસ, પાયલોટ, અધિકારી, વૈજ્ઞાનિક અને સેનામાં પણ ભરતી થાય છે. વાહ...દીકરોઓ ! પોલીસ અને સેનામાં તો હિંમત અને બહાદુરીની જરૂર પડે. દીકરોઓ બહાદુર બની ગઇ ! મગનભાઇ બોલતા હતા. માણસ માત્રમાં આવા ગુણ હોય જ છે...પ્લેટફોર્મ મળવું જોઇએ ‘‘...વળી પાછું અંગ્રજી...ત્યાં મારાથી પણ તક મળ છે. ’’ પછી તો દાખલા ઉપર દાખલા.દીકરીઓને તક મળી તો કયાં પહોંચી ! આ બધું સાંભળીને મન શાંત પડયું. ટાઢક થઇ. પછી તો મનેય યાદ આવ્યું એલા...એક વખતના આપણા વડાપ્રધાન ઈન્દિરાબેન પણ નેહરુજીના દીકરી જ હતાં ને ? એકની એક દીકરી..નામ રોશન કર્યું. અરે...એ વખતે શ્રીલંકામાં પણ વડાપ્રધાન સીરીમાવો ભંડાર નાયક હતા...એ પણ કોઇકની તો દીકરો જને ? હા...યાદ આવ્યું અને ઇંગ્લેન્ડમાં માર્ગરેટ થેચર એ પણ કોઇની તો દીકરી જ ને ? ખરું કેવાય હો....આખી દુનિયામાં એકસાથે ત્રણ દેશોમાં સ્ત્રીઓનું રાજ હતું ? સાચું કહું તો...સાચી વાત સાંભળીને મન શાંત થયું ને આવું સરસ યાદ આવ્યું. હવે મને બધું સમજાયું કે – મહેશ જલેબીને બંદલે પેંડા શું કામ વહેંચતો હતો ?

મેં કીધું, ‘‘ગાંડાભાઇ, દીકરી જન્મે તો જલેબી હોય. પેંડા તો દીકરો જન્મે તો અપાય.’’ મહેશ કહે : ‘‘મારે નવો ચીલો પાડવો છે.’’



**વિશ્વકર્મા વિશ્વ**
**દીપોત્સવી**
**વિશેષાંક-૨૦૨૦**

# વાહ...મોજ વાહ

**• અનિલભાઈ ખારેચા**

## ઈડિયટની અટારીએથી

મોજમા રહેવુ કોને ન ગમે ? આ દિવાળી આવતા નવી કાર,કપડા,શોપીંગ,ફર્નિચર, પ્રવાસના અનેક આયોજન કરીને ભુલકાઓથી લઇને મોટેરાઓ કોઇને કોઇ વાતે મોજમા જોવા મળતા હોય,પણ આ વખતે કોરોના કાળ વચ્ચે પણ દિવાળીમા મોજમા રહે તેનેજ કહેવાય વાહ મોજ વાહ ! આવીજ મોજ આજે બહેનોમા જોવા મળેછે! આ લોકડાઉનમા ચડ્ડા પહેરાવીને ઘરકામ મા તૈયાર કરેલા ''યોધ્ધાઓ'' કચરા પોતા નહી ફાવે તેવુ બહાનુ પણ હવે નથી બતાવી સક્તા!ઘરકામમા મદદ કરતા હોય તેવી ખુબ સેલ્ફીઓ વાયરલ કરી હોય તે હવે નડે ! તેવા નરબંકાઓને આજે નછુટકે કુદકા મારીને માળીયા પર ચડવુ પડ્યુછે, નહીતર ગૃહિણીઓને દિવાળી પર સાફસફાઇનુ એટલુ ભારણ હોયકે ચા માટે પણ કહેવુ હોય તોપહેલા તેનો મુડ પારખવો પડે, પછી હળવેથી કહેવુ પડે ડાર્લિંગ થાકીગઇ હોઇશ જરા....ચા બનાવી પીલે તો રિલેક્ષ થઇશ ને પછી તેના બહાને ચા મળે! તો દર વખતે દિવાળી પર જે પતિઓના બજેટના લિધે પ્રવાસના આયોજન ખોરવાઇ જતા આ વખતે કોરોનાને કારણે કેન્સલ થતા પતીઓ પણ મોજમા છે! મનોમન કોરોનાનો આભાર માની ગંભીર મુખમુદ્રા કરી કહે આ વખતે તો ફાઇનલ જ હતુ ને ફરવા જવાનુ, પણ ત્યા આ કોરોના નડ્યો હવે આવતી દિવાળીએ ! હોશિયાર સ્ટુડન્ટ તૈયારીઓમા વ્યસ્ત છે પણ એવા કેટલાય ઠોઠ નિશાળીયાઓને કોરોનાને બહાને સ્કુલમાંથી છુટી મળી તેથી તેઓ મોજમા છે ને સાથે ઓનલાઇનના બહાને પેરેન્ટ્સ પાસેથી નવો એન્ડ્રોઇડ મોબાઇલ મળ્યો તે લટકામા!ને પાછા બાળકોને ઓનલાઇન ક્લાસ એટેન્ડ કરતા જોઇ પેરેન્ટ્સ પણ મોજમા આવીજાય.



બાળપણ મા જે મોજ હોયછે તે અનેરી હોય છે. રડતુ બાળક એક ચોકલેટ જોઇ હસવા લાગે, ભમરડા, ગીલ્લીડંડા કે કબ્બડી જેવી રમત રમવાકે નદીએ ન્હાવા જવા મિત્રોનો સાદ પડે ને મોજ ના મોજા ઉછળતા!આજેતો ગીતો બનીગયા બેબીને ફલાણુ પિવડાવો બેબી મુડમા નથી! શાળા કાળ દરમિયાન લગભગ બધાએ નિર્દોષતા સાથે વધતાઓછા અંશે મોજ કરીજ હશે. વારંવાર શાળામા મારખાતો મારો મિત્ર ગીધો શાળાએ એક ગધેડો લાવેલો શિક્ષકે પુછ્યુ નાલાયક આ શું લાવ્યો ? તો પેલો કહે સાહેબ કાલે મને મારતી વખતે તમે કહેલને કે મે મોટા મોટા ગધેડાઓને

**હોશિયાર સ્ટુડન્ટ તૈયારીઓમા વ્યસ્ત છે પણ એવા કેટલાય ઠોઠ નિશાળીયાઓને કોરોનાને બહાને સ્કુલમાંથી છુટી મળી તેથી તેઓ મોજમા છે ને સાથે ઓનલાઇનના બહાને પેરેન્ટ્સ પાસેથી નવો એન્ડ્રોઇડ મોબાઇલ મળ્યો તે લટકામા!**



પણ સિધા દોરકરી સારા માણસ બનાવ્યાછે તે આને સારો માણસ કરીદોને મારા બાપાએ કહ્યુછે !અને તે દિવસે સાહેબે જે સર્જીકલસ્ટ્રાઇક ગીધાપર કરી તે જોઈને આખો કલાસ હસીને બેવળ વળી ગયેલ આવા નમુનાઓ કોઈપણ પરિસ્થિતિમા મોજમા રહી શકે!આજે નર્સરીમા એડમીશન માટે મોટી રકમ સાથે દોડાદોડી કરતા પેરેન્ટ્સ કયાથી મોજમા હોય? તે વખતે વાલીઓ ખાસ કેસમા મુદ્દત પડીહોય તોજ શાળાએ આવતા,ગીધાની વારંવાર ફરિયાદ થતી એક દિવસ અચાનક તેના પિતાજી શાળાએ આવ્યા શિક્ષકને થયુ જાગૃત વાલી લાગેછે ચાલો વાત કરૂ ત્યાતો બેજ મિનીટમા તે જતા રહ્યા શિક્ષકે ગીધાને પુછયુ કેમ જતા રહ્યા ? તેને કહ્યુ ઈતો હુ એના જોડા પહેરી આવેલો તે લેવા આવેલા! ત્યારે શિક્ષક પણ હસી પડેલા. મોજની વાત આવે એટલે અલગારી સંતો યાદ આવે તેને ભજન ની મોજ હોય તે આનંદ સંત ફકીર કરતાતે આધ્યાત્મિક મોજ હતી, આજે કોથળી પીને મોજ કરનાર બોલે મોજમા રેવુ તે માત્ર ભ્રામક ને વિનાશક મોજ હોઈ શકે.આજકાલ આવી મંદીમા પણ રાજકીય નેતાઓ પક્ષપલ્ટો કરીને મોજમા જોવા મળેજ છેને ?તો કોઈ ભવિષ્યના વડાપ્રધાન બનવાના સ્વપ્નો જોઈ કાલ્પનિક મોજમા રહેછે ને તેને લઈ કાર્યકર્તાઓ પણ મોજમા રહે ! જેમ પાકિસ્તાન વારંવાર યુધ્ધની વાતો કરી ત્યાની પબ્લીકને સામુહીક મોજ કરાવેજ છેને ?કોઈ કોઈતો મિડીયામા છવાઈ જવા વિવાદિત વાતો કરીને મોજમા રહેછે જે સુશાંત કેશમા આવા ઘણા મોજના પરપોટા જોવા મળેલ તો ઘણી ન્યુઝ ચેનલોના એંકરો ટીઆરપી વધારવા ડીબેટમા ઉભાથઈ હાથ લંબાવી એવા બરાડાપાડે આજ પુછતાહે..જાણે હમણા ટીવી બહાર હાથ નિકળી જશે પણ આ પણ એકજાતની આક્રમક મોજજ હોયછે તેમના માટે !

મહિલાઓને બહાર ખરીદીની મોજહોય જોકે આદિવાળી પર તે પણ શરતો સાથે માંડ શક્ય બન્યુ હશે. તો અમુક મારા પીડિત મિત્રો ઘર બહાર નિકળતાજ મોજમા આવીજાય જાણે સિંહ પાંજરા બહાર નિકળીયો હોય.એક મિત્રને અચાનક ખુબ મોજમા જોઈ મે પુછ્યુ શુ આજે ભાભી આવતા લાગેછે પિયરથી કેશુ? મને કહેના આજે જવાની છે! વિચિત્રતાતો જુઓ ઘણી સ્ત્રીઓ બીજી સ્ત્રીની નિંદા કરી મોજમા આવે તો ઘણા પુરૂષો બીજી સ્ત્રીના વખાણ કરીને ! બંનેમા મોજ તોછેજ !અમારી સોયાયટીમા પુરૂષોતમ માસમા મંગુમા રોજ રાત્રે કથા વાચે પણ તેમની જીભ થોડી તોતડાય તેથી અમુક બહેનો મજાક કરે આથી મંગુમા એક વખત ચાલુ કથાએ ક્રોધિત થઈ બોલ્યા આ ઠઠા મશ્કરી કરોછો તે મારૂ નહી ઈશ્વરનુ અપમાનછે તેનો કોપ ઉતરશેતો બધા અંધ થઈ જશો વાર પણ નહી લાગે ને અચાનકજ બધાને દેખાતુ બંધ થયુ! મારા મિત્ર ગીધાની પત્ની રડતા બોલી બા માફ કરો અમને કંઈજ દેખાતુનથી ચો તરફ અંધકાર લાગેછે ત્યા કોઈ બહેન પાછળથી બોલ્યા એલી બધે લાઈટ ગઈછે આ મંગુને પણ નહી દેખાતુ હોય! ને બધા ખડખડાટ હસી પડ્યા. બસ આમજ આ મહામારી વચ્ચે ગમેતે પરિસ્થિતિમા સૌ હસતા રહો મોજમા રહો તમને જોઈ સામે વાળો પણ બોલવો જોઈએ

" વાહ મોજ વાહ " સૌને નવા વર્ષની શુભેચ્છાઓ.

# યુવા કલાકાર અનિલ ખારેચા



કોરોના મહામારી વચ્ચે વિશ્વકર્મા વિશ્વ પરિવારના કટાર લેખક મોરબીના યુવા લેખક, ગીતકાર અનિલભાઈ ખારેચાએ ઘણા ગીતો રચેલાછે જેની વારંવાર રાષ્ટ્રીય લેવલે નોંધ પણ લેવાય છે. હાલમાં જ કોરોનાથી બચવા શું કરવુ તે અંગેના સ્લોગનો બનાવેલ, સાથે કોરોના સામે લડતા યોધ્ધાઓ જેવા કે ડોકટરો ,પોલીસ નર્સિંગ સ્ટાફ માટે પણ એક ગીત ''યોધ્ધાઓ કે સંગમે'' બનાવેલ જે લાખો લોકો સુધી વાયરલ થયુ તો તાજેતરમાજ કશ્મીરમાથી ૩૭૦ હટાવાઈ તેને એક વર્ષ પુર્ણ થતા તેમને એક સુંદર દેશભકિત સભર શોર્ય ગીત ''અબ વિકાસ પથ પર જાયેંગે'' બનાવેલ જેની પીએમો દ્વારા ખાસ નોંધ લેવાઈ હતી. બાદમા તે ગીતને સ્વરબધ્ધ કરીને રજુઆત કરાઈ જેને દુરદર્શનની રાષ્ટ્રીય તથા પ્રાદેશિક ચેનલોમા દર્શાવવામા આવ્યુ હતુ.આ સમયમા તેમને સ્વામી વિવેકાનંદ તથા છત્રપતિ શિવાજી મહારાજ પર બે શોર્ટફીલ્મો પણ બનાવેલ જે સોશિયલ મીડિયામા ખુબ પ્રસિધ્ધિ પામેલ. રાષ્ટ્રભાવનાથી છલકતા આ યુવા લેખકને ચોતરફથી અભિનંદન મળેલ.આ તકે વિશ્વકર્મા વિશ્વ પણ ગૌરવની લાગણી અનુભવે છે અને આ કલાકારની કલાને બિરદાવેછે.

# દિવાળી સ્પેશ્યલ વાનગીઓ





● શુભદા ભટ્ટી

## મીઠાઈઓ :

### (૧) ગાજરના પેંડા :

**સામગ્રીઓ :**

- ખમણેલું ગાજર – ૧ કપ
- દુધ – ૧/૨ કપ
- ખાંડ – ૩ થી ૪ ચમચી
- મિલ્ક પાવડર – ૨ થી ૩ ચમચી
- ઘી – ૧ ચમચી
- કાજુ પાવડર – ૨ થી ૩ ચમચી
- પિસ્તાની કતરણ – ડેકોરેશન માટે
- ઈલાચી પાવડર – ૧ ચમચી

**બનાવવાની રીત :**

સૌ પ્રથમ ગાજરના ખમણને પેનમાં લો અને તેમાં ઘી ઉમેરીને ૧ થી ૨ મિનિટ સાંતળવું પછી તેમાં દૂધ ઉમેરવું અને ખમણને સોફ્ટ કરવું દુધમાં બરાબર ગાજર ચડી જાય. પછી તેમાં મિલ્ક પાવડર, કાજુ પાવડર એડ કરવો. જેનાથી બાઈન્ડીંગ આવશે અને મિશ્રણ કઠણ બનશે. હવે તેમાં ખાંડ ઉમેરીને સતત હલાવવું. આ મિશ્રણને એકદમ ભટ્ટ કરવું જેનાથી સરળતાથી પેંડા બની શકે. છેલ્લે મિશ્રણ ઘટ્ટ થાય એટલે તેમા ઈલાચી પાવડર ઉમેરીને બરાબર મિકસ કરી એક વાસણમાં કાઢી લેવું અને આ મિશ્રણને રૂમ ટેમ્પ્રેચર પર ઠંડુ કરવા દેવું. હાથ સહેજ ઘી વાળો કરીને તેમાંથી પેંડા બનાવવાનાનો બોલ બનાવી તેમાં વચ્ચેથી સહેજ પ્રેસ કરવું. આ રીતે પેંડાનો શેઈપ આપવો અને પિસ્તાની કતરણથી ગાર્નિશ કરવું.

### (૨) મલાઈ મગસ

**સામગ્રી :**

- ચણાનો કરકરો લોટ – ૧ કપ
- ખાંડ – ૧/૨ કપ
- ઘી – ૧/૨ કપ
- મલાઈ – ૨ ચમચી
- એલચી પાવડર – ૧ ચમચી
- કેસર તાંતણા – જરૂર પ્રમાણે
- બદામ–પિસ્તા કતરણ – ડેકોરેશન માટે

**બનાવવાની રીત :**

એક વાસણમાં ચણાનો લોટ અને ઘી ઉમેરો અને મીડિયમ ફ્લેમ પર લાઈટ ગુલાબી રંગનો થાય ત્યાં સુધી શેકવો. બીજા પેનમાં ખાંડ લો. અને ખાંડ ડૂબે તેટલું પાણી ઉમેરવું અને ખાંડ, ચીકાસ પડતી થાય ત્યાં સુધી હલાવવી.

ચણાના લોટના મિશ્રણમાં હવે મલાઈ, કેસર, એલચી પાવડર ઉમેરી મિકસ કરવું. હવે ગેસ બંધ કરીને તેમાં તૈયાર થયેલી ચાસણી ઉમેરીને બરાબર મિકસ કરવું.પછી એક બાઉલમાં કાઢીને તેને શીરાની જેમ જ સવ કરવો અને ઉપરથી બદામ–પિસ્તા કતરણ થી ડેકોરેશન કરવું.

### (૩)શીંગ બરફી



**સામગ્રી :**

- શીંગ – ૨ કપ
- મિલ્ક પાવડર – ૪ ચમચી
- ખાંડ – ૧ કપ
- ઘી – ૧ ચમચી
- ઈલાચી પાવડર – ૧ ચમચી

**બનાવવાની રીત :**

સૌપ્રથમ શીંગને શેકીને તેના ફોતરા કાઢી લેવા પછી મિક્સરમાં શીંગનો ભુકકો કરીને ચાળી લેવો જેના કારણે ટુકડા રહે નહીં. હવે એક પેનમાં ચાસણી માટે ખાંડ લેવી. અને ખાંડ ડૂબે તેટલું પાણી એડ કરીને ૧ તારથી થોડી ઓછી ચાસણી કરવી. ચાસણી તૈયાર થાય એટલે ગેસ બંધ કરીને તેમાં શીંગનો ભુકકો, મિલ્ક પાવડર, ઘી, ઈલાચી પાવડર ઉમેરો હવે ગેસ ચાલુ કરીને ધીમા ગેસે મિશ્રણને સતત હલાવવું અને ઘટ્ટ કરવું. મિશ્રણ ઘટ્ટ થાય પછી ઘી થી ગ્રીસ કરેલ થાળીમાં પાથરી દેવું અને રૂમ ટેમ્પ્રેચર પર ઠંડુ થવા દેવું. પછી તેને ચોરસ ટુકડામાં કટ કરી લેવા.

# હૃદયાંજલી



## સ્વ. વૈભવ તલસાણિયા

**(ચંદન વુડન વર્કસ)**

**સ્વ. તા. ૦૮/૦૯/૨૦૨૦**

રડી પડે છે આંખો અમારી જોઈ તસવીર તારી
અણધારી વિદાય સર્વના કાળજા કંપાવી ગઈ,
મન હજું માનતું નથી કે તું અમારી વચ્ચે નથી

**ગજજર સ્પોર્ટસ કલબ**
**જી.એચ.પી. ગ્રુપ**
**રાજકોટ.**

# RAJ LAXMI

FLUID POWER CREATIVES

## HI-TECH HYDRAULIC HOSE CRIMPING MACHINES

### HYDRAULIC, PNEUMATIC, HYDRO POWERED, AUTOMATIC, SEMI-AUTOMATIC, MANUAL 4MM TO UPTO 200MM

Model : RLC - 206
Hose Crimping Machine (Vertical)
Upto 2" Cap.



Hand Operated
HoseCrimping Machine
Upto 1" Cap.



Model :RLC - 208
Hose Crimping Machine (Horizontal)
Upto 4" Cap.



Model : RLC - 207
Hose Crimping Machine (Horizontal)
Up to 2" Cap.



Model: RLC -208
Hose Crimping Machine
Upto 2"
(Horizontal)
Automatic



Model: CH -215
Hose Crimping Machine
Upto 2"(Horizontal) Automatic



Low Pressure Motorised Hose Crimping Machine Upto 1"



Hand Operated
Low Pressure Hose Crimping Machine



Hose Skiving Machine



Hose Testing Machine



Hose Cutting Machine



Roll MarkingMachine



Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar :98250 14494

Manufacturer :

**RJ INDUSTRIES**

1 - Paresh Estate,
Opp. Jaynath Complex,
Makkam Chowk,Gondal Road,
Rajkot 360 002
Email : r.jgajjar78@gmail.com.
rjinds@yahoo.co.in

# ONE STOP SOLUTION FOR HYDRAULIC HOSES & FITTINGS

Authorised Distributor :
(Saurashtra & Kutch)

Gates USA

POWERING PROGRESS

Manufacturer :


**R.J INDUSTRIES**

THE WORLD'S MOST TRUSTED NAME IN HYDRAULICS HOSES AND FITTINGS

Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar : 98250 14494

1, Paresh Estate, Opp. Jaynath Complex, Makkam Chowk, Gondal Road, Rajkot 360 002. Email : r.jgajjar78@gmail.com / rjinds@yahoo.co.in





MANUFACTURE OF :
HYDROAULIC
HOSES END FITTINGS

Gates POW ERRING PROGRESS

HYDROAULIC HOSES, BELTS END FITTINGS

## PRESSURE OR RANGE, NO LIMITS....

- RUBBER BARIDED & SPIRAL HIGH PRESSURE HOSE
- AIR LESS PAINT SPRAY HOSE
- PNEUMATIC TOOL HOSE
- CEMENT GROUTING HOSE
- CHEMICAL HOSE
- WATER SUCTION/DISCHARGE HOSE
- PETROL DISPENSING HOSE
- MOBILE EQUIPMENT & EARTHMOVING HOSE
- OIL GAS ON OFF SHORE HOSE
- PVC BRATDED CLEAR HOSE
- JACK HOSE (MORE SAFE ECONOMICAL)
- TEFLON HIGH TEMPERATURE & PRESSURE HOSE
- STEAM HOSE
- HEAT RESISTANT CARBON FREE CABLE
- COOLANT HOSE
- ASBESTOS STANLESS STEEL CORRUGATED HOSE

FOR CATER PILLER, HITACHI, TEREX, JCB, POCLAN AND ALL TYPES OF EARTHMOVING MACHINERIES.
WE ALSO SUPPLY LOOSE HYDRAULIC HOSE & FITTINGS.


HEW
JAW CRUSHER
The Quality Products
Manufacturer of
STONE CRUSHER,
VIBRATING
SCREEN &
FABRICATED M/C.
Ramesh N. Kargathara : (M) 098257 09878
Hardik R. Kargathara : (M) 099791 53606
Darshan R. Kargathara : (M) 099091 75777
ASHIRWAD INDUSTRIES
Survey No. 207, Plot No. 3, Veraval-Shapar, Dist. Rajkot - 360 024 (Guj.) INDIA
Email : inds.ashirwad@gmail.com | Web : www.ashirwadindustries.in




દીપાવલી પર્વ નિમિત્તે
આપ સૌને
હાર્દિક શુભકામના

: શુભેચ્છક :

સુનિલ ગજ્જર - ૯૮૨૪૨ ૧૦૯૧૦
જીજ્ઞેશ સંચાણિયા - ૯૮૯૮૦ ૧૦૯૧૦

INNOVATIVE
mould works

**Unit - 1 :** Plot No. 72/2, Nr. Old tall Plaza, NH-8B Gondal Highway, Kothariya, Rajkot-04
**Unit - 2 :** Plot No. 56, Shreenathji Ind. Estate, Lothada, Inside Pardi Village NH-8B Gondal Highway, Rajkot-04

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2018-2020. Posted at Rajkot RMS on 10th of Every Month

